Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૫૫
તા.૧૦-૦૭-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ જેઠ વદ - ૧૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૨ સૂર્યાસ્ત : ૦૭:૨૮

તાપમાન
ડીસા ૩૮.૨ | વડોદરા ૩૨.૯
અમદાવાદ ૩૬.૧ | સુરત ૨૮.૬
ગાંધીનગર ૩૫.૦ | નલિયા ૩૪.૫

ચાંદી : ૪૦,૫૦૦ સોનું : ૩૧,૪૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

મુંબઈમાં આભ ફાટ્યું : પુર જેવી સ્થિતિ

કુર્લા, થાણે, અંધેરી, સાયન, માટુંગા, કલ્યાણમાં પુર જેવી સ્થિતિ : લાઇફલાઈન સમાન ગણાતી લોકલ ટ્રેન સેવાને માઠી અસર : ભારે અંધાધૂંધી સર્જાઈ : સ્કુલ અને કોલેજોમાં રજા : તંત્ર દ્વારા લોકોને ઘરમાં જ રહેવાની સલાહ

મુંબઈ

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં અતિભારે વરસાદના કારણે જનજીવન સતત ખોરવાઈ ગયું છે. મુંબઈની લાઈફ ભારે વરસાદના કારણે રોકાઈ ગઈ છે. સતત વરસાદના કારણે પુર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. ટ્રેન સેવા ખોરવાઈ ગઈ છે. વાહન વ્યવહાર ઠપ થઈ ગયું છે. સ્કુલ અને કોલેજોને બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. લોકલ ટ્રેન સેવા ખોરવાતા લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. મુંબઈ સિઝનના સૌથી ભારે વરસાદથી બેહાલ છે. બે દિવસથી વરસાદના કારણે શહેરના અનેક વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. માર્ગોથી લઈને ઓવરબ્રિજ અને કોમ્પ્લેક્ષ સંકુલોમાં પાણી ભરાઈ ગયા છે. રેલવે ટ્રેક ઉપર પણ પાણી ફરી વળ્યા છે. મુંબઈની લાઈફલાઈન સમાન ગણાતી લોકલ ટ્રેન સેવાની ગતિ બંધ જેવી થઈ ગઈ છે. મહારાષ્ટ્રના શિક્ષણમંત્રીએ સ્કુલ કોલેજોમાં રજાની જાહેરાત કરી દીધી છે. માર્ગો ઉપર પડેલા ભુવાઓના કારણે મુશ્કેલી સર્જાઈ રહી છે. આ ભુવાઓ જીવલેણ સાબિત થઈ રહ્યા છે. માર્ગ અકસ્માતમાં હાલમાં જ એક બાઈક ઉપર બેઠેલી મહિલાનું મોત થઈ ગયું છે. રસ્તા ઉપર પાણી નજરે પડે છે અને તે જ વખતે વિડિયોમાં બાઈક ઉછળે છે જેમાં મહિલાનું મોત થઈ જાય છે. આ વિડિયોથી ખળભળાટ મચી ગયો છે. કુર્લા અને નાળાસુપારા વિસ્તારમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાઈ ગયું છે. ટ્રેન સેવાઓએ ખોરવાઈ ગઈ છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, છેલ્લા ૨૪ કલાકમાં સાત ઈંચથી વધુ વરસાદ થયો છે. દહાણુમાં ૩૦૮ મીમી વરસાદ થયો છે. એકબાજુ માર્ગો પર પાણી ભરાઈ જવાના કારણે જનજીવન ખોરવાઈ પડ્યું છે.

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ જારી : ઉમરગામમાં વધુ છ ઇંચ

અમદાવાદ

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આજે સતત બીજા દિવસે પણ ભારે વરસાદ યથાવતરીતે જારી રહેતા જળબંબાકાર અને સર્વત્ર પાણી પાણી કરતી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. વલસાડ જિલ્લામાં ઉમરગામમાં ગઈકાલે ૧૪ ઈંચ જેટલો અતિ ભારે વરસાદ ખાબકયા બાદ આજે પણ મેઘરાજાએ ઉમરગામ સહિતના પંથકોમાં પાંચ થી છ ઈંચ જેટલો ભારે વરસાદ વરસાવ્યો હતો. જેને કારણે સ્થાનિક પ્રજાજોની હાલાકી અને મુશ્કેલીમાં ખૂબ વધારો નોંધાયો હતો. ઉમરગામ સહિતના પંથકોમાં ગઈકાલના વરસાદી પાણી ઉતર્યા ન હતા ત્યાં આજે ફરી પડેલા વરસાદને લઈ લોકો ભારે હાલાકીનો ભોગ બન્યા હતા. તો બીજીબાજુ, પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ સ્થાનિક તંત્ર, એનડીઆરએફ, પોલીસ, મેડિકલ અને રાહત-બચાવની ટીમોને અહીં ઉતારી દેવાઈ હતી અને ભારે અસરકારકતા સાથે કામે લગાડી દેવાઈ હતી. બીજી બાજુ, હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસમાં રાજયભરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે, જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે, જયારે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની શકયતા વ્યકત કરવામાં આવી છે.

વિચાર વૈભવ.

સૂકી જીવનલીલા

એક અપૂજ શિવાલય.

એ શિવાલયમાં જલાધારી ખરી પણ એમાં પાણી જ નહી.

શિવાલયની દીવાલોમાં તિરાડ અને તિરાડમાં સૂકું ઘાસ.

ઘુમ્મટ પરના નકશીકામમાં એકઠી થયેલી કબૂતરોની વિષ્ટા વરસાદ પડે ત્યારે ધોવાતી રહે છે. શિવાલયમાં ઘંટ ખરો પણ આસપાસના સૂનકાર આગળ ઘંટ પણ લાચાર. નદિ પર ચકલી બેસે તોય નદિ તો નહીં હાલે કે નહીં ચાલે.

જડ અને ચેતનની ભાઈબંધી.

મૌન અને શબ્દની જુગલજોડી.

ઘંટની ઝાલર પર કાબર બેસે છે પણ ઘંટનું મૌન તૂટતું નથી અને શિવનું મૌન છૂટતું નથી. શિવાલયમાં આવ- જા કરતા વાયરાને રવાડે ઘઢી ગયેલો ઘંટ કયારેક રણકી ઊઠે છે.

એક દિવસ વહેલી સવારે કોઈ રડચોખડચો ભકત બીલીપત્ર લઈને આવી પહોંચે છે અને જલધારીમાંથી ભીનાશ ટપકતી રહે છે. થોડીક અભિષિક્ત પળો માટે શિવાલયમાં અજ્ઞો જમાવીને પડેલો સૂનકાર ભીનો ભીનો બની રહે છે.

ગુણવંત શાહ

સાર સમાચાર...

તારક મહેતાના ઉલ્ટા ચશ્માના ડો.હંસરાજ હાથીનું નિધન

નવીદિલ્હી

ટીવીની સૌથી લોકપ્રિય કોમેડી સીરિયલ તારક મહેતાનો ઉલટા ચશ્મામાં લોકોને પોતાની શાનદાર અભિનયથી હંસાવનાર કવિ કુમાર આઝાદ હવે આપણી વચ્ચે રહ્યાં છે. આ ટીવી સીરિયલમાં તે ડો હંસરાજ હાથીની ભૂમિકા નિભાવી રહ્યાં હતાં. સૂત્રોના જણાવ્યા અનુસાર સોમવારે મહારાષ્ટ્રના મીરારોડ રોકહાર્ટ હોસ્પિટલમાં હાર્ટએટેક ના હુમલાથી નિધન થયુ હતું. કવિકુમાર ખુબ સમયથી નાના પડદાથી લઈ મોટા પડદા સુધી સક્રિય હતાં. કવિકુમારે આમિર ખાનની ફિલ્મ મેળા અને પરેશ રાવલની સાથે ફિલ્મ ફંટુશ જેવી અનેક ફિલ્મોમાં કામ કર્યું કવિકુમારની થયેલ નિધનની માહિતી આરજે આલોકે પોતાના સત્તાવાર ટ્વિટર એન્કાઉન્ટથી ટ્વીટ કરી હતી.તેમણે ટ્વીટમાં લખ્યુ મહારાષ્ટ્રના મીરા રોડ વોકહાર્ટ હોસ્પિટલમાં ડો હંસરાજ હાથીને હાર્ટએટેકથી નિધન થયુ હતું.

ગતકડું....

- દેવન વ્યાસ

ડોકટર કે વકિલ નહીં, મોટો થઈ હું નેતા બનીશ અને ભ્રષ્ટાચાર કરીશ ?

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

થરાદ એસ.ટી. ડેપોની લાલીયાવાડીથી વિફરેલા વિદ્યાર્થીઓએ ચક્કાજામ કરતાં ઉત્તેજનાનો માહોલ

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

વાવ તાલુકાના કુંભારખા,એટા,ભટાસણા જેવા છેવાડાના ગામોના વિદ્યાર્થીઓને એસ.ટી.બસ નહી ફાળવાતાં સોમવારે રોષે ભરાયેલા વાવ તાલુકાના વિદ્યાર્થીઓએ બસની અનિયમિતતાથી ડેપોના મુખ્યપ્રવેશ દ્વારે આડાશો

અનુસંધાન પાના નં.૬

એકાદ - બે દિવસમાં સમસ્યા દૂર થઈ જશે

વાવના તીર્થગામ પંથકના વિદ્યાર્થીઓને બસસેવાની મુશ્કેલી મામલે ટૂંકાગાળામાં બીજી વખત હોબાળો સર્જાયો છે.આ મામલે અમે ડેપોની કોઈ તૃટી હશે તો યોગ્ય પગલાં લઈશું. વિભાગીય કચેરીના અધિકારીઓને થરાદ ડેપોમાં મોકલી એકાદ-બે દિવસમાં જ સમસ્યાનો ઉકેલ લાવી દેવાશે.

- જયદીપભાઈ સોલંકી
વિભાગીય નિયામક,
એસ.ટી. - પાલનપુર

છાશવારે નર્મદા કેનાલોમાં પાણી બંધ થવાથી યાત્રાધામ ઢીમામાં પાણીની મુશ્કેલી સર્જાય છે

વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

બનાસકાંઠા જિલ્લાની સરહદે આવેલાં પવિત્ર યાત્રાધામ ઢીમામાં કેનાલોમાં પાણી બંધ કરવામાં આવતાં જ ગ્રામજનો પીવાનાં પાણી માટે આમતેમ વલખાં મારી રહ્યાં છે. નર્મદા કેનાલોમાં અવારનવાર પાણી બંધ કરવામાં આવે છે.લોકોને પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે.સુપ્રસિદ્ધ ઢીમામાં ૧૦૦૦૦ હજારની જનસંખ્યા છે.

અનુસંધાન પાના નં.૬

રાજ્ય સરકારની ગુલબાંગો વચ્ચે ઢીમામાં પાણીનાં વલખાં

પવિત્ર યાત્રાધામ ઢીમામાં દર પુનમે ભવ્ય લોકમેળો ભરાય છે.અને લાખ્યો યાત્રાળુઓની અવરજવર રહેતી હોય છે. ત્યારે ગ્રામજનો જ ઉપાડીને પીવાનું પાણી લાવતાં હોય છે.તો યાત્રાળુઓને પીવાનું પાણીની વ્યવસ્થા કચાંથી કરવી.વળી અહીયા આજદિન સુધી પીવાનાં પાણીની સમસ્યા દૂર કરવામાં આવતી નથી તેવું ગ્રામજનોએ જણાવ્યું હતું.

ઢીમામાં બે લાખ લીટરની ક્ષમતા ધરાવતાં ટાંકા અને સંપની માંગ

સુપ્રસિદ્ધ યાત્રાધામ ઢીમાની ઢીમા-માવસરી હાઈવે નજીકમાં તખતપુરાથી નવીન લાઈન નાખી ભવિષ્યમાં અહીયા બે લાખ લિટરનું મોટું ઓવરહેડ ટાંકુ, ભૂગર્ભ સંપ સહિતની કામગીરી હાથ ધરવામાં આવે તો કાયમી તો વળી અહીયા પણ બોરવેલ બનાવી ઢીમાનાં પટેલવાસ, વજીરવાસ, દરબારવાસમાં પીવાનાં પાણીની સમસ્યા હલ થશે.

ટ્વેન્ટી મેચમાં ઇંગ્લેન્ડ પર જીત સાથે ભારતની શ્રેણી જીત

બ્રિસ્ટલ

રોહિત શર્માની ત્રીજી ટ્વેન્ટી-૨૦ સદીની સહાયથી ભારતે ત્રીજી અને અંતિમ ટ્વેન્ટી-૨૦ મેચમાં ઈંગ્લેન્ડ પર સાત વિકેટે જીત મેળવીને શ્રેણીર-૧થી જીતી લીધી હતી. ભારતીય ટીમે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ ઈંગ્લેન્ડે નિર્ધારિત ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૯૮ રન કર્યાહતા. જેસન રોયે અડધી સદી કરી હતી. જવાબમાં ભારતીય ટીમે ૧૮.૪ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને જીતવા માટેના જરૂરી રન બનાવી લીધા હતા. શિખર ધવન પાંચ રન કરીને આઉટ થયો હતો. ત્યારબાદ રાહુલ ૧૯ રન કરીને આઉટ થય હતો. કોહલી આઉટ થયો ત્યારે ભારતને પાંચ ઓવરમાં ૪૮ રનની જરૂર હતી. હાર્દિક પંડ્યાએ ઝડપી બેટિંગ કરીને ભારતને જીત અપાવી હતી. તે પહેલા કાર્ડિફ ખાતે રમાયેલી ત્રણ ટ્વેન્ટી મેચોની શ્રેણીની બીજી મેચમાં ભારત પર યજમાન ઈંગ્લેન્ડે પાંચ વિકેટે જીત મેળવીને શ્રેણીમાં ૧-૧થી બરોબરી કરી હતી.

વડાલીમાં અજંપાભરી સ્થિતિ વચ્ચે લઘુમતિ યુવક યુવતી સાથે અન્ય રાજ્યમાંથી પકડાયાની ચર્ચા

નરેન્દ્રસિંહ રાઠોડ

પ્રતિનિધિ વડાલી

સાબરકાંઠા જિલ્લાના વડાલીમાંથી કથિત લવજેહાદ માટે હિન્દુ (જૈન) યુવતીને ભગાડી જનાર લઘુમતિ યુવક મનસુરી સાહિલ તેમજ યુવતીને એલ.સી.બી. દ્વારા પકડી પાડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવને લઈ સવારથીજ બજારો બંધ થઈ ગયા હતા. અને વડાલીમાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જિલ્લા એસ.પી. ડી.વાય.એસ.પી., પી.એસ.આઈ. તથા એસ. આર.પી. જવાનો દ્વારા ઠેરઠેર ચુસ્ત બંદોબસ્તનું નીરીક્ષણ એસ.પી. સતત વોચ રાખી રહ્યા છે. આ લવ જેહાદમાં પકડાયેલ યુવક યુવતીને ક્યારે વડાલી લાવવામાં

અનુસંધાન પાના નં.૬

નિર્ભયા કેસના આરોપીઓની મૃત્યુ દંડની સજા યથાવત રાખતી સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી

સમગ્ર દેશને હચમચાવી મુકનાર નિર્ભયા ગેંગરેપ અને મર્ડરના ચર્ચાસ્પદ મામલામાં અપરાધીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી રિવ્યુ પિટિશનને સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધી હતી અને અપરાધીઓની મૃત્યુદંડની સજા અકબંધ રાખી હતી. આ પહેલા સુપ્રીમ કોર્ટે ચોથી મેના દિવસે અપરાધી પવન, વિનય અને મુકેશની ફેરવિચારણા અરજી ઉપર ચુકાદો અનામત રાખ્યો હતો. ચોથા અપરાધી અક્ષય દ્વારા ફેરવિચારણા અરજી દાખલ કરવામાં આવી ન હતી. સુપ્રીમ કોર્ટના આ ચુકાદા બાદ હવે આ અપરાધીઓ પાસે માત્ર બે વિકલ્પ રહી ગયા છે જે પૈકી એક ક્યુરેટિવ પિટિશન અને બીજી રાષ્ટ્રપતિની પાસે દયાની અરજીનો સમાવેશ થાય છે. સોમવારના દિવસે એટલે કે આજે સુનાવણી વેળા નિર્ભયાના પરિવારના સભ્યો કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, રિવ્યુ માટે કોઈપણ ગ્રાઉન્ડ નથી.

સૂર્યોદય - ૬.૦૧ સૂર્યાસ્ત - ૬.૨૮

તિથિદર્શન

જેઠ વદ-૧૨ મંગળવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :મેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ વદ :બારસ મંગળવાર નક્ષત્ર:કૃત્તીકા સવારે ૬.૨૨ પછી રોહીણી યોગ: ગંડ કરણ:કૌલવ આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ.વ.ઉ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

સ્વભાવ નેવ મુંચિન્તિ સન્તઃ, સંસર્ગ તો અસતામ્ ન ત્યજન્તિ ઋતું, મંજુ કાક સંપર્કતઃ પિકાઃ

સંત સ્વભાવના સજ્જન પુરુષો, ભલે ને દુષ્ટ-દુર્જન- ખરાબ લોકોના સંપર્કમાં આવે છતાં પણ પોતાનો સંત- સજ્જન- સાધુ સ્વભાવનો ત્યાગ કરતા નથી. સ્વભાવ બદલતા નથી. (અહીં દૃષ્ટાંત આપ્યું છે કે) કાગડાના સંપર્કમાં આવ્યા પછી પણ કોકિલ કંઠી કોયલરાણી પોતાનો મંજુલ સ્વર-અવાજ છોડતી નથી...

દુષ્ટ જન પોતાના સ્વાર્થી સ્વભાવને કારણે સજ્જનની ઉપર છલ્લી મૈત્રી કરે પણ હૃદયમાં તો પાપ ભર્યું હોય છે, જ્યારે પોતાના સ્વાર્થ કામ, જરૂરિયાત પૂરી થાય એટલે પોતાનું પોત બતાવી સજ્જનને દગો કરે અને એના આત્મા હૃદયને ઠેસ પહોંચાડે છે. આમ છતાં સજ્જન- સંત તેને માટે હૃદયમાં ઝેર રાખતો નથી, ઊલટું તેનું કલ્યાણ થાય એવી ભાવના મનથી રાખે છે. સંત સ્વભાવ કાયમી એક રંગી હોય છે, તે કાચંડાની જેમ રંગ બદલતો નથી. સજ્જનતા જીવન સાથે જોડાયેલી ચિત્તવૃત્તિ છે, એ સદ્ગુણ છે, દુર્જનના સંગની અસર એ કાયમી રંગ પર પડતી નથી.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) કઠોર પરિશ્રમ પછી કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
વૃષભ : (બ.વ.ઉ.) નવિન ખરીદીના યોગ છે. આકસ્મીક પ્રવાસ થાય.
મિથુન : (ક.છ.ઘ.)જૂની ઓળખાણથી લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.
કર્ક : (ડ.હ.) મનમાં મૂંઝવણ અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
સિંહ : (મ.ટ.)જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. આળસ અનુભવાય..
કન્યા : (પ.ઠ.ણ.)ઉતાવળે કોઇ નિર્ણય ન લેવો. ધીરજના ફળ મીઠા મળે.
તુલા : (ર.ત.)મનમાં કચવાટ રહે. નજીકના લોકો સાથે મનદુઃખ રહે.
વૃશ્ચિક : (ન.ય.)સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. આયોજન મુજબના કાર્યો પાર પડે.
ધન : (ભ.ફ.ઢ.)આકસ્મીક ધન લાભ થાય. નવિન કાર્યમાં સફળતા મળે.
મકર : (ખ.જ.)નોકરી-ધંધાને લગતા કાર્યમાં સફળતા મળે. અણધાર્યો ધન લાભ થાય
કુંભ : (ગ.શ.સ.)ઉતાવળે કોઇ નિર્ણય ન લેવો હિતાવહ. ધીરજના ફળ મીઠા મળે.
મીન : (દ.ચ.જ.ઝ.) નવિન આયોજન સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

મહાન ક્રિકેટર સુનિલ ગાવસ્કરનો જન્મ દીવસ છે. એમનો જન્મ૧૦-૭-૧૯૪૯ ના રોજ થયો હતો. માત્ર ઓગણીસ વર્ષની વયે બોમ્બે યુનિવર્સિટીની ક્રિકેટ ટીમમાંથી મુંબઈની રણજીત ટીમમાં પ્રવેશનાર અને ચાર જ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ મેચ રમીને પસંદગી સમિતીના ધુરંધર નિર્ણાયકોને પ્રભાવિત કરી ૧૯૭૧ માં ૨૧ વર્ષની વયે ભારતીય ટીમમાં સ્થાન પામનાર એ આપણા આશાસ્પદ અને યશસ્વી ખેલાડી છે.

અત્યાર સુધીમાં ૧૧૨ ટેસ્ટ મેચ રમી ચૂકેલા ગાવસ્કરે ૯૭ કેચ અને ૯,૧૯૨ રન પોતાના નામે નોધાવી દીધા છે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેધ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:-૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001:2015 CERTIFIED
ઈન્ટેરસ્ટમોર પ્રોફીટર
Stock Market Trading Consultancy
www.nikhilbhatt.in
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

તા. ૧૦.૦૭.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!

તા. ૦૯.૦૭.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૮૫૮ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૯૧૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૮૩૮ પોઈન્ટ થી ૧૦૮૮૮ પોઈન્ટ, ૧૦૮૦૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાયે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૦૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા. ૦૮.૦૭.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૭૦ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૬૬૦ પોઈન્ટના પ્રથમ અને ૨૬૬૦૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૬૩૪૩ પોઈન્ટ થી ૨૬૩૩૩ પોઈન્ટ, ૨૬૨૦૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાયે છે. ૨૬૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

ઇન્ડસિન્ડ બેન્ક (૧૯૫૨) :- બેન્ક ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૯૩૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૯૧૯ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૯૬૪ થી રૂ.૧૯૭૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૯૮૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

સન ફાર્મા (૫૭૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૫૧૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ...!!! રૂ.૫૧૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૫૮૪ થી રૂ.૫૯૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

તાતા સ્ટીલ (૫૫૮) :- રૂ.૫૨૦ નો પ્રથમ તેજર રૂ.૫૩૩ ના બીજા સપોર્ટથી સ્ટીલ સેક્ટરનો સેકાલાલક્ષી આ સ્ટોક રૂ.૫૧૭ થી રૂ.૫૭૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

એકસિસ બેન્ક (૫૨૫) :- બેન્ક સેકટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૫૩૭ થી રૂ.૫૪૪ ના ભાવની સંભાવના ધરાયે છે.!! અંદાજીત રૂ.૫૦૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

જેટ એરવેઝ (૩૪૮) :- રૂ.૫૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૩૬ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક એરલાઇન્સ સેકટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૫૭ થી રૂ.૩૬૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

ACC **લિમિટેડ (૧૩૭૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેકટર નો આ સ્ટોક રૂ.૧૩૮૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૫૭ થી રૂ.૧૩૫૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાયે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૬૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

CEAT **લિમિટેડ (૧૩૦૮) :- રૂ.૧૩૨૬ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૩૩૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૨૯૬ થી રૂ.૧૨૯૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૩૪૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

લાર્સેન લિમિટેડ (૧૨૮૬) : ક્ન્સ્ટ્રકશન સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉંઘાળે રૂ.૧૩૦૩ ના સ્ટોપલોસથી વેચાલાલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૨૭૭ થી રૂ.૧૨૭૩ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

HCL **ટેકનોલોજી (૯૬૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેકટરનો આ સ્ટોક રૂ.૯૭૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૫૭ થી રૂ.૯૫૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાયે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૯૮૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

સિપ્લા લિમિટેડ (૬૨૬) :- રૂ.૬૩૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૪૭ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૬૧૬ થી રૂ.૬૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૬૫૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો **www.nikhilbhatt.in** ને આધીન...!!!

"પાલનપુર માહિતી ઓફિસના અધિક્ષકની ગાંધીનગર બદલી થતાં વિદાય સમારંભ યોજાયો

પાલનપુર

જિલ્લા માહિતી કચેરી પાલનપુર ખાતે છેલ્લા ૧૫ મહિનાથી અધિક્ષક તરીકે ફરજ બજાવતાં વી.જી.નાયકની ગાંધીનગર માહિતી નિયામકની કચેરી ખાતે બદલી થતાં જિલ્લા માહિતી કચેરી પાલનપુરના સ્ટાફ ધ્વારા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે નાયબ માહિતી નિયામક ડી.પી.રાજપુતના અધ્યક્ષસ્થાને યોજાયેલ વિદાય સમારંભમાં અધિકારી/કર્મચારીઓ ધ્વારા શ્રીફળ, સાકર આપી શાલ ઓઢાડી તેમનું સન્માન કરવામાં આવ્યું હતુ. નાયબ માહિતી નિયામકશ્રી ડી.પી.રાજપુત અને પાલનપુર માહિતી કચેરીના કર્મચારીઓએ વી.જી.નાયકની ઓફિસમાં કામ કરવાની આગવી ફુનેહ અને મિલનસાર સ્વભાવની પ્રશંસા કરી તેમને ભિરદાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે નાયકે મિડીયાના મિત્રો સાથે સારુ સંકલન જાળવી સુંદર કામગીરી કરી છે.

વી.જી.નાયક છેલ્લા ૩૨ વર્ષથી માહિતી ખાતામાં ફરજ બજાવી રહ્યા છે. તેમણે ૧૯૮૬માં પાલનપુર જિલ્લા માહિતી કચેરીથી માહિતી ખાતામાં નોકરીની શરૂઆત કરી છે. સરકારી નોકરીમાં પાલનપુર, પાટણ, મહેસાણા અને ગાંધીનગર ખાતે સરસ કામગીરી કરી કર્મચારીઓ અને મિડીયાના મિત્રોમાં આદરભર્યુ સ્થાન મેળવ્યું છે અને હવે ગાંધીનગર ખાતે માહિતી નિયામકની કચેરીમાં ફિલ્મ પ્રોડકશન શાખામાં બદલી થતાં તેમના મિત્રોમાં આનંદની લાગણી છવાઇ છે. વિદાય પ્રસંગે એસ.એમ.પટેલ, રેસ્યુંગ ચૌહાણ, ગુલાબસિંહ પરમાર, શ્રીમતી ઉષાબેન પાધ્યા, બી.એસ.વાઘેલા, ભરતભાઇ ચડોખીયા સહિત કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જુનાડીસા અંબાજી માતાના મંદિરનો જીર્ણોધ્ધાર

જુનાડીસા

ડીસા તાલુકાના જુનાડીસા ગામના નવાપુરા વિસ્તારમાં આવેલ અંબાજી માતાના મંદિરનો સનાતન સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા જીર્ણોધ્ધાર હાથ ધરાયો છે. તેથી મંદિરની દિવ્યતા અને ભવ્યતામા વધારો થયો છે.

ગામના નવાપુરા વિસ્તારમાં અંબાજી માતાજીનું વર્ષો જુનુ આસ્થા- સ્થાનક આવેલ છે પરંતુ દેખરેખના અભાવે દબાણ સહિતની બદીઓ ફાલીફૂલી હતી.

જેને ગંભીરતાથી લઈ ગામના પનોતા પુત્ર અને સનાતન સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ ભીખાભાઈ પઢીયારે ગામલોકોના સહયોગથી જીર્ણોધ્ધારનું કામ હાથ ધર્યું છે જેમાં પ્રથમ મંદિર ફરતે દિવાલ બનાવ્યા બાદ મંદિર આગળની ખુલ્લી જગ્યામાં મંદિરના નિભાવ અર્થે દુકાનો તેમજ મંદિરમાં શેડનું પણ નિર્માણ કરાયું છે.

જયારે ચબુતરાનું કામ હાલમાં ચાલુ છે. જેથી મંદિરનો નકશો બદલાઈ જતા નવા સાજ અને શણગારથી મંદિરની દિવ્યતા અને ભવ્યતામાં પણ વધારો થયો છે. ભીખાભાઈ પઢીયારની આગવી આવડત અને દૂરંદેશીથી ગામના વધુ એક મંદિરનો જીર્ણોધ્ધાર થતા શ્રધ્ધાળુ ભાઈ- બહેનોમાં ખુશાલી છવાઈ છે.

દિયોદર ખાતે નાઈ સમાજના વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

અશોક શેઠ

તા.પ્રતિનિધિ દિયોદર

બનાસકાંઠા જિલ્લાના દિયોદર ખાતે તા ૩/૭/૨૦૧૮ના રોજ સવારે ૧૧ વાગે કચ્છ વગડા લોહાણા મહાજન વાડી ખાતે સમસ્ત દિયોદર તાલુકા નાઈ સમાજ દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો તૃતિય સન્માન સમારોહ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમાજના આગેવાનો દ્વારા દીપ પ્રાગટીય કરી કાર્યક્રમ ને ખુલ્લો મુકવામાં આવ્યો હતો પ્રથમ આગેવાનોને ફૂલહાર પહેરાવી શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં સમસ્ત દિયોદર તાલુકા નાઈ સમાજના તેજસ્વી તારલાઓને સમાજના આગેવાનોના હસ્તે શિલ્ડ અને ઈનામ આપી ને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના આગેવાનો એ પ્રવચન આપતા જણાવેલ કે વર્તમાન સમય દરેક સમાજ માં બાળકોને સારું શિક્ષણ મળે તે માટે દરેક માતા પિતા ને ધ્યાન રાખી બાળકો ને સારું શિક્ષણ આપવું જોઇએ સમાજ માં બાળકો ને સારું શિક્ષણ આપવાથી સમાજ માટે ગૌરવ સમાન ગણાય છે. તુતીય વાર્ષિક સન્માન સમારહોનું આયોજન કરવામાં આવ્યું છે. દિયોદર તાલુકાના નાઈ સમાજના લોકો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહીને કાર્યક્રમ ને દીપવ્યો હતો.

થરાદમાં ભગવાન વાજતે ગાજતે મોસાળ પધાર્યા

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદમાં અષાઢીબીજની રથયાત્રા પુર્વે ભગવાન જગન્નાથ તથા બલરામ અને બહેન સુભદ્રા સોમવારે રામજીમંદીરથી વાજતગાજતે રથમાં બિરાજી તેમના મોસાળ આદેશનગરમાં આવેલા શામળીયા ભગવાનના મંદીરે પધાર્યા હતા.જ્યાં આદેશપરિવાર દ્વારા ભવ્ય સ્વાગત સામૈયા સાથે ભગવાનને આવકાર્યા હતા.

આગામી રથયાત્રા પુર્વેના દિવસો ભગવાન પોતાના મોસાળમાં રહેશે. ત્યાર બાદ શ્રી રામ સેવા સમિતીના ભાઈ બહેન સેવકો તેડવા જવાથી ભગવાન મોસાળથી વાજતેગાજતે નિજ રામજીમંદીરમાં પરત પધારશે.જ્યાં આદેશ પરીવાર દ્વારા બહોળી સંખ્યામાં ભાઈ બહેનો સાથે આવી ભગવાનનુ મોસાળું પણ કરવામાં આવશે. સોમવારે ભગવાન વાજતે ગાજતે મોસાળ પધારતાં આદેશ મંદીર અને શ્રીરામ સેવા સમિતીના ભાઈબહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કરજીપુરા(ભાડલી) પ્રા.શાળામાં ચોપડા વિતરણ

ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડા તાલુકાના કરજીપુરા (ભા) ગામના સોલંકી ચીમનલાલ મકનાજી તરફથી બાળકોને ચોપડા, પેન તેમજ બીસ્કીટ આપી પ્રોત્સાહિત કરાયા હતા. ચમનલાલ તથા તેમની પત્ની જ્યોત્સનાબેન દર વર્ષે બાળકોને ઈનામ તેમજ નિશિભોજન આપે છે.

જેમનો શાળા પરિવારના આચાર્યે રમેશભાઈ ગોહિલે આભાર વ્યક્ત કર્યો હતો.

થેરવાડા નાલંદા વિદ્યાલયની વર્ષગાંઠ ઉજવાઈ

પ્રતિનિધિ થેરવાડા

નાલંદા વિદ્યાલય થેરવાડા, ખાતે તા. ૭/૭/૨૦૧૮ ના રોજ ૧૨ મી વર્ષગાંઠ નિમિત્તે શાળાના વર્ગોના સુશોભન કાર્યક્રમનું આયોજન રાખવામાં આવેલું હતું. જેમાં દરેક વર્ગોના વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોત પોતાનામાં રહેલી સુપ્તપ્ત શક્તિઓ બહાર લાવી નાલંદા વિદ્યાલયના પ્રાંગણમાં આજના દિવસને હરખની હેલી સાથે વધાવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ સાથે- સાથે શાળાના સ્ટાફમિત્રોએ પણ ખુબ ઉત્સાહપૂર્વક સાથ- સહકાર આપ્યો હતો.

વર્ગો સુશોભનના નિર્ણાયક તરીકે ગુજરાત રાજ્ય મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડના સભ્ય તેમજ શાળાના આચાર્ય ભરતભાઈ ચૌધરી, ટ્રસ્ટ મંડળના મંત્રી શાંતિભાઈ તેમજ શિક્ષક વિનોદભાઈ ચૌધરીએ દરેક વર્ગોનું મુલ્યાંકન કરી વર્ગોને નંબર આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

હિન્દવાણી રાજપૂત સમાજનું ગૌરવ

પ્રતિનિધિ લવાણા

લાખણી તાલુકાના અછવાડિયા ગામના વતની અને હિંદવાણી રાજપૂત સમાજના તેજસ્વી તારલા રાજપુત હિતેશભાઈ નારણ ભાઈ ચાલુ સાલે લેવાયેલ નિટ -૨૦૧૮ ની પરીક્ષામાં ૪૮૪ માર્કસ મેળવી ૯૮.૧૧ પર્સન્ટાઇલ રેન્ક પ્રાપ્ત કરી એમ પી શાહ સરકારી મેડિકલ કોલેજ જામનગર ખાતે સ્વજ્જી પ્રવેશ મેળવી હિન્દવાણી રાજપૂત સમાજ નું ગૌરવ વધાર્યું છે. આગાઉ પણ માનવ નિકેતન ટ્રસ્ટ સંચાલિત લવાણા ના વિદ્યાર્થી રાજપૂત શ્રવણસિંહ કરશનભાઈ

અનુસંધાન પાના નં.૬

કાંકરેજ તાલુકાના વાલપુરા- રાણકપુર ગામે મફત આંખ નિદાન કેમ્પ : ચશ્મા વિતરણ કરાયું

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના વાલપુરા ગામના પૂર્વ સરપંચ નવિનભાઈ ઠક્કરના પિતા કનુભાઈ અંબારામભાઈ ઠક્કરની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે કાંકરેજ તાલુકાના વાલપુરા તથા રાણકપુર ગામે લાયન્સ ક્લબ-ભાભરના સૌજન્યથી નેત્રરોગ નિદાન કેમ્પ તથા રાહતદરે ચશ્મા વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. લાયન્સ ક્લબ ભાભર આઈ હોસ્પિટલના ડો.ચૈતલ પટેલ તથા ટીમ દ્વારા નેત્ર રોગના દર્દીઓનું નિદાન કરી જરૂરિયાતમંદ વ્યક્તિઓને રાહતદરે ચશ્મા વિતરણ કરવામાં આવ્યા હતા આ પ્રસંગે સરપંચ રતુભા વાઘેલા, આચાર્ય વિરેન્દ્રભાઈ મામતોરા, નવિનભાઈ ઠક્કર, ડેલિગેટ મુકેશસિંહ વાઘેલા, પ્રવિણભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

લાયન્સ ક્લબ ઓફ ભાભર દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને આંખના ઓપરેશન ભાભર ખાતે મફત કરી આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.

વાલ્મીકી સમાજના યુવા સામાજીક કાર્યકરનું સન્માન કરાયું

પુષ્કર ગોસ્વામી

તા પ્રતિ. વડગામ

વડગામ નજીક આવેલ બાદરગઢ ગામના વતની વાલ્મીકી સમાજના યુવા સામાજીક કાર્યકર પ્રવિણભાઈ બી.પરમારનું તાજેતરમાં બ્રહ્મણી યુવક મંડળ પુરલિયા પરિવાર વડગામ દ્વારા સન્માનપત્ર અર્પણ કરી મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. તેઓ વર્ષોથી મુંબઈ ખાતે સ્થાયી થયેલ છે, પ્રવિણભાઈ બી. પરમાર દ્વારા સમાજમાં શૈક્ષણિક ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે, રમતગમત ક્ષેત્રે મોટું યોગદાન આપેલ હોઈ દાનવીર તરીકેની પ્રતિભા ધરાવે છે.

ડીસામાં સેનેટરી નેપકીન અંગે મહિલાઓમાં જાગૃતિ કાર્યક્રમ

ડીસા

ગુજરાત રાજ્ય આરોગ્ય વિભાગના આદેશાનુસાર ટેકો પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લાની કિમેલ હેલ્થ વર્કર બહેનોને મોબાઈલ એપ કેમિલી હેલ્થ સર્વે માટે ની તાલીમનું આયોજન થયેલ જેમાં કિમેલ હેલ્થ વર્કર બહેનો સાથે ટીનેજર્સ બહેનો અને મહિલાઓમાં સેનેટરી નેપકીન નો વધુમાં વધુ ઉપયોગ થાય તેવા જાગૃતિકરણ ના કાર્યક્રમો યોજવા તથા વર્તમાન સમયમાં ચેપી જાતીય રોગો અને મહિલાઓના શરીરની સ્વચ્છતા અંગે જરૂરી માર્ગદર્શન અને હાઈજેનિક સેનેટરી નેપકીન ના ફાયદા તથા જૂની માન્યતાઓ ગેરસમજણ વિશે માર્ગદર્શન આપવામાં આવેલ આ સુંદર કાર્યક્રમના આયોજન સાથે બે દિવસની તાલીમ દરમ્યાન જિલ્લા તાલીમ ભેદક તથા તાલુકા હેલ્થ ઓફિસર નો સુંદર સહયોગ સાંપડેલ.

રખેવાળના જાણીતા લેખકનું ગુજરાત રાયકા ક્લબ દ્વારા સન્માન

ડીસા

છેલ્લા ૨૫ વર્ષથી રખેવાળમાં જીવન દર્શન કોલમ લેખનના માધ્યમથી અનેક સારી વ્યક્તિઓ, સારી સંસ્થાઓ, સારા સ્થળો અને સારી પ્રવૃત્તિઓને પ્રજા સમક્ષ લાવનાર જાણીતા લેખક ભગવાનભાઈ બંધુનુ તારીખ ૮/૭/૨૦૧૮ ને રવિવાર સાંજે ૫:૦૦ વાગે જલારામ મંદિર ડીસા ખાતે ગુજરાત રાયકા ક્લબ-ડીસા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

માલધારી સમાજના જાણીતા યુવા આગેવાન અને રાષ્ટ્રપ્રેમી બળદેવભાઈ રાયકા વિશે તા. ૨૯/૫/૨૦૧૮ ને મંગળવારે રખેવાળમાં જીવનદર્શન દ્વારા ભગવાનભાઈ બંધુએ વિગતવાર આલેખન કર્યું હતું. જે લખાણને સમગ્ર ગુજરાતના માલધારી રબારી સમાજે સહર્ષ આવકાર્યું હતું. ડીસાના અંદાજે ૨૫ (પચ્ચીસ) જેટલા વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો વિશે જીવનદર્શનમાં લખાયું છે. આ સન્માન સમારોહમાં કનુભાઈ આચાર્ય, જયંતિભાઈ ઓઢાવાળા, બળદેવભાઈ રાયકા, હાથીભાઈ વાઘેલા, ગહુલભાઈ દેસાઈ, મેહુલભાઈ જોષી, ભરત ભાઈ લીંબાચીયા, પ્રવિણભાઈ નાઈ, ચંદુભાઈ ઓટીડી, ભરતભાઈ વાડીભાઈ ઠક્કર, મફતભાઈ મોદી, નાથાભાઈ ખત્રી, ઈશ્વરભાઈ રાવળ, શશીકાંતભાઈ ત્રિવેદી, નટુભાઈ વ્યાસ, ભરતદાન ગઢવી સહિતના અનેક મહાનુભાવોએ જીવનદર્શન કોલમ અને ભગવાનભાઈ બંધુની કાર્યશૈલી, વિચારશૈલી અને વ્યવહાર શૈલીની પ્રશંસા કરી હતી. આ અવસરે ભગવાનભાઈ બંધુનું મોમેન્ટો, સન્માનઆભારપત્ર, સાલ અને હુલછડી દ્વારા સન્માન કરાયું હતું.

અનુસંધાન પાના નં.૬

દાંતા તાલુકામાં દવાખાનાઓના નામે ધમધમતી મોતની હાટડીઓ

તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી

પ્રતિનિધિ દાંતા

અમીરગઢ ખાતે ખાનગી તબીબની લાપરવાહીથી બાળકના મોતની શાહી સૂકાઈ નથી.અને ઘટના બાદ આરોગ્ય વિભાગ દ્વારા જીલ્લાના તમામ તાલુકામા ખાનગી પ્રેક્ટિસ કરતા તબીબોની તપાસ કરી લાયકાત વગરના હોય તેમની સામે પોલીસ ફરિયાદ કરવા લેખિત સૂચના તમામ હેલ્થ ઓફિસરને પાઠવવામા આવી છે. ત્યારે દાંતા તાલુકા ના દાંતા ખાતે પણ બીએચએમએસના તબીબો ખૂલ્લે આમ મોતની હાટડીઓ ખોલી બેઠેલા છે અને અહી હોસ્પિટલ ખાતે ડોક્ટર નહી પરંતુ રાખેલા છોકરા ઓ દર્દીને ઈન્જેકશનો મારી બાટલા ચડાવી રહ્યા છે.

જોકે,આ બાબતે દાંતા તાલુકા બ્લોક હેલ્થ ઓફિસર કે પછી જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કોઈ પગલા લેવામા આવશે કે નહિ તે તો આવનાર સમય જ બતાવશે.

વાવના રાછેણા ગામે પીવાના પાણીની રાડ

વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવના રાછેણા ગામે પીવાના પાણીનાં પોકારો ઉઠવા પામ્યા છે. જો કે છેલ્લા ચાર દિવસથી પાણી ન મળતાં ચિંતા પ્રસરી રહી છે. વરસાદ હજુ લંબાતો જાય છે. તળાવોમાં પાણી સૂકાઈ ગયું છે અને જમીનનાં તળનું પાણી ખારૂ તેથી મજબૂરીથી પ્રાઈવેટ ટેન્કરો મંગાવવા પડે છે. પરંતુ ટેન્કરો વાળા તકવાદી બન્યા છે. ગ્રામ જનોની ઉગ્ર માંગ છે કે અમાસ જલ્દીથી પાણીનો પ્રશ્ન હલ થાય.

થરાદના આરટીઓ ત્રણ રસ્તા પાસે અકસ્માતમાં જાનહાની ટળી

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ સાંચોર હાઈવે પર આવેલા ત્રણ રસ્તા નજીક સોમવારની સવારના સુમારે એક બોલેરો જીપ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાવા પામ્યો હતો. જો કે અકસ્માતમાં સારાનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી. પરંતુ ધડાકો થતાં લોકોનાં ટોળે ટોળાં એકઠાં થઈ જવા પામ્યાં હતાં. રોંગ સાઈડ આવી રહેલ ટ્રકે બોલેરોને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હોવાનું ચર્ચાસ્પદ બન્યું હતું. જોકે આ બનાવ અંગે પોલીસ દફતરે કોઈ નોંધ થવા પામી ન હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

શ્રી ઔદીચ્ય સહસ્ત્ર સત્તાવીસ બ્રહ્મસમાજ યુવા ગ્રુપ દ્વારા

પાલનપુર ખાતે ૧૨મો તેજસ્વી તારલા સન્માન સમારોહ યોજાયો

સંજય જોશી

પાલનપુર

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર સત્તાવીસ બ્રહ્મસમાજ યુવા ગ્રુપ દ્વારા સમાજનો ૧૨ મો તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં ધો.૧થી ૧૨ માં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા તેજસ્વી છાત્રોને સન્માનિત કરાયા હતા. શ્રી સત્તાવીસ ઔદીચ્ય સહસ્ત્ર બ્રહ્મ સમાજનો સન્માન સમારોહ પાલનપુર નગરપાલિકાના ઉપ પ્રમુખ હેતલબેન રાવલના મુખ્ય મહેમાનપદે સમાજની વાડી ખાતે યોજાયો હતો. જેમાં સમાજના પ્રમુખ પ્રકાશભાઈ જોશી, પૂર્વ મંત્રી કાંતિલાલ રાવલ સહિત કાર્યક્રમના દાતાઓ તરીકે કનૈયાલાલ ગી. જોષી(મડાણા-ગઢ) તથા ગં.સ્વ. તારાબેન અમૃતલાલ જોષી(માલણ) તથા ગુણવંતભાઈ કેશવલાલ રાવલ (હોડા) અને આજીવન દાતા રમણલાલ એ. જોષી(વેડંચા) તથા આશ્વાસન ઈનામના આજીવન દાતા ગં.સ્વ. રમાબેન નવનીતલાલ રાવલ હાજર રહ્યા હતાં. જેઓના વરદ હસ્તે સમાજના ધો.૧ થી ૧૨ના પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા ૬ર જેટલા છાત્રોને ટ્રોફી, સર્ટિફિકેટ અને એક ગિફટ આપી સન્માનિત કરાયા હતા.

અનુસંધાન પાના નં.૬

પાલનપુર તાલુકાના સેદ્રાસણ ગામે સ્વચ્છતા મેપીગ કાર્યક્રમ યોજાયો

પાલનપુર

સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, બનાસકાંઠા દ્વારા સ્વચ્છતાના વિચારને માનવ જીવનમાં વણી લેવાની નેમ સાથે પાલનપુર તાલુકાના સેદ્રાસણ ગામે નવીન અભિગમ સાથે સામાજિક સ્વચ્છતા મેપિંગ કાર્યક્રમનું અયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ખુલ્લામાં શૌચમુક્તિના દરજ્જાને જાળવી રાખવા ઘરે ઘરે જઈ વ્યક્તિગત સમજણ દ્વારા હાઉસહોલ્ડ મેપિંગ સ્ટીકર તેમજ પ્લાસ્ટીક કચરાને વધતો અટકાવવા કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. વધુમાં રોજિંદી ક્રિયાઓ પછી સાબુથી હાથ ધોવા, કચરાનું વર્ગીકરણ, પીવાના પાણીની સ્વચ્છતા, શૌચાલયની સફાઈ વગેરે મુદ્દાઓને આવરી લઈ જિલ્લાની ટીમ દ્વારા સઘન મોનીટરીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

અંબાજી ભાદરવી પૂનમનો મહામેળો તા.૧૯ થી ૨૫ સપ્ટેપમ્બર દરમિયાન યોજાશે

પાલનપુર ખાતે કલેકટરના અધ્યક્ષસ્થને અધિકારીઓ સાથે મેળાના આયોજનની બેઠક યોજાઈ

પાલનપુર

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે દર વર્ષે યોજાતો ભાદરવી પૂનમનો મહામેળો આ વર્ષે તા. ૧૯ થી ૨૫ સપ્ટે ખોર દરમિયાન યોજાશે. મેળાને અનુલક્ષી જિલ્લા વહીવટીતંત્ર અને શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા સુદ્રઢ આયોજન કરીને વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

મેળાના આયોજન અને વ્યવસ્થા અંગે પાલનપુર મુકામે બનાસકાંઠા કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઈ હતી. કલેકટરએ વિવિધ સુવિધાઓ વિશે વિસ્તૃત અને ઝીણવટભરી સમીક્ષા કરી અધિકારીઓને માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી.

અનુસંધાન પાના નં.૬

સુરક્ષા કારણોસર અંબાજીમાં ૧૦૦ સીસીટીવી કેમેરા મુકાશે

મેળા પ્રસંગે પોલીસ અને સુરક્ષા દળના જવાનો પુરતી સંખ્યામાં તૈનાત કરાશે. ઉપરાંત અંબાજી મુકામે વિવિધ સ્થળોએ કુલ-૧૦૦ સીસીટીવી કેમેરા મુકવામાં આવશે. જેથી મેળાની તમામ પ્રવિત્તિઓનું નિરીક્ષણ કરી નિયંત્રણ રાખી શકાય. વીજપુરવઠો સતત જળવાય તથા લાઈટ જવાના કિસ્સામાં ઈન્વર્ટર મોટ્સ, જનરેટર તથા મોબાઈલ લાઈટનો વ્યવસ્થા ગોઠવવામાં આવશે. તે માટે કલેકટરશ્રીએ તુ.જી.વી.સી.એલના અધિકારીઓને સુચના આપી છે. અંબાજી, ઠગદ અને દાતાની હોલિસ્ટિકો મોબીલ કલક ચાલુ રહેશે. મેળા પ્રસંગે સ્વાસ્થ્યની ઉપર હેલ્થ ઓફીસર કેમ્પો કાર્યરત કરવામાં આવશે. મેળાને અનુલક્ષી ફાર્ટ એરોસ, બીયી., અરાસણમાં જેવી ગંગોર બિમારીના ઈંજેકશનો અને જરૂરી તમામ દવાઓ ઉપલબ્ધતાને સાથવા કલેકટરશ્રે અધિકારીઓને સુચના આપી છે.

અંબાજી મુકામે મહત્વના સ્થળોએ મોટા એલ.ઈ.ડી. બોર્ડોને મેળાની તમામ વ્યવસ્થા ઉપરાંત ટ્રાફીકને ઉપયોગી માહિતી સતત દર્શાવતા રહેવા વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જેમાં દર્શનનો સમય, સંબંધીત ફોન નંબરો અને જરૂરી માહિતી દર્શાવશે. વાહનોના પાર્કિંગ તથા પ્રવેશ પાસ સમયના જરૂરી વ્યવસ્થા કરવામાં આવશે.

કાંકરેજ તાલુકામાં આડેધડ રીતે બિનકાયદેસર કપાતાં લીલાછમ વૃક્ષો

ટ્રેકરો ભરીને ઠલવાતું લાટીઓમાં લાકડું: બનાસનદીમાં રેતખનને જાહેરમાં વૃક્ષ છેદનનો ધમધોટ છતાં નેતાઓ ચૂપ??

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કેન્દ્ર- રાજય સરકાર દ્વારા બનાસકાંઠા- પાટણ તરફ આગળ વધી રહેલા કચ્છના રણને રોકવા વૃક્ષારોપણ- ઉછેરને મહત્વ અપાયું છે ને તેની મોનીટરીંગ માટે ફોરેસ્ટ ખાતાની ટીમ તૈનાત હોવા છતાં બનાસકાંઠા - પાટણ જિલ્લામા પશ્ચિમ વિસ્તાર સહિત કાંકરેજ તાલુકામાં આડેધડ બિનકાયદેસર લીલાછમ અડીખમ જુના વૃક્ષો રાત- દિવસ કપાઈ ટ્રેકરો દ્વારા લાટીઓમાં ઠલવાઈ રહ્યું છે. છતાં ફોરેસ્ટ ખાતુ તમાશો જોઈ રહ્યું છે. કાકરેજ તાલુકાના વેપારીમથક થરા, મુખ્ય મથક શિહોરી તથા ખીમાણા- કંબોઈ રાજપુર- ટોટાણા કે ગ્રામ્ય વિસ્તારોના રાજય જિલ્લા અને રાષ્ટ્રિય માર્ગો પર વહેલી સવારે કે સાંજના સમયે લીમડા- બાવળ જેવા અડીખમ વૃક્ષોના થડીયાં ડાળાં ભરીને જતા ટ્રેકટરો જોવા મળે છે શું આમાં હપ્તાખોરીનો હડમાલો ફોરેસ્ટ ખાતાને દબાઈ રહ્યો છે. આ લાકડા જાહેર રસ્તા પર ધમધમતી ને ફોરેસ્ટ ખાતાને ઠુકડો નાખી હુકડો કરતી લાટીઓમાં ઠલવાઈ રહ્યો છે. જાહેરમાં લાટીઓમાં પડેલો આ જથ્થો કયા સરપંચ- ગ્રામસેવક , તલાટી, ટીડીઓ, મામલતદારની મંજુરીથી કાપવામાં આવી તેનું પ્રમાણપત્ર હોય છે ખરું?? કાંકરેજ તાલુકામાં ભુસ્તર ખાણ ખનીજ પોતાની રહેમ નજર હેઠળ બનાસ નદી પટ વિસ્તારમાં ચાલતા બિનકાયદેસર રેતખનન જેવી મોટી ગેરરીતિ લીલાછમ વૃક્ષ છેદનની ચાલી રહી છે. જિલ્લા કલેકટર અને વૃક્ષપ્રેમી નેતાઓ લોકો આ વૃક્ષ છેદન- રેતખનન પ્રવૃત્તિને ખુલ્લી પાડવાને લાટી બજાર અને ફોરેસ્ટ ખાતાનાએ સંડોવાયેલા લોકોને સજા કરવામાં સફળ થશે ખરું કે પછી ભારત માતા કી જય... વંદે માતરમ્ જ....??

અંબાજીમાં વિદ્યાર્થી દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ અંબાજી

બનાસકાંઠા જિલ્લામાં દિનપ્રતિદિન વૃક્ષોનું નિકંદન થઈ રહ્યું છે જેના કારણે ગરમીમાં પણ વધારો થઈ રહ્યો છે તેમજ વિદ્યાર્થી દિવસ નિમિત્તે યાત્રાધામ અંબાજી ખાતે આવેલ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલિત અંબાજી કોમર્સ એન્ડ આર્ટસ કોલેજ અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અંબાજી દ્વારા વિદ્યાર્થી દિવસ નિમિત્તે અંબાજી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કુલ ૧૦૮ જુદાં જુદાં પ્રકારના વૃક્ષોનું અંબાજી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષોનું રોપણ કરેલ તે વૃક્ષોના રક્ષણ અને ઉછેરવા માટે વ્યક્તિગત જવાબદારી લઈ સમાજ માટે ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

આદર્શ વિદ્યાસંકુલ, ડીસામાં વાલીમંડળની રચના કરાઈ

ડીસા

તા.૦૮/૦૭/૨૦૧૮ ને રવિવારના દિવસે આદર્શ વિદ્યાસંકુલ, ડીસા ખાતે ધો.૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓની જાહેર મીટીંગ યોજવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે અરવિંદસિંહજી વાઘેલા, કેમ્પસ ડાયરેકટર, કે.સી.પટેલ વિદ્યાસંકુલ, ગોલાસણ, પાટણ તેમજ શાળાના આચાર્ય નટુભાઈ જોષી, સંસ્થાના પ્રમુખ ડો.અજયભાઈ જોષી દ્વારા દિપપ્રાગટ્ય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. શિક્ષણની ગંભીરતાને ધ્યાને લઈ આશરે ૧૦૦૦ જેટલા વાલીઓ સભામાં ઉપસ્થિત રહ્યા હતા. મીટીંગમાં બાળકોના શિક્ષણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં પિતૃમંડળના પ્રમુખ તરીકે ડો. પ્રવિણભાઈ રાજગોર, ઉપપ્રમુખ તરીકે નરેશકુમાર સોલંકી અને મંત્રી તરીકે રાકેશભાઈ બોરદીયા, સહમંત્રી તરીકે જયંતસિંહ પરમાર

અનુસંધાન પાના નં.૬

ધનપુરા (ખેડા) રોડ પરથી લાખોનો વિદેશી દારૂ ભરેલું પીકઅપ ડાલું ઝડપાયું

ઈશ્વર રબારી

પ્રતિ. દાંતીવાડા

બનાસકાંઠા જિલ્લા પોલિસવડા દ્વારા જિલ્લામાં દારૂની બદીને રોકવા અભિયાન હાથ ધરવામાં આવેલ છે દારૂ-જુગાર નેસ્ત નાબુદ થાય તે અંગે પોલિસ ઈન્સ્પેકટર પી.એલ. રાણા અને તેમના સ્ટાફ સાથે તેમજ એલ.સી.બી. સ્ટાફ સાથે મળેલી બાતમીના આધારે ધનપુરા (ખેડા) ગામની સીમ પર પીકઅપ ડાલું જીજે૦૮ એ.યુ. ૧૪૮૨ ની વોચ ગોઠવવામાં આવેલ. જે દરમ્યાન પીકઅપ ડાલુ ઉભુ રાખી ચાલક તેમજ બીજો ઈસમ ભાગવા જતાં ચાલક મહેન્દ્ર બાબુ. વિશ્નોઈ મુળ દાતા તા.-સાચોર-જી-જાલોર હાલ બી/૪૨ શારદા કૃપા સોસાયટી, જનતાનગર, ચાંદખેડા, પ્રેરણા વિદ્યાલય ગાંધીનગર વાળો પકડાઈ ગયેલ તેમજ બીજો ઈસમ રમેશરામ વિશ્નોઈ રહે બાવળીયા તા.સાચોર ભાગી ગયો હતો જીપડાલામાં ભરેલ ઘાસના પુળા નીચે, પર પ્રાંતીય બોટલ નંગ ૨૦૩૪ કિંમત ૨,૬૧,૦૦૦ તથા પીકઅપ ડાલુ કિંમત રૂા.૪,૦૦,૦૦૦ તથા મોબાઈલ-૧ કિંમત રૂા.૧૫૦૦ એમ કુલ રૂા.૬,૬૨,૫૦૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

થરા ભારત વિકાસ પરીષદ શાખા દ્વારા મિટીંગ યોજાઇ

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરામાં આવેલ ભારત વિકાસ પરીષદ શાખા દ્વારા દર્શન હોટલ ખાતે મિટીંગનુ આયોજન કરવામાં આવ્યુ હતું. તેમાં સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા, સમર્પણ જેવા ઉમદા વિચારો થકી રાષ્ટ્રનુનિર્માણ કરવુ. લોકોની સેવાકીય કાર્યો થકી સેવા કરવી, તેમજ નવિન હોદેદારો નિમણુક,નવા મેમ્બરો બનાવવા,આવનારા ઓગષ્ટ માસમાં સમુહગાન સ્પર્ધા, ગુરુવંદના કાર્યક્રમ જેવા જાહેર કાર્યક્રમો દ્વારા લોકોની વચ્ચે જઈ લોકોનો સંપર્ક કેળવી લોકોના સાથ સહકાર થકી ભારત વિકાસ પરીષદની શાખાનો પ્રચાર અને પ્રસાર કરવા જણાવ્યુ હતુ.તેમાં નવનિયુક્ત પ્રમુખ પરેશભાઈ ઠક્કર દ્વારા થરામાં એક નવિન આઈસીયુ વાન લોકોના સાથ સહકારથી ભારત વિકાસ પરીષદ થરા શાખા દ્વારા લાવવાનો ઉમદા વિચાર કરી પ્રસ્તાવ રજુ કર્યો.આજથી થરા શાખાને કાર્યરત કરવામાં આવી. અને આ મિટીંગમાં દરેકને સાથ સહકાર આપવા માટે અપીલ કરવામાં આવી. આ પ્રસંગે ભરતભાઈ ઠક્કર-(રીજયુનલ સેક્રેટરી વેસ્ટઝોન ભારત વિકાસ પરીષદ),

અનુસંધાન પાના નં.૬

સિંચાઇ અને પીવાના પાણીના વ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં મોખરે છે - હરીભાઇ ચૌધરી

ટાકરવાડા મુકામે કેન્દ્રીય મંત્રીના હસ્તે વાસ્મોના રૂ.૨૪.૭૭ લાખના કામોનું ખાતમૂર્હત થયું

પાલનપુર

પાલનપુર તાલુકાના ટાકરવાડા મુકામે કેન્દ્રી ય ખાણ, ખનીજ અને કોલસા રાજય મંત્રી હરીભાઈ ચૌધરીના હસ્તે પીવાના પાણીની આંતરીક વ્યવસ્થા માટે વાસ્મોના રૂ. ૨૪.૭૭ લાખના કામોનું ખાતમૂર્હત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રી ય ગ્રામીણ પેયજળ યોજના અંતર્ગત ગામની પાણી સમિતિ દ્વારા ગામમાં પાણીના વિતરણ માટે પાઈપલાઈન, રાઈઝીંગ મેઈન, પમ્પીંગ મશીનરી અને વીજળીકરણનું કામ કરવામાં આવશે.

આ પ્રસંગે કેન્દ્રી ય મંત્રી હરીભાઈ ચૌધરીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમૃધ્ધ અને શક્તિશાળી રાષ્ટ્રપનું નિર્માણ થઈ રહ્યું છે ત્યારે તેમનામાં ફરી વિશ્વાસ મુકી ભારતને શક્તિશાળી રાષ્ટ્ર બનાવવામાં મદદરૂપ બનીએ. મંત્રી ચૌધરીએ કહ્યું કે આગામી તા. ૧૫ જુલાઈ-૨૦૧૮થી ૯ માસથી ૧૫ વર્ષ સુધીના બાળકોને ઓરી અને રૂબેલાની રસી આપવાનું રાષ્ટ્રાવ્યાપી અભિયાન શરૂ થવાનું છે ત્યારે આપણા બાળકોને રસી અપાવી તેમના સ્વાસ્થ્યની જાળવણી કરીએ.

કેન્દ્રી ય મંત્રી હરીભાઈ ચૌધરીએ કહ્યું કે લોકોના સર્વાંગી કલ્યાણને વરેલી આપણી સરકારે પ્રજાના ભલા માટે અનેકવિધ યોજનાઓ બનાવી છે. તેમણે કહ્યું પ્રધાનમંત્રી જીવન જયોતિ અને પ્રધાનમંત્રી જીવન સુરક્ષા યોજનમાં રૂપિયા બે-બે લાખનું વીમા સુરક્ષા કવચ પુરૂ પાડવામાં આવે છે. તેમણે કહ્યું કે બહેનોને બ્રેસ્ટ અને સર્વાઈકલ કેન્સરની બિમારીમાં સારવારનો તમામ ખર્ચ સરકાર દ્વારા આપવામાં આવે છે. જિલ્લા વિકાસ અધિકારી બી.એ.શાહે જણાવ્યું કે

અનુસંધાન પાના નં.૬

થરાદમાં પ્લાસ્ટીક ખાવાથી ગાયોનાં મોત નિપજતાં જીવદયાપ્રેમીઓમાં રોષ

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના જમડા રોડ પર પાલિકાનો બંધ પડેલો વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ આવેલો છે. જેમાં નગરપાલિકા દ્વારા નગરના ઘનકચરાનો નિકાલ કરવામાં આવેલો છે.જેમાં પ્લાસ્ટીકનું પ્રમાણ પણ પુષ્કળ છે.આથી શહેરી વિસ્તારમાં રહેતી રઝળતી (માલિકી વગરની) ગાયો ખોરાકની શોધમાં પ્લાન્ટમાં જતી હોય છે.સોમવારની સવારે જીવદયાપ્રેમીઓને દસેક ગાયો બિમાર પડેલી અને ઘાસચારા પાણી માટે તરફડતી હોવાની જાણ થઈ હતી.આથી બધા દોડી જતાં એક પાણી અને ખોરાકના અભાવે એક ગાયનું તાજુ જ મૃત્ય અને બાકી બે ગાયોના તો મૃતદેહ હાડપિંજરમાં ફેરવાયેલા જોવા મળ્યા હતા.આથી જલારામ યુવક મંડળને જાણ કરતાતાં તેના સેવકો એમ્બ્યુલન્સ સાથે દોડી આવ્યા હતા.અને ગાયોની સારવાર હાથ ધરી હતી. બીજી બાજુ જીવદયાપ્રેમીઓ સાગર વ્યાસ, કનાભાઈ રાજપુત,સંજય પુરોહિત, વિનોદભાઈ ઠક્કર, રહીમભાઈ કાજી સહિતોએ ગાયો માટે ઘાસચારની તથા પાણીની વ્યવસ્થા કરવા ઉપરાંત નગરના વિવિધ વિસ્તારોમાં ઉભા કરાયેલા પાણીના હવાડા ભરવાની પણ સગવડ કરી હતી. ત્યાર બાદ બધા નગરપાલિકામાં આવ્યા હતા. જ્યાં ચીફઓફીસર રોશનીબેન પટેલ સમક્ષ નગરપાલિકાએ નાંખેલ પ્લાસ્ટીક ખાવાથી ગાયોનાં મોત નિપજ્યું હોવાનું જણાવી પ્લાસ્ટીકનો તથા મૃત્યુ પામેલી ગાય માતાઓનો નિકાલ જેસીબી થી ખાડો કરીને કરવાનો તથા અળસીયા કેન્દ્રની ચારે બાજુ વાડ કરવાની માંગણી કરી હતી. અન્યથા જીવદયા પ્રેમીઓ દ્વારા આંદોલન છેડવાની પણ ચિમકી આપવામાં આવી હતી.જોકે ચીફઓફીસરે પણ યોગ્ય કાર્યવાહીની ખાત્રી આપી હતી.

થરાદના અગ્રણીએ પોતાના ખર્ચે લોકોને મિનરલ પાણી પીવડાવ્યું

વિષ્ણુ દવે

શહેરમાં પાણીની તીવ્ર અછત વચ્ચે ઘેરઘેર જઈને બોટલમાં પાણી પહોંચાડ્યું

પ્રતિનિધિ થરાદ

નર્મદા નહેરમાં કામગીરીના કારણે પાણીપુરવઠો બંધ કરી દેવામાં આવ્યો છે.બીજી બાજુ પાલિકા પાસે અત્યારે નળ વાટે પાણી પહોંચાડી શકે તેવા બીજા કોઈ જ વિકલ્પના અભાવે ટેન્કરો પર જ મદાર રાખવો પડી રહ્યો છે.આવા સંજોગોમાં સી.એસ. થી ઓળખાતા શહેરના ભાજપના અગ્રણી ચંપકલાલ ત્રિવેદી તાજેતરમાં જ પક્ષના સિમ્બોલ પર ચુંટણી લડીને પરાજય છતાં પણ રહીશોની ખડેપગે સેવા કરી રહ્યા છે. ત્યારે આવ્યા હતા.તેમણે પોતાના ખર્ચથી નગરના વિવિધ વિસ્તારોમાં લોકોને પીવા માટે મિનરલ પાણીની બોટલોની વ્યવસ્થા કરી હતી.

સોસાયટીઓમાં જઈને પાણી પહોંચાડનાર યોગેશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે ૧૦૦ જેટલા પરિવારોને પીવા માટે ઠંડા પાણીની ૨૦ લિટર બોટલોભરીને પાણી આપવમાં આવ્યું હતું.રહીશોને પાણીની સમસ્યા વચ્ચે પીવા માટે પાણી મળતાં આનંદની લાગણી ફેલાવા પામી હતી. જ્યારે ચંપકલાલ ત્રિવેદીની કામગીરી પ્રશંસાપાત્ર બની હતી.

બ.કાં. જિલ્લા માધ્યમિક સંઘ ભવન ખાતે સંસ્કૃત વિષયના પરિરૂપ સંદર્ભે કાર્યશાળા યોજાઈ

પ્રતિનિધિ સીસરાણા

બ.કાં. જિલ્લા 'સાંદીપનિ ભવન' ખાતે જિલ્લાના હોદેદારો મહામંત્રી ગિરીશભાઈ રાવલ, પૂર્વ બોર્ડ સદસ્ય અને પ્રમુખ અમરસિંહ ચૌહાણ તથા હરેશભાઈ ડાભી, હરપાલસિંહ પઢિયાર, ગિરીશભાઈ વણસોલા, સુભાષભાઈ વ્યાસ વગેરે પદાધિકારીઓની હાજરીમાં સંસ્કૃતનું અધ્યયન કરાવતા સારસ્વત મિત્રો દ્વારા ધો.૧૦ અને ધો.૯ ના સંસ્કૃત વિષયના અઘરા પરિરૂપમાં વ્યાકરણ વિષયને બાળકોની ક્ષમતા કરતાં વધુ પ્રાધાન્ય આપવામાં આવેલ છે. તે સંદર્ભે આવેદનપત્ર આપી અને નવા પરિરૂપ મુજબ ફેરફાર કરવા સંદર્ભે આવેદનપત્ર આપવામાં આવ્યુ અને સંસ્કૃતના નવા પરિરૂપની રચના દ્વારા ચર્ચા કરવામાં આવી. જેની સંઘ દ્વારા મા.શિક્ષણ બોર્ડમાં ઉગ્ર રજુઆત કરવા અને દેવભાષાને મૃતપ્રાયઃ થતી અટકાવવા અને સંસ્કૃતનું જતન થાય તેવા પ્રયત્નોની રજુઆત કરવાની ચર્ચા થયેલ હતી.

અનુસંધાન પાના નં.૬

તંત્રી સ્થાનેથી ...

કષ્ટ આવતા પહેલા મનુષ્યની બુધ્ધિ વિપરીત બની જાય છે.

ઔદ્યોગિક વસાહતોમાં વપરાતા પાણી પર કંટ્રોલ જરૂરી

ગુજરાત સહિત દેશના ઘણા ખરા વિસ્તારોમાં પીવાના અને સિંચાઈ માટે વપરાતા પાણીનો પ્રશ્ન જટિલ બની રહ્યો છે. વર્તમાન સંજોગોમાં ગુજરાતના ઘણા ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાએ મહેર ન કરતા લોકો પીવાના પાણી માટે તરસી રહ્યા હોવાનું કહેવાય છે. અત્યાર સુધીમાં ગુજરાત સહિત દેશના ઉદ્યોગો, ખાણ ખનિજ પ્રોજેક્ટ માટે ભૂગર્ભ જળનો ઉપયોગ કરનારાઓને સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટી પાસેથી 'નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ' મેળવી લેવાની સુચના આપવામાં આવી છે, અને આ માટે ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૮ સુધીમાં દરેક વપરાશકારોએ ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવી લેવા અરજી કરવી પડશે. હાલમાં ગુજરાત સહિત દેશના ઉદ્યોગોને વારંવાર આ માટે રિમાઈન્ડર આપવામાં આવ્યો હોવા છતાંય ભૂગર્ભ જળનો બેફામ ઉપયોગ કરતા ઉદ્યોગો સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટી પાસેથી 'નો ઓબ્જેક્શન' સર્ટિફિકેટ લેવાની કામગીરી કરતા જ ન હોવાથી તેઓને આખરી મહેતલ આપવામાં આવી હોવાનું મનાય છે. અમદવાદ શહેરમાં આવેલી ઔદ્યોગિક વસાહતો જેમાં નરોડા, વટવા, ઓઢવ દ્વારા રોજનું ૮.૫ કરોડ લિટર ભૂગર્ભ જળ વપરાય છે, ઉપરાંત ગુજરાતની ૧૮૬ સક્રિય ઔદ્યોગિક વસાહતોમાં અબજો લિટર ભૂગર્ભ જળનો વપરાશ કરવામાં આવી રહ્યો છે. પરંતુ તેની સામે ઔદ્યોગિક એકમો તરફથી જળસંચય માટે અપેક્ષા પ્રમાણે કોઈપણ જાતના પ્રયાસ કરવામાં આવ્યા નથી, આ પણ એક ગંભીર બાબત માની શકાય.

ભૂગર્ભ જળના વપરાશ માટે ઉદ્યોગો ૧૦૦૦ લીટરે રૂા. ૨૦ ચુકવે છે. પરંતુ ભૂગર્ભ જળ રિચાર્જ કરવા માટે ઉદ્યોગો તરફથી કોઈ ખાસ કામગીરી થતી નથી. ઉદ્યોગો માટે અમદાવાદમાં 'સરફેલ વોટર' ઉપલબ્ધ ન હોવાથી તેઓ ભૂગર્ભ જળનો ઉપયોગ કરી રહ્યા હોવાનું ઉદ્યોગોનું કહેવું છે.અમદાવાદ સહિત ગુજરાતમાં ભૂગર્ભ જળ વપરાય છે તેની તુલનાએ માંડ પાંચ ટકા જળનું રિચાર્જિંગ થતું હોવાનું જળસંચય સાથે સંકળાયેલા અધિકારીનું કહેવું છે તેમનું માનવું છે કે ઉદ્યોગોમાં જળસંચયની બાબતમાં સજાગતા નથી તેવી જ રીતે રહેઠાણમાં પાણીનો ઉપયોગ કરનારાઓ પણ જળસંચયની બાબતમાં જોઈએ તેવા સક્રિય ન હોવાનું જોવા મળે છે. ભૂગર્ભ જળ પર આવનારી પેઢીનો પણ અધિકાર સ્વીકારતા ગુજરાત ચેમ્બરના પૂર્વ પ્રમુખ શૈલેષ પટવારીનું કહેવું છે કે ઉદ્યોગો પાસે અત્યારે ભૂગર્ભ જળનો ઉપયોગ કરવા માટે લેવામાં આવતા ચાર્જમાં પાંચથી દસ ટકાનો વધારો કરીને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે એક ભંડોળ ઉભું કરવું જોઈએ અને આ ભંડોળનો ઉપયોગ તેમણે ભૂગર્ભ રિચાર્જ કરવા માટે જ માત્ર ખર્ચ કરવો જોઈએ. રાજ્યમાં જળસંચય સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે ઔદ્યોગિક વસાહતો દ્વારા જીઆઈડીસીમાં કે બહાર જળસંચય માટે જે અપેક્ષા પ્રમાણે પ્રયાસો થતા નથી. ભૂગર્ભ જળના રિચાર્જ માટે દરેક સોસાયટીમાં બોર કરવાની કાયદાકીય જોગવાઈ છે પરંતુ મોટા ભાગના બિલ્ડરો કે ડેવલપર્સ માત્ર દેખાવ પૂરતો રિચાર્જ બોર બનાવી દે છે, જે યોગ્ય નથી.

કેટીએમ દ્વારા ચાંદખેડામાં રોમાંચક સ્ટંન્ટ શોનું આયોજન

ચાંદખેડા

યુરોપીયન રેસિંગ લિજેન્ડ કેટીએમ દ્વારા ચાંદખેડામાં દિલધડક અને રોમાંચક કેટીએમ સ્ટંન્ટ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્ટન્ટ શોનું આયોજન માઈન્ડબ્લોઈંગ સ્ટન્ટ રાઈડ્સ અને પ્રોફેશનલ સ્ટન્ટ રાઈડર્સની ટ્રીક્સ દર્શાવવા માટે કરાયું હતું.આ સ્ટંટ શો ચાણક્ય પ્લાઝા, ઈન્ડસલેન્ડ બેન્કની સામે, ન્યુ સીજી રોડ, ચાંદખેડા ખાતે આયોજીત કરવામાં આવ્યું હતું. વ્યાવસાયિક સ્ટંટ ટીમે કેટીએમ ડ્યુક બાઈકો પર સ્ટંટ દર્શાવ્યા હતા.આ ઈવેન્ટ તમામ લોકો માટે ખુલ્લી મુકાઈ હતી અને રોમાંચક સ્ટન્ટ્સથી શહેરમાં ધૂમ મચી ગઈ હતી. અત્યાર સુધીમાં કેટીએમ સ્ટન્ટ શોનું આયોજન સુરત, રાજકોટ, અમદાવાદ, કાંચીપુરમ, કોઈમ્બતુર, ચેન્નઈ, વિજયપુર, લખનઉ, ઔરંગાબાદ, જમ્મુ, જલંધર, જબલપુર, ગાંધીનગર, જામનગર, મોડાસા, ડીસા, નવસારી, ભાવનગર, જોધપુર અને અન્ય ઘણાં શહેરોમાં કરાયું છે.

કેટીએમ પ્રશંસકો કેટીએમ બાઈક્સની વિવિધ રેન્જમાંથી ખરીદી ૧૧, સાબરમતી મનમોહન સોસાયટી, કલોલ હાઈવે રોડ, શિવ શક્તિ નગર બીઆરટીએસ બસ સ્ટેન્ડની સામે, ચાંદખેડા, ગુજરાત ખાતે થી કરી શકે છે.

આત્મચિંતન

ઉઠો, જાગો અને પ્રગતિ કરો

ઉઠો અને જાગો આ શ્રુતિનો આદેશ છે. પરમપિતાનો દરેકના અંતઃસ્તરમાં ગુંજતો ઉદઘોષ આ કેટલાય વાંચ્યો કે નથી વાંચ્યો એ ખબર નથી પરંતુ આ વાક્ય વારંવાર ગુંજ્યો છે અને અંતઃદ્વારને દરેક વખતે ખટખટાવ્યો છે. સંસારમાં દરેક મૂશ્કેલીઓએ, દરેક દુઃખે, દરેક વિચ્છેદ સો વાર આપણી અંતરાત્માની તંત્રિકાને ઝંકૃત કરી છે અને તેમાંથી માત્ર એક જ વાણી નીકળી છે- ઉઠો અને જાગ્રત થાઓ.

આપણા પોતાના નવજાગરણ માટે અંતમાં પ્રતિષ્ઠિત એ "આત્મદેવ" સુંદર અનિમેષ આંખોથી પ્રતિક્ષા કરે છે કે, ક્યારે તે પ્રભાત આવશે અને ક્યારે રાત્રિનો અંધકાર દૂર થઈને અપૂર્ણ વિકાસને નિર્મળ, નવોદિત અલોકથી પ્રકાશમાન, ઉદયમાન કરી નાંખશેમનુષ્ય જ એક એવું પ્રાણી છે જે વિચારે છે કે શા માટે વિશ્વવ્યાપી આનંદ કિરણ વર્ષાથી, એવી જ સ્વાભાવિકતાથી એ પણ વિકસિત ના થાય ? તે શા માટે પોતાની પાંખોને સંકુચિત કરી બેઠો છે ? પ્રભાતના સૂર્યથી લઈને પ્રકૃતિનો કણ કણ, સુંદર જગત પ્રત્યેક ક્ષણે આપણને એમ જ કહે છે કે "પોતાને વિકસિત કરો, પોતાના અભિમાનનું સમર્પણ કરો, પોતાના સ્વાર્થો તરફ મોઢું ફેરવીને એકવાર પૃથ્વીની તરફ પણ દેખો. આ સુખ-દુઃખથી ભરેલ વિચિત્ર સંસારમાં અચિંત્ય-અગોચર બ્રહ્મસત્તાને પોતાની જાતને અર્પિત કરી દો.. **ગાયત્રી શક્તિપીઠ, ડીસા**

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યક્તિગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

વ્યસન મુક્તિ

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ૧૯૮૮ થી દર વર્ષે ૩૧ મી મે ના રોજ વિશ્વભરમાં તમાકુ નિષેધ, વ્યસનમુક્તિની ઉજવણી કરવામાં આવે છે. છતાં પણ વ્યસની લોકોની સંખ્યા ઘટવાના બદલે વધતી જ જાય છે.

આજના દિવસે શિખવા જેવી એક સુંદર વાર્તા પરથી શિખ લઈએ.

એકવાર એક કુંભાર માટીના વાસણો બનાવતો હતો. તેણે એક ચલમ બનાવી. પછી તેને વિચાર આવ્યો કે ચલમ નહી પરંતુ બીજુ કંઈક બનાવું. વિચારી તેણે બીજી માટી ઉમેરી માટલી બનાવી. ચલમને જ્યારે ભાગી નાખી ત્યારે તે માટીએ કુભારને પુછ્યું કે તે તો મને ચલમ બનાવી હતી. ભાગી કેમ નાંખી. ત્યારે કુંભારે માટીને કહ્યું કે મેં તને બનાવ્યા પછી મારી મતિ ફરી ગઈ અને વિચાર આવ્યો કે ચલમ નહીં માટલી બનાવું. અને મેં બીજી માટી ઉમેરી માટલી બનાવી. માટીએ કુંભારને કહ્યું કે તારી તો મતિ ફરી ગઈ પરંતુ મારી તો કિસ્મત બદલાઈ ગઈ. જો હું પોતે પણ શીતળ રહીશ અને બીજાને પણ શીતળ બનાવીશ. આપણે સહુએ પણ શીખ લેવાની જરૂર છે.

જન્મથી જ સ્વતંત્ર હોવાનો દાવો કરતો માનવ કેવી ગુલામીમાં ફસાય છે ? વ્યસનના નુકશાનની જાણકારી હોવા છતાં પણ બીડી સિગારેટના ધૂમાડામાં પૈસા, સ્વાસ્થ્ય, સમયને પણ બરબાદ કરે છે.વ્યસનો એ ફરીથી ગુલામ બનાવી દીધા છે. લાખો યુવાનોની રચનાત્મક શક્તિઓનો નાશ થઈ રહ્યો છે. અનેક વ્યક્તિઓને માનસિક રીતે પરવશ બનાવી દીધા છે. વિચારો ગુલામ કોણ ? આ વિશ કન્યાના રૂપમાં એવું તો શું છે? જે પાંચ ફૂટનો માણસ તેના તરફ આકર્ષાઈ જાય છે.

વ્યસન એટલે શું ?

નુકશાનકારક હોવા છતાં પણ કાબુ વિના ફરજીયાત પણે કોઈ દ્રવ્યનો ઉપયોગ કરવોજ પડે છે. તેને વ્યસન સમજવામાં આવે છે. તમાકુનું નિકોટીન, ગાંજો, શરાબ, અફીણ અને ડ્રગ્સનો ઉપયોગ શરીરને તેના પર નિર્ભર બનાવે છે. શરાબ અને તમાકુ જેવા દ્રવ્યો વિશ્વભરમાં વ્યસન બની ગયાં છે. કોઈ દ્રવ્યનું સેવન કેટલી ઝડપથી વ્યસનમાં ફેરવાય છે. તેનો આધાર વ્યક્તિ ઉપર છે. કોઈ વ્યક્તિ પ્રથમ સેવનથી જ વ્યસની બની જાય છે. ઘણા લોકો પ્રસંગોપાત ઉપયોગ કરે છે. છતાં પણ વ્યસની બનતા નથી. તમાકુમાં રહેલું નિકોટીન ખુબ જ ઝડપથી વ્યસનમાં ફેરવાતું હોવાનું સંશોધકો માને છે.

સિગારેટ કે બીડીનો પહેલો કશ માણસના મગજને બીજી સિગારેટ માગવા મજબુર કરે છે.

મગજના કોષોમાં ચાલતી આ પ્રક્રીયા વૈજ્ઞાનિકોએ ખૂબ સારી રીતે સમજાવી છે. મગજનો રીવોર્ડ એરીયા આપણને તંદુરસ્ત રાખવામાં મહત્વનો ભાગ ભજવે છે. આ એરીયામાં ઉત્પન્ન થતો આનંદવર્ધક સ્ત્રાવ ડોપામાઈન આપણા વર્તન માટે ખુબ જ જવાબદાર છે. નિકોટીનનો પ્રથમ સંપર્ક મગજના કેન્દ્રમાં સચવાઈ જાય છે.

ન્યુરો સામાયિકમાં રજુ થયેલ એક અભ્યાસમાં સંશોધકોએ કહ્યું છે કે મગજના રીવોર્ડ કેન્દ્રના પ્રેન્ટલ ટેગામેન્ટલ વિસ્તારમાં ઉશ્કેરણીજનક ન્યુરોન નિકોટીન દ્વારા વધુ શક્તિશાળી બને છે. અને ડાપામાઈન વધુ સ્ત્રાવ ઉત્પન્ન કરે છે. આ પ્રક્રીયાને સંશોધકો વ્યસન વળગવાનું પ્રથમ જૈવિક પગથિયું ગણે છે. મગજ ભૂલથી નિકોટીનને લાભદાયક સમજીને તેની પ્રથમ અસરને યાદ રાખે છે. અને ફરીવાર તેની તલપ પેદા કરે છે. આમ વ્યક્તિ વ્યસની બની જાય છે.

વ્યસનનો સીધો અર્થ છે. ખરાબ આદત આ પરીવર્તન શરીરને નિકોટીનની કાયમી જરૂરીયાત ઉપર આધારીત કરી દે છે. નિકોટીનનું પ્રમાણ ઓછું થતાં જ મગજ બીજું નિકોટીન માગતું થઈ જાય છે. નિકોટીન ડોપામાઈન સ્ત્રાવમાં વધારો પણ કરતું હોવાથી તે મળતાં આનંદની લાગણી ઉત્પન્ન થાય છે.

વ્યસનનું કારણ

જેમ દાર પીવા માટે 'પીને કા બહાના ચાહીએ" તેમ વ્યસન કરનારા લોકો એવું માનતા હોય છે કે મૂડ આવે છે, સારૂ રહે છે. મગજ હલ્કું રહે છે. એવું માનવામાં આવે છે કે લગભગ વ્યસની લોકોને માનસિક તકલીફ હોય છે. શોખથી વ્યસન ચાલુ રાખનારની સંખ્યા ઓછી હોય છે. ધીરે ધીરે શોખ ન રહેતા ફરજીયાત પણે લેવું પડે તેવી પરિસ્થિતિ ઉભી થાય છે. વ્યસન અને માનસિક રોગને સીધો સંબંધ છે.

શું આ તમે જાણો છો ?

★ ૩૦ સેકેન્ડે વિશ્વમાં એક વ્યક્તિ ફેફસાના કેન્સરથી મૃત્યુ પામે છે.

★ ડબલ્યુ.એચ.ઓ. ની પ્રયોગશાળામાં કરાયેલી ચકાસણી મુજબ તમાકુમાં ૪૦૦૦ હાનિકારક રસાયણો છે.

★ ડબલ્યુ.એચ.ઓ.એ ચેતવણી આપી છે કે ૨૦૨૦ સુધીમાં સિગારેટ પીવાથી મરનારાઓની સંખ્યા પ્રતિવર્ષ ૧૦ મિલિયન જેટલી વધી જશે. ૭૦ ટકા વિકસિત દેશોમાં હશે.

★ ભારત જેવા દેશોમાં દર વર્ષે ૨ ટકા લોકો તો ધુમ્રપાન કે તમાકુના સેવનમાં વધારો થતો જાય છે.

★ આપણા ગરીબ દેશમાં દર વર્ષે ચૌદ અરબ રૂપિયા નશાની હોળીમાં ફૂંકાય છે.

★ભારતમાં ૬૦ ટકા લોકો શરાબ ને કારણે પાગલ થયા છે.

★ ભારતમાં ૧૫ ટકા લોકો રોજ શરાબ પીએ છે.

★ શરાબી પોતાની ઉમરનાં ૨૦ વર્ષ વ્યસન પાછળ ઓછાં કરે છે.

★ રોજ એક પેકેટ સિગરેટ પીના રોજના ખર્ચને વર્ષ સુધી બેંકમાં જમા કરે તો ૩.૫૦.૦૦૦ મળે

★ ગધેડું પણ તમાકુના ખેતર પાસેથી નીકળે તો તરત જ પોતાનો રસ્તો બદલી દે છે. વિચારો સમજદાર કોણ ?

★ ખૂબ જ ઝેરીલો કોબ્રા સાપ તમાકુના ખેતરમાં જતો નથી અને જાય છે તો બેહોશ થઈ જાય છે.

★ અમેરીકામાં રોજના ૧૦૦૦ થી વધુ માણસો ધુમ્રપાનથી મરે છે.

★૧૦૦૦૦૦ થી વધુ હૃદયરોગથી મૃત્યુ પામનારા દર્દીઓ વધુ પડતુ ધૂમ્રપાન કરતા હોવાનું માલુમ થયું છે.

★ વિશ્વમાં થતાં ખૂન કરતાં ૫૫ ગણા મૌત ધૂમ્રપાનના કારણે થાય છે. વર્ષે ૭.૪૦.૦૦૦, રોજના ૨૧૦૦, કલાકે ૮૪ વ્યક્તિઓ ધ્રૂમપાનના કારણે મરે છે.

★ તમાકુના સેવનથી હાઈકોલેસ્ટ્રોલ થાય છે.

★ ૧ સિગરેટ પીવાથી મનુષ્યનું આયુષ્ય સાડા પાંચ મિનિટ ઓછું થાય છે. રોજ ૨૦ થી વધુ સિગારેટ પીનારનું ૭ થી ૮ વર્ષ આયુષ્ય ઓછું થાય છે. ૧૦ ગુટખા ખાનારનું ૪ થી ૫ વર્ષ આયુષ્ય ઘટે છે.

★ ઘરમાં પુરૂષ ધુમ્રપાન કરતો હોય તો જીવનસાથી, સંતાનો માટે કેન્સરનું જોખમ ૨૫ ટકા વધી જાય છે.

★ વિશ્વમાં ૧૭ ટકા કેન્સર ધૂમ્રપાન કરનારની સાથે રહેનારને થાય છે.

વ્યસનથી થતુ નુકશાન

★ ધૂમ્રપાનથી આંખોમાં અંધાપો આવે છે. કીકીનો રેટીના ખવાઈ જાય છે. રક્તવાહીનીના સંકોચાવાથી દૃષ્ટિ અચાનક બંધ થઈ જાય છે. જેને ટોબેકો એજ્બ્બયોપિયા કહેવાય છે.

★ તમાકુના સેવનથી હાર્ટ અટેક, નપુંસકતા આવે છે.

★ ટી.બી., અસ્થમા, લકવો, જેવા રોગો થાય છે.

★ વ્યસનથી મોંમાં ચાંદા પડી જાય છે. સ્વાદ, ગંધ પારખવાની શક્તિ ઘટે છે.

★ રોજ ૨૦ સિગારેટ પીનાર વ્યક્તિ પોતાની ઉમરનાં ૧૦ વર્ષ ઓછા કરે છે.

★ ધુમ્રપાન અને તમાકુ ચાવવાથી ઝેરી પદાર્થોના કારણે દાંતના મૂળમાં સડો થાય છે. બે દાંત વચ્ચેના ઈનેમલ નબળા પડે છે.

★ માથાના વાળ જલ્દીથી ધોળા થાય છે

★ સ્ફૂર્તિ ઓછી થાય છે. આંતરડામાં, હોજરીમાં ચાંદાપડે છે.

★ ત્વચા સુકાઈ જાય છે. કરચલીવાળી બને છે. આવા રોગને જ્યુકસ ફાઈબ્રોસીસ કહે છે.

★ પાન મસાલામાં મ્યુટજન નામનું તત્વ હોય છે. જે કેન્સર ને નોતરે છે.

★ સોપરીના કારણે કોલેજન નામનું પ્રોટીન ઉત્પન્ન થાય છે. જેથી જડબાના સ્નાયુઓ જકડાઈ જાય છે.

★ મોં ખુલી શકતું નથી.

★ ચામડીના 'એપિથેલિયમ' નામના કોષો નાશ પામે છે. ચામડી ઝડપથી ચિમળાઈ જાય છે.

★ધુમ્રપાનથી લોહીમાં રહેલું હીમોગ્લોબીન ઝડપથી શોષાઈ જાય છે. આથી હૃદય નબળું પડે છે. હાઈ બ્લડપ્રેશરથી બ્રેઈન હેમરેજ નો પણ ભોગ બને છે.

★ધુમ્રપાનથી તમાકુના નિકોટીન ઉપરાંત દહનને કારણે ઉત્પન્ન થતો કાર્બન મોનોક્સાઈડ સિગારેટ પીનારને તેમજ આસપાસ રહેલી વ્યક્તિઓને પણ નુકશાન કરે છે.

અનેક આવાં પ્રમાણો આપણી નજર સામે જ છે. વ્યસન લેવાવાળા વ્યક્તિઓ પોતે પણ જાણે છે. પરંતુ કમજોરીવશ મુક્ત થઈ શકતા નથી.

"દારૂ ને દારૂડીયો શું પીએ ?
દારૂ જ દારૂડીયા ને પીએ છે"

યુવાનો માટે તો વ્યસન એક ફેશન બની ગઈ છે. તેઓ તમાકુ, પાન, સોપારી ચાવતા નથી, પરંતુ મૌતની નજીક જઈ રહ્યા છે. સિગારેટ ટેસથી પીનારાને કેન્સરની બિમારીનું નામ સાંભળતાં જ ટેસ નીકળી જાય છે.

સદા યાદ રાખો "પહેલાં માનવી ટેવને પાડે છે.

પછી ટેવ માનવીને પાડે છે.

એક લોક સાહિત્યકારે વ્યસન વિશે કહ્યું કે

"તમાકુ તુજ મે તીન ગુણ
બુઢ્ઢા કભી ન હોય
તસ્કર ના આવે કભી
કુત્તા કભી ના ખાય"

વડીલો કહેતા "ખાય તેનો ખૂણો,

સૂઘે એના કપડા
અને પીએ એનું ઘર
એ પણ થાય બરબાદ

એક પૌત્રે પોતાના દાદાને કહ્યું કે બીડી પીવાનું બંધ કરો કેટલી ઉધરસ આવે છે ? દાદાએ કહ્યું કે "અલ્યા તું કોલેજમા ભણી આવ્યો એટલે બહુ ડાહ્યો થઈ ગયો. મારા બાપા એક દિમાં બે અઢી ઝૂડી ફૂંકતા, બીડી એટલે સ્વર્ગની સીડી ગોર મને ભગવાનની બીક બતાવતો હતો. મેં કહી દીધું.

"ધુમ્રપાન મ મહાદાનમ
ગોટે ગોટે ગૌ દાનમ"

વ્યસનમાં પુરૂષો જ નહીં પરંતુ હાઈ સોસાયટીનું બેકગ્રાઉન્ડ ધરાવતી આધુનિક વિચારાધારા ધરાવતી સ્ત્રીઓમાં વ્યાપક પ્રમાણમાં સિગારેટ ફૂંકવાનો એક જોખમી ક્રેઝ શરૂ થયો છે. ગ્રામ્ય આદિવાસી સ્ત્રીઓ પણ વ્યસન કરે છે. એક સંસ્થા એ ભારતના વિવિધ વર્ગની સ્ત્રીઓની તમાકુ સેવનની આદતનો સર્વે કર્યો

★ ભારતમાં ૧૯૯૦ પછી ધ્રુમપાન કરતી સ્ત્રીઓની સંખ્યામાં અઢી ગણો વધારો થયો છે.

★ વ્યસન ન કરનારી મહીલા કરતાં વ્યસન કરનારી મહીલાના બાળક કમજોર હોય છે.

વ્યસન મુક્તિના ઉપાય

ધુમ્રપાન કરવું જેટલું સહેલું છે. તેટલું છોડવું સહેલું નથી. ઘણા લોકો વ્યસન છોડીને પછી વ્યસની બની જાય છે. જો કે આવા લોકો માટે ધુમ્રપાન છોડવાની નવી પધ્ધતિઓ અમલી બનાવાઈ છે. ધ્રુમપાન છોડવા માટે તાજેતરમાં બ્રુપો પ્રિયોન નામની નવી ઓષધી ને અમેરીકાના ફૂડ એન્ડ ડ્રગ્સ ઈન્સ્ટીટ્યુટને માન્યતા મળી હોવાથી આ દવા હવે ભારતમાં પણ ટૂંકા ગાળામાં જ બજારમાં ઉપલબ્ધ થશે.

★ વ્યસન છોડવાની તારીખ નક્કી કરો

★ ખુલ્લી હવામાં ચાલો.

★ વ્યસની મિત્રોના સંગથી દૂર રહો.

★ જે કારણથી વ્યસન તરફ પ્રેરાયા તે કારણનું નિવારણ કરો

★ પુષ્કળ પાણી પીઓ. તમાકુની તલપ લાગે ત્યારે પાણી પીઓ.

★ ફરીથી લેવાનું મન ન થાય તે માટે વ્યસનની ચીજોને ઘરમાં ન રાખો. એશ ટ્રેવ હટાવી દો.વ્યસનની ચીજો મળે છે તે રસ્તે ન જાઓ.

★ એરોબિક કસરત કરો, દોડવું, ચાલવું સાયકલ ચલાવવી, દોરડાં કુદવાં, ઈચ્છા પડે તો શારિરીક શ્રમ કરો.

★ નિયમિત યોગાસન,ધ્યાન કરો, માથું દુખે કે ગળું બળે તો ખુશ થાઓ તે દર્શાવી રહ્યું છે કે તમારૂ શરીર તમાકુની જીવલેણ પકડમાંથી છૂટી રહ્યું છે. સામાન્ય માથું દુખે તે કોઈ મોટી વાત નથી.

સ્વજનને કહી રાખો કે કદાચ ચિડાઈ જાઓ તો શાંત રહે, તમારી સમસ્યા ખુલ્લા દીલથી સ્વજનો સાથે ચર્ચતા રહો, સંતો અને ગમતા સ્વજનોને વારંવાર મળતા રહો એમની હૂંફ કામ આવશે.

★ દિનચર્યા બદલો, સવારે પહેલા વ્યસન પછી કામ કરતા હોય તો પહેલા ધ્યાન, કસરતને સ્થાન આપો.

★ બીડી પીવાનું યાદ આવે ત્યારે ફળોનો જ્યુસ, મુકવાસ લો.

★ વ્યસન છોડવાથી થતી બચતથી મનપસંદ વસ્તુ ખરીદો

★ એક સિગારેટ પણ ઘણી વધારે છે તે ભુલશો નહીં. લાલચને કાબુમાં રાખો. આગનો એક તણખો આખા ગામ સળગાવી ખાક કરી દે છે. તેમ એક સિગારેટ બીજી ઘણી ને પ્રવેશ આપશે. માટે એક સિગારેટની પણ લાલચ ન રાખો.

★ તમાકુ મુક્તિ દિવસ એ એક સિધ્ધિ છે. એક એક દિવસ કરતાં કાયમ માટે તમાકુ છોડી શકશો.

★ ધ્રુમપાન છોડવા માટે પ્રબળ માનસિક શક્તિ અત્યંત જરૂરી છે.

★અઢી ઈંચની બીડી, છ ફૂટનો માનવી ! બીડી નો ગુલામ ?

★ વ્યસનના પ્રત્યે ધૃણા ભાવ પૈદા કરો. વ્યસન ગટરના કીડા સમાન છે.

★ મનપસંદ કાર્ય પ્રત્યે મનને વાળો. ગીત, સંગીત, નૃત્ય.

★ સકારાત્મક ચિંતન કરો વ્યસન મુક્ત બની શકાશે.

★ જીંદગીને ચાવી ચાવીને ઝેર જેવી બનાવવી નથી

★ ધુમ્રપાનને રાખો દૂર, જીવન બનશે મધુર

★ બ્રુપોપિયોન દવા લીધા પછી બે અઠવાડીયા પછી ધુમ્રપાન વિરોધી કામ શરૂ થાય છે.

★ ધુમ્રપાનની તલપ લાગે ત્યારે મગજમાંથી ડોપામાઈન નામના રસાયણનો સ્ત્રાવ વધતા માંડે છે. પરંતુ આ નવી દવા લેવાથી તેના ઉપર બ્રેક વાગવાથી આ દવા ધુમ્રપાન છોડવા માટે ઉપયોગી થઈ પડે તેમ છે.

★ વિચારો જીવન શેના માટે છે ? ધૂમાડામાં ફૂંકી દેવા ?

થોડીવાર શાંતિમાં બેસી પ્રભુનું ધ્યાન કરો. પ્રભુ પાસેથી શક્તિ માંગો. આવા અનેક ઉપાયો અજમાવી જુઓ અને તેથી પણ મુક્ત ન થઈ શકો તો આપ બ્રહ્મા-કુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં આવી શકો છો. રોજ પ્રભુનું ધ્યાન આપણને ઘણી શક્તિ આપે છે. અહીં આવનાર ઘણા ચેઈન સ્મોકર પણ વ્યસન મુક્ત બન્યા છે.

બી.કે.નીતાબેન
મુ.પાટણ

માનિત જૌરા, "જ્યારે મને કાસ્ટિંગ કાઉચનો અનુભવ થયો ત્યારે એક સાંસ્કૃતિક જટકો લાગ્યો હતો"

ઝી ટીવીના સપ્તાહના અંતના ચેટ શો, 'જઝબાત... સંગીન સે નમકીન તક'એ દર્શકોને રોહિત અને રોનિત રોય, અદા ખાન, દિવ્યાંકા ત્રિપાઠી, ધિરજ ધૂપર, રાખી સાવંત, બરુણ સોબતી, કરણ પટેલ, આશકા ગોરાડિયા, ગૌરવ ચોપ્રા અને અન્ય ઘણા પ્રસિદ્ધ સેલિબ્રિટીઓના વ્યક્તિગત જીવનને નજીકથી જોવાનો અને તેમનાથી નજીક જવાનો મોકો આપ્યો છે. આ સપ્તાહના અંતમાં ઝી ટીવીનો અગ્રણી અને હાલના ટેલિવિઝનમાં સમગ્ર દેશના દિલની ધડકન માનિત જૌરા, કરણ વોહરા અને અક્ષય મહાત્રે સાથે આવશે અને સમગ્ર સાંજ દરમિયાન મસ્તીભર્યું મનોરંજન પુરું પાડશે. આ હેન્ડસમ ટ્રાયો તેમના જીવનના કેટલાક - 'સંગીન' અને 'નમકીન' પળો અંગે હોસ્ટ રાજીવ ખંડેલવાલની સાથે ખુલ્લા દિલથી ચર્ચા કરશે.શો દરમિયાન, ફૂટડા યુવાનોએ તેમના પ્રવાસની ઘણી નાની રસપ્રદ વાતો જણાવી. એપિસોડ દરમિયાન કાસ્ટીંગ કાઉચની ચર્ચા નિકળી અને રાજીવએ ત્રણેયને પૂછ્યું કે, શું તેમનો સામનો થયો છે. તો દરેકના આશ્ચર્યની વચ્ચે અભિનેતા માનિત જૌરાએ એક પ્રમાણિક સ્વિકાર કર્યો અને તેના કાસ્ટિંગ કાઉચની ભયાનક કથા વર્ણવી.

અત્યંત ભાવુક વાતો અને મસ્તીભરી ચર્ચા ઉપરાંત, માનિત, અક્ષય અને કરણએ ટન ટના ટનના બીટ પર ડાન્સ કર્યો ઉપરાંત ટ્વિસ્ટરની રમત પણ રમી અને હાસ્યની છોળો ઉડી. દર્શકો પણ ગરમી અનુભવશે જ્યારે જોશે કે, ફૂટડા યુવાન માનિત અને કરણ શોમાં શર્ટ ઉતારશે. વધુમાં, મનોરંજનનું ક્વોશન ત્યારે એક નવી ઊંચાઈ આંબશે, જ્યારે દર્શકો આ ત્રણેયની વચ્ચેનું સંયોજન જોશે અને દિલથી દિલની ચર્ચા દ્વારા તેમના વ્યક્તિગત જીવન વિશે પણ જાણશે.વધુ જાણવા માટે જોતા રહો, જઝબાત્ત... સંગીન સે નમકીન તક દર શનિવારથી રવિવાર, સાંજે ૭ વાગ્યે ફક્ત ઝી ટીવી પર!

લઘુકથા : પાંચ ફેરા

એણે ન્યૂયોર્કથી મુંબઈના પાંચ ફેરા કર્યા અથવા કહો કે ૨૫ વરસમાં એણે અમેરીકા અને ભારત વચ્ચે પાંચ આંટા માર્યા. ઈ.સ.૧૯૭૫, ૧૯૮૦, ૧૯૮૫, ૧૯૯૦, ૧૯૯૫ દરેક વખતે વરસનો મહિનો ડિસેમ્બર.

એ અમેરિકા ગયો ત્યારે એની ઉંમર ૨૦ વર્ષ અને એના પિતાની ૪૫ વરસની હતી માતા તો એ તેર વરસનો હતો ત્યારે ગુજરી ગયેલી. પિતાની સંમતિથી એ અમેરિકાની કોઈ ગોરી છોકરીને પરણી ગયેલો. પરણ્યા પછી પહેલી વાર એટલે કે ૧૯૭૫માં ગોરી છોકરી પુત્રવધૂનો પાઠ ભજવવા આવેલી. પાઠ ખૂબ સારી રીતે ભજવેલો એ પછી એણે ભારત આવવાની કોઈ ઈચ્છા બતાવી નહોતી. દર મુલાકાત વખતે પુત્ર અને પિતા ભારતની ભૂમિ ઉપર સહારા એરપોર્ટ પર મળતા એ વખતનાં દૃશ્ય આ રહ્યાં.

૨૦ ડિસેમ્બર ૧૯૭૫

પરાગ એર ઈન્ડિયાના જંબો ૭૪૭ ની ફ્લાઈટ નં.૧૦૧ માં ઉતર્યો. કસ્ટમની ચેનલમાં પસાર થઈને બહાર આવ્યો. એની પત્ની લ્યુસી એની સાથે હતી.પરમાણંદદાસ એને આવકારવા ઉભા હતા.

પરમાણંદનું શરીર તામ્રવર્ણુ અને કસાયેલા સ્નાયુઓવાળું હતું. માથા પર કાળા વાળાનાં જુલફાંનો ભારેજથ્થો હતો. પુત્ર અને પુત્રવધૂને સાથે જોઈને એમની આંખમાં હરખની એક છાલક આવી ગઈ.

૨૭ ડિસેમ્બર ૧૯૮૦

પરાગ એર ફ્રાન્સના વિમાનમાંથી ઉતર્યો. ભારતની ભૂમિ પર પગ મૂકતાં એને રોમાંચ થયો હોય એવું જણાયું. એની આંખો પિતાને શોધી રહી હતી. બેગેજ કલેકશન આગળ પિતાનો ભેટો થયો.

પરમાણંદદાસના વાળની લંબાઈ થોડી ઘટી હતી, એટલે પેલાં ઝુલફાંના વળાંક ખાસ દેખાતા નહોતા. માથા પર ક્યાંક ક્યાંક ધોળા વાળ દેખાતા હતા. મૂછના વાળની લંબાઈ સહેજ વધી હતી.

૧૮ ડિસેમ્બર, ૧૯૮૫

એર ઈન્ડિયાના વિમાનમાંથી પરાગ ઉતર્યો. એરપોર્ટ પરના નિયમો હવે કડક બન્યા હતા. છેક બહાર નીકળ્યા પછી પિતાના દર્શન થયાં.

પરમાણંદદાસના વાળ હવે વધારે ટૂંકા થયા હતા. ખેતરમાં તલ એ તુવેરનો મિશ્ર પાક હોય એમ ધોળ અને કાળા વાર સરખે હિસ્સે વહેંચાયેલા હતા.

૨૯ ડિસેમ્બર, ૧૯૯૦

પરાગ એર ઈન્ડિયાના વિમાનમાંથી ઉતર્યો. એરપોર્ટ બહાર નીકળ્યા પછી એણે પિતાને ભીડમાં ઉભેલા જોયા. આ વખતે એમની સાથે બાર-તેર વરસનો કિશોર હતો. કદાચ એમના ભાઈનો પૌત્ર હશે.પરમાણંદદાસે ગળું ઢંકાય એવી આખી બાંયની ગરમ જરસી પહેરી હતી. વાળ આછા અને સાવ ટૂંકા હતા. મોટા ભાગના સફેદ, હવે મૂછ કાબરચીતરી બની હતી.

૨૫ ડિસેમ્બર, ૧૯૯૫

આ વખતે પરાગ એરપોર્ટમાંથી બહાર નીકળ્યો ત્યારે એણે પિતાને ન જોયા. અલબત્ત, એને ખબર હતી કે પોતે પિતાને એરપોર્ટમાંથી બહાર દર વખતની જેમ જોઈ શકવાનો નથી, છતાં એણે પિતાને ન જોયા એટલે એક આંચકો લાગ્યો.

એ ઘેર પહોંચ્યો ત્યારે પરમાણંદદાસની નનામી તૈયાર થયેલી હતી. બે વાંસડા સાથે બાંધેલા ખપાટિયાં ઉપર એ સૂતેલા હતા. આખો દેહ કોરા સફેદ કાપડમાં વિંટાયેલો હતો. અને ઉપર કાથીની દોરીના તંગ ખેંચાયેલા હતા. કાપડમાં ઢંકાયેલા માથા પરના વાળની સ્થિતિ ન સમજાય એવી હતી, કદાચ ટાલ પણ હોય !

કોઈએ એને કહ્યું :'તને ફોન કર્યા પછી ઘણી રાહ જોઈ. બે દિવસ થયા. ધાર્યું, કદાચ કંઈક વિઘ્ન આવ્યું હશે. અથવા ફ્લાઈટનું ઠેકાણું નહિ પડ્યું હોય. શબને ક્યાં સુધી રાખી મૂકવું ? પછી તો સૌની સલાહથી નિર્ણય લીધો. છેલ્લે છેલ્લે મોંના દર્શન કરી લેવા છે ? ખોલી નાંખીએ.'

પરાગ ચાર પાંચ ક્ષણ અવઢવમાં રહ્યો. પછી બોલ્યો : 'ના, ના ચાલશે.'

અને બાંધેલા શબને એણે બે હાથ જોડી નમસ્કાર કરી લીધા.

મોહનલાલ પટેલ

હેલ્થ અને ન્યૂટ્રિશન પોર્ટફોલિઓને મજબૂત બનાવવા માટે પરાગ મિલ્ક ફૂડસ સ્વદેશી કંપની 'કલરપ્લસ એબી' સાથે હાથ મેળવે છે



મુંબઈ

ભારતની સૌથી મોટી પ્રાઈવેટ ડેરી કંપનીઓમાંની એક પરાગ મિલ્ક ફૂડ્સ લિમિટેડ ભારતમાં ગો કોલો પાઉડર નામક પોતાના પ્રથમ ૧૦૦ ટકા કુદરતી ઈમ્યુન બૂસ્ટરનો પ્રારંભ કરવા માટે એક સ્વદેશી રિસર્ચ ઓર્ગેનાઈઝેશન કોલોપ્લસ એબી સાથે કરેલા પોતાના જોડાણની જાહેરાત કરી હતી. આ વ્યૂહાત્મક કોલોબોરેશનથી પરાગ મિલ્ક ફૂડસ હેલ્થ અને ન્યૂટ્રિશન ક્ષેત્રમાં પોતાની ઓફરોને વધુ સશક્ત બનાવશે અને મૂલ્યવર્ધક ઉત્પાદનોની કેટેગરીમાં પોતાની આગેવાનીને પુનઃ દૃઢ બનાવશે.

ગાયના વિયાવા પછીના તરત પ્રથમ દૂધમાંથી બનેલો કોલો પાઉડર ઈમ્યૂનોગ્લોબ્યૂલિન્સ અને પ્રોબાયોટિક્સથી સમૃદ્ધ છે અને માતાના પ્રથમ દૂધની સમકક્ષ ગુણો ધરાવે છે. ગો કોલો પાઉડર એ પાઉડરના રૂપમાં રહેલું એક ઉત્પાદન છે

જેને રાબ કે કાંજીમાં ભેળવી શકાય છે અને એમાં ઉચ્ચ માત્રામાં કોલોસ્ટ્રમ મૂલ્યો છે, જે અઈડ્સ, ઝાડા, વગેરે જેવી બીમારીઓની સામે લડવામાં મદદ કરે છે અને એ શરીરના ઈમ્યૂનો-ડિફેન્સિવ પાવર્સને ઘટાડે છે. કોલોસ્ટ્રોમનો વપરાશ લાંબા ગાળાની રોગ પ્રતિકારક શક્તિનું નિર્માણ કરવામાં મદદ કરે છે અને પાચન પ્રણાલીને સુધારવામાં અને એને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

દિવ્યજ્યોત
અધ્યાત્મ, ધર્મ, ભકિતને લગતાં સાહિત્યનાં અજવાળાં...

સુવાકયો

પોતાની જાત પર શ્રદ્ધા રાખવી અને પોતાની બધી જ શકિત સાથે કામે લાગી જવુ દસમાંથી નવ વખત આ સફળતાનો આધાર છે.
વિચારવો વધુ, બોલજો ઓછું અને લખજો થોડુંક જ.
રાજા હોય કે ખેડૂત સહુથી વધુ સુખી એ છે કે જે પોતાના ઘરમાં શાંતી મેળવે છે.
માથે ચિંતા રાખીને કરવામાં આવેલા કામમાં કંઈ ભલી વાર થતો નથી એ કામ સારૂં થવાને બદલે બગડી જ જાય છે.
જીંદગીમાં કયારેક એક ક્ષણ કોઈક માટે બુરી હોય છે તો એ જ ક્ષણ સામેવાળા માટે સારી હોય છે.
સાચા રસ્તે ચાલતી એક કીડી તમને પછાડી શકે છે જો તમે ખોટા રસ્તે ચાલતા હોવ તો..
આપનારનું હૃદય ભેટને વ્હાલી અને કીંમતી બનાવી દે છે.
કાયર ત્યારે જ ધમકી આપે છે જ્યારે એ સલામત હોય છે.

આરાધના નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

ગીતાનો પાઠ નિત્ય કરનારો હું ગીતાજીના વિચારો પ્રમાણે જીવું છું ખરો ?

જેમ જમવાની ભુખ લાગે છે પાણી પીવા માટે તરસ લાગે છે તેમ ઘણાને કાંઈકને કાંઈક વાંચવાની ભુખ લાગે છે. વાંચવું એ સારી વાત છે. વાંચવાની ભુખ સંતોષવા ઘણા મિત્રો વિષયની પસંદગી કરવામાં ભુલ કરે છે. અથવા પોતાને ગમતા વિષયોનાં પુસ્તકો જ વાંચે છે. આ પુસ્તકોમાં લખાયેલા વિચારો વાંચ્યા પછી જીવનમાં તેનો કેટલો ઉપયોગ કરીએ છીએ તે અગત્યનું છે.

સંત સમ્રાટ કબીરજીની જન્મજયંતિની ઉજવણી પ્રસંગે પ્રખર ઉદઘોષક અને ચિંતક, વન વિભાગના પૂર્વ અધિકારી મિત્ર ભગવાનભાઈ ઠક્કર બંધુ તથા થરાથી પધારેલા પરમતત્વના ઉપાસક સહૃદયી વડીલ ભુપેન્દ્રભાઈ સોની સાથે બેસવાનો મોકો મળ્યો.

ચર્ચાનો સૂર હતો.જ્ઞાનની જરૂર કયાં સુધી ?

ભૂપેન્દ્રભાઈએ સ્પષ્ટતા કરી આપણું અજ્ઞાન દુર ન થાય ત્યાં સુધી જ્ઞાનની જરૂર છે. જ્ઞાન મળે પછી અજ્ઞાન દુર થવુ જ જોઈએ. બે ચાર વરસના અવાવરૂ ઓરડામાં અંધકાર ડરામણો લાગે છે પરંતુ તે અંધકાર કયાં સુધી ? જ્યાં સુધી દીવડો નહીં પ્રગટાવીએ ત્યાં સુધી દીવડો પ્રગટાવીને એ અંધારીયા ઓરડામાં મુકો તો પછી અંધારાને ઉલેચવું નથી પડતું કે કહેવું પણ નથી પડતું કે ભાઈ અંધકાર હવે તું અહીંથી ચાલતી પકડ. દીવો થાય એટલે અંધકાર જાય અને ઉજાશ પ્રગટે. આ રીતે જ્ઞાન થાય પછી અજ્ઞાન જવું જ જોઈએ.

આપણે અનેક ધર્મગ્રંથો વાંચીએ, રસના વિષયના પુસ્તકો વાંચી પરંતુ આ ગ્રંથો વાંચ્યા પછી તેમાં રહેલા શબ્દાર્થ, ગુઢાર્થ કે મર્મને પામવાનો પ્રયત્ન ના કરીએ કે તે પ્રમાણે જીવનઘડતરના કરીએ તો.. એ બધું જ વ્યર્થ છે.. મહાત્મા ગાંધી એક વખત પોતાના આશ્રમમાં વૃક્ષોની આજુબાજુ મારી પાથરતા હતા. એક આગંતુકે તેમને પ્રણામ કરીને કહ્યું, બાપુ હું વડોદરાથી આવ્યો છું. મને અમુક મહાત્માએ આપની પાસે ગીતાનું જ્ઞાન મેળવવા મોકલ્યો છે.. આપ મને કાંઈક ગીતાનું જ્ઞાન આપો.

હાથમાં પાવડો હતો તેના દ્વારા બાપુ તો માટી ખોદતાં જ રહ્યા અને બીજી જગ્યાએ જ્યાં જરૂર હતી ત્યાં પાથરતા જ રહ્યા. થોડીવાર તો કોઈ કાંઈ બોલ્યું નહીં પરંતુ પેલા આગંતુક ભાઈથી રહેવાયું નહીં.

અનુસંધાન પાના નં.૬ ઉપર

બુધ્ધયા વિશુદ્ધયા યુકતો ધૃત્યાત્માનં નિયમ્ય ચ । શબ્દાદિન્વિષયાંસ્ત્યકત્વા રાગદ્વેષૌવ્યુદસ્ય ચ ॥

નૈષ્કર્મ્ય સિદ્ધિને પ્રાપ્ત કરનારો અધિકારી પુરુષ બ્રહ્મને પ્રાપ્ત કરે છે. તે જ્ઞાનની નિષ્ઠા છે. આ બ્રહ્મ ભાવ યુકત નિષ્ઠાને પ્રાપ્ત કરવાની વિધિ તથા ક્રમ પણ ભગવાન શ્રીકૃષ્ણ જણાવે છે. આના દ્વારા પરા ભક્તિની વાત કરી છે. આ પરા ભક્તિ બ્રહ્મભુત થયા પછી પ્રાપ્ત થાય. જેનાથી ભગવાનને તત્વતઃ જાણી શકાય. હવે જ્ઞાનની પરાનિષ્ઠા-બ્રહ્મપ્રાપ્તિનું વર્ણન કરતાં ભગવાન કહે છે કે :

બુધ્ધયા વિશુદ્ધયા યુકતો ધૃત્યાત્માનં નિયમ્ય ચ ।
શબ્દાદિન્વિષયાંસ્ત્યકત્વા રાગદ્વેષૌવ્યુદસ્ય ચ ॥ ૧૮-૫૧ ॥

'વિશુદ્ધ-સંપૂર્ણ શુધ્ધ થયેલી (વિશુદ્ધયા) બુદ્ધિ વડે-બુધ્ધિથી યુકત-બુધ્ધિવાળો (બુધ્ધયા) ધૈર્યથી, ધૃતિથી, ધૈર્યવડે (ધૃત્યા), પોતાની જાતનતે, દેહ, ઈન્દ્રીય તથા મનને (આત્માનમ્) વશ કરીને, સંયત કરીને (નિયમ્ય) અને (ચ)શબ્દો વગેરે (શબ્દાદીન) ઈંદ્રીયોના વિષયોને (વિષયાન્) ત્યજીને (ત્યકત્વા) તથા-તેમજ (ચ) રાગ દ્વેષને (રાગ-દ્વેષૌ) બાજુ પર રાખીને, ત્યજીને (વ્યુદસ્ય) બ્રહ્મ સ્વરૂપ થવાને સમર્થ થાય છે.

નૈષ્કર્મ્ય સિદ્ધિ કેવી રીતે મળે ? આ સિદ્ધિ પ્રાપ્ત કરવાની યોગ્યતા એટલે કે તે માટેની સાધન સામગ્રી સંદર્ભે ભગવાન ચાર પ્રકારની ભક્તિની સામગ્રી આ શ્લોકમાં બતાવે છે. લોકો ભગવાનને સામગ્રીમાં ચંદન, ચોખા, ફુલો વગેરે ચઢાવે છે. કેવળ આ જ ભક્તિની સામગ્રી નથી. ભગવાન કહે છે કે વિશુધ્ધ બુધ્ધિ' એ ધ્યાનયોગની પ્રથમ સામગ્રી છે. જે સાંખ્યયોગથી સાધક પરમાત્મતત્વને પ્રાપ્ત કરવા ઈચ્છે છે. તેની બુદ્ધિ વિશુદ્ધ એટલે કે 'સાત્વિકી' હોવી જોઈએ. આ સાત્વિકી બુધ્ધિનું વર્ણન આ અધ્યાયના શ્લોક ૩૦ માં જોવા મળે છે. 'વિશુદ્ધયા બુધ્ધયા યુકત' એટલે 'કપટરહીત નિશ્ચયાત્મક બુધ્ધિથી યુકત' જે બુધ્ધિ કામનાગ્રસ્ત નથી તે વિશુદ્ધ. ચિત્તની એકાગ્રતા માટે અહંકાર અને વાસનાથી રહીત બુધ્ધિ કરવી એ જ વિશુદ્ધ બુધ્ધિ છે.''ધૃત્યા આત્માનં નિયમ્ય ચ' એટલે 'મનોનિગ્રહ કરવો' આ ભક્તિની બીજી સામગ્રી છે. મનોનિગ્રહ કરવા માટે મનને સમજવું જોઈએ, મનને સાંભળતા આવડવું જોઈએ. કેટલાય સાંસારીક પ્રલોભનો સામે આવે છતાં પણ બુધ્ધિ પોતાના ધ્યેય સ્વરૂપ પરમાત્મ તત્વથી વિચલીત ન થાય. આવી દ્રઢ સાત્વિકી ધૃતિનું વર્ણન શ્લોક ૩૩ માં વિસ્તારપૂર્વક વર્ણવ્યું છે. જ્ઞાની પુરુષ ખુબ જ ધૈર્યથી આત્માનું, પોતાની જાતનું નિયમન કરે છે. મનઃસંયમ, ઈન્દ્રીય દમન કરીને બધી વાસનાઓને પોતાને આધીન કરી દે છે. આના માટે ઘણા ધૈર્યની આવશ્યકતા રહે છે તેથી શ્લોકમાં 'ધૃત્યા' પદ પ્રયોજયું છે. ધૈર્ય વડે દેહ, ઈન્દ્રીય તથા મનને વશમાં રાખવું જોઈએ.

'વિષયોનું ભોગ્યપણું દુર કરવું' એ ભક્તિની ત્રીજી સામગ્રી છે. 'શબ્દાદીન્ વિષયાન્ ત્યકત્વા' એટલે શબ્દ વગેરે ઈન્દ્રીયોના વિષયોને ન છોડવા' ભગવાન અહીં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. આ પાંચ વિષયોનું વિષયપણું, ભોગ્યપણું છોડવાનું કહે છે. જેમ કે આ જગતનું સૌંદર્ય જોઈ તેને માણવાનું, પાસે લેવાનું આપણને સૌને મન થાય. ભલે પાસે લઈએ પણ તે આપણે ભોગની દ્રષ્ટીથી લઈએ છીએ કે ભક્તિની દ્રષ્ટીથજી લઈએ છીએ. મહત્વનું છે તેથી ભગવાને નિર્માણ કરેલી સૃષ્ટી તરફ ભક્તિની નજર હોવી જોઈએ. એ મુખ્ય વાત છે. આના માટે જ ભગવાને 'વિભૂતિયોગ' નામનો દશમો અધ્યાય કહ્યો છે.

'રાગદ્વેષૌ વ્યુહસ્ય ચ' એટલે રાગ દ્વેષ કાઢવા. આ ભક્તિની ચોથી સામગ્રી છે. રાગ-દ્વેષ ત્યજીને એટલે કે દ્વંદ્વોના આઘાતથી થતી ચંચળતાને દુર કરીને મનઃ સ્થિતિની સમતા જાળવી રાખવી જેથી પ્રતિકુળ પરીસ્થિતિમાં પણ આવો પુરૂષ ગભરાતો નથી. અંતઃકરણમાં અસત્ વસ્તુનો જે રંગ ચઢે છે તે 'રાગ' એટલે કે આસક્તિ છે એની પ્રાપ્તિમાં થતી નડતર તે 'દ્વેષ' માં પરિણમે છે. આમ નિશ્ચયાત્મક બુધ્ધિ વડે આત્મા જ બ્રહ્મ છે એવા નિશ્ચયથી યુકત પુરૂષ સાત્વિક ધૃતિ વડે, શરીર, ઈન્દ્રીયો તથા મનને નિયમમાં, સંયમમાં રાખી પ્રાણ અને ઈન્દ્રીયોની ક્રિયાઓને સર્વ પ્રકારે નિયમનમાં કરી, શરીર નિર્વાહ માટે આવશ્યક વિષયો સિવાય અન્ય સર્વ વિષયોનો ત્યાગ કરી પોતાના કાર્યોમાં રાગ તથા દ્વેષથી રહીત હોય છે.

અધ્યાત્મ ૬૧૮ પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

જીવન દર્શન ભગવાનદાસ બંધુ

શિક્ષણ, સમજ અને સંસ્કારો થકી બાળકોનું ઘડતર કરતા થરાના યુવાન અને ઉત્સાહી શિક્ષક પ્રહલાદભાઈ આચાર્ય

જે પથ્થરનું ઘડતર થાય ત્યાં જ લોકો શીશ નમાવે છે. સમગ્ર માનવ સમાજમાં સૌથી વિશેષ અને મહત્વની જવાબદારી શિક્ષકો ઉપર છે. કહેવાતા હળાહળ કળીયુગમાં પણ આજે કેટલાય એવા શિક્ષકો છે કે જેમની કામગીરી જોઈને આદર અને અદબપૂર્વક વંદન કરવાનું મન થાય. તા.૨૭-૧૨-૧૯૬૩ ના દિવસે પિતા લાલજીભાઈ ગંગારામભાઈ આચાર્ય અને માતા શ્રીમતી ડાહીબેનના પરિવારમાં કાંકરેજ તાલુકાના માનપુર (શીહોરી) ખાતે જન્મેલા પ્રહલાદભાઈ આચાર્ય-ઠક્કર મા સરસ્વતીને સમર્પિત થયેલા પૂર્ણ શિક્ષક છે. તેમનો પરિવાર પાયાથી જ શિક્ષણ સાથે સંકળાયેલો છે. તેમના પિતાજી લાલજીભાઈ શિક્ષક હતા તેમજ તેમના બે મોટા ભાઈઓ ભોગીભાઈ અને ગોવિંદભાઈ પણ વ્યવસાયે શિક્ષક હતા. થરા પ્રાથમિક શાળા નં.૨ ના આ કર્મઠ શિક્ષકે શાળાના વિદ્યાર્થીઓનું સારામાં સારૂં ઘડતર થાય અને શાળાની ઈજ્જત પણ વધે તેવા નિષ્ઠાપુર્વકના પ્રયત્નો કરેલ છે. તેમનાં ધર્મપત્ની શ્રીમતી શિલ્પાબેન પણ સુશીલ, સંસ્કારી અને આદર્શ ગૃહિણી છે. તેમના બેઉ દિકરાઓ ભાર્ગવ (મહેસાણા) અને આલોક (પાલનપુર) વ્યવસાય સાથે સંકળાયેલા છે. પ્રહલાદભાઈએ પ્રાથમિક શિક્ષણ માનપુર ખાતે તેમજ માધ્યમિક શિક્ષણ થરા ઓગડવિદ્યા મંદીરમાં લીધું. મારા જેવા અનેક વિદ્યાર્થીઓના રાહબર પરમ આદરણીય, વંદનીય એવા આચાર્ય નિરંજનભાઈ ઠક્કર પાસે શિક્ષણ લેવાનો પ્રહલાદભાઈને પણ મોકો મળ્યો એ નસીબની બલીહારી જ કહેવાય. એસ.એસ.સી.પછી પાલનપુર સરકારી અધ્યાપન મંદીરમાં પ્રવેશ મેળવી પી.ટી.સી. કરી સારા શિક્ષક બનવાના સદ્‌ગુણો તેમણે પ્રાપ્ત કર્યા.

૧૬-૧-૧૯૮૪ ના દિવસે મૈડકોલ પ્રા.શાળાથી તેમણે પોતાની કારકીર્દીની શુભ શરૂઆત કરી એ પછી કાકર બદલી થઈ અને ત્યારબાદ ૨૧-૯-૧૯૮૭ થી થરા પ્રા.શાળા નં.૨માં આવવાનું થયુ. જમીન સારી હોય, બિયારણ સારૂં હોય અને વાવેતર કરનાર ખેડૂત પણ દ્રષ્ટીવાળો હોય તો ખેતી સારી થાય. શિક્ષણમાં પણ એવું જ છે. શાળા અને વિદ્યાર્થીઓ સારા હોય પણ જો શિક્ષક સારો મળી જાય તો શાળાની દશા અને દિશા બંને બદલાઈ જાય. તેમણે બાળકો અને વાલીઓની જરૂરીયાત જાણી કંઈક સારૂં અને નવું કરવાનો પ્રયત્ન કર્યો. તેઓ નિદા ફાજલીના એક શેરને પણ અનુસર્યા. 'ઘર સે મંદીર કા રાસ્તા, બહોત દુર હૈ, ચલો યૂં કરતે હૈ, કિસી રોતે બચ્ચે કો હસાયા જાય' કોઈ રડતા અને જરૂરીયાતમંદ બાળકનાં આંસુ લુછી તેને રચનાત્મક કે હકારાત્મક પ્રેરણા આપવી એ જ મોટી પૂજા, સાધના કે આરાધના છે તેવું તેમણે માન્યું અને આચરણ કર્યુ. શિક્ષણમાં પણ અવનવા પ્રયોગો કરી શિક્ષણને સરળ બનાવવા પ્રયત્નો કર્યા. ધો.૬ માં સંસ્કૃત વિષયની સ્વીકૃતિ થતાં તેઓ આનંદીત થયા. દેવોની ભાષા અને તમામ ભાષાઓની માતા એવી સંસ્કૃત ભાષાને બાળભોગ્ય બનાવવા તેમણે ચિંતા અને ચિંતન કર્યુ. તત્કાલીન આચાર્ય મહાદેવભાઈ બારોટ અને સંસ્કૃત વિષયના તજજ્ઞ ડૉ.કુલદીપભાઈ ઠક્કર સાથે વિચાર વિમર્શ કરી તેમણે 'સંસ્કૃત પ્રકોષ્ઠ' એટલે કે સંસ્કૃત વર્ગની રચના કરી. આ પ્રયોગ સમગ્ર ગુજરાતમાં પ્રથમ હતો.આ વર્ગનું ઉદ્‌ઘાટન એ વખતના સંસ્કૃત ભારતીના મંત્રી અને સૌના આદરણીય શ્રીમતી જહાન્વીબેન શુકલે કર્યુ હતું. આ સંસ્કૃત વર્ગની કાંકરેજ તાલુકાની અનેક શાળાઓના બાળકોએ મુલાકાત લીધી અને સંસ્કૃતને સરળતાથી સમજી શકાય તેવા પ્રયત્નો થયા. સન્માનીય પ્રહલાદભાઈ આચાર્ય -ઠક્કરને અભિનંદન આપવા તેમનો મો.નં.૯૪૨૮૩૭૦૧૫૦ છે. પર્યાવરણ ક્ષેત્રે પણ તેમની અનેક સિદ્ધિઓ છે. શાળામાં ઈકો કલબની રચના કરી ઔષધીય વનસ્પતિનો પરિચય, પર્યાવરણને લગતી પરીક્ષા, વૃક્ષારોપણ,વૃક્ષોની સમજ વિગેરે માટે પ્રેરણાદાયી કામ કર્યુ અને શ્રેષ્ઠ ઈકો ઓફિસર તરીકે સંસ્કૃતિ અને પર્યાવરણ રક્ષક ટ્રસ્ટ, અમરેલી દ્વારા તેઓ એવોર્ડથી સન્માનીત થયા. કન્યા કેળવણી માટે 'મીનામંચ' ની રચના કરી ગેરહાજર રહેતી દીકરીઓના વાલીઓનો સંપર્ક કરી બાલીકાઓ નિર્ભય રીતે શાળામાં આવી શકે તેવા વાતાવરણનું પણ નિર્માણ કર્યુ. ભારત વિકાસ પરિષદ દ્વારા યોજાતી ભારત કો જાનો, રાષ્ટ્રીય સમુહગાન સ્પર્ધા, ગુરૂવંદન-છાત્રઅભિનંદન જેવા અનેક કાર્યક્રમો તેમના માર્ગદર્શનથી અનેક શાળાઓમાં યોજાયા છે.'ભારત કો જાનો' સ્પર્ધામાં તાલુકા-જિલ્લામાં પ્રથમ આવી ૨૦૦૫ માં તેમની શાળાની ટીમે રાષ્ટ્રલેવલે લુધીયાણા (પંજાબ) ખાતે ભાગ લીધો હતો જે સમગ્ર રાજય માટે ગૌરવની બાબત કહી શકાય.ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના તેઓ આજીવન સભ્ય છે અને તેના થકી સુવર્ણ પ્રાશ પય, સર્વ રોગ નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ જેવા કાર્યક્રમો કરી તેમણે મોટી સેવા કરી છે. પતંજલિ યોગ શિબિરના આયોજનો કરી અનેકજનોને યોગનું માર્ગદર્શન આપ્યું છે. લાયન્સ કલબના સેવા પ્રકલ્પોમાં પણ તેઓ સક્રિય રહ્યા છે.પોતાની શાળામાં 'સાંસ્કૃતિક શુક્રવાર' ના નામે દર શુક્રવારે અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી બાળકોની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનું મહત્વનું કાર્ય તેમણે કર્યુ છે. વિજ્ઞાનમેળો, બાળમેળો, કિશોરી મેળો, પ્રવાસ પર્યટન, રમતગમત, વાર્ષિક ઉત્સવ એમ વિવિધ પ્રવૃત્તિઓ થકી બાળકોને વિશેષ માર્ગદર્શન આપવામાં તેઓ અગ્રેસર રહ્યા છે.કાંકરેજ તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓ કરતાં થરા પ્રાથમિક શાળા નં.૨ નો વાર્ષિકોત્સવ કંઈક વિશિષ્ઠ જ હોય છે. થરાની શ્રી સરસ્વતી શીશુમંદિર, રઘુવંશી શિક્ષણ નિધિમાં પણ તેમનું માર્ગદર્શન રહ્યું છે. ગણપત યુનિવર્સિટી ખેરવાના તેઓ આજીવન સભ્ય છે. વારાહી આચાર્ય પરિવારના પાબુદાદા મંદિરમાં પણ તેઓ ટ્રસ્ટી છે. શિક્ષણ, સંસ્કાર, પર્યાવરણ સહિતની અનેકવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લઈ ૫-૯-૨૦૦૯ ના રોજ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે તેમનું 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકે સન્માન થયું હતું. અનેક સંસ્થાઓ દ્વારા ઉત્સાહભેર પોંખાયેલા ઉદાર, ઉમદા, ઉત્કૃષ્ઠ, ઉમંગી, ઉચિત ઉત્સાહી, ઉદ્યમી, ઉલ્લેખનીય શિક્ષક એવા પ્રહલાદભાઈ આચાર્યને તેમના નિષ્ઠાપૂર્વકના કર્મો બદલ કોટિ કોટિ વંદન અને અભિનંદન. આમ તો રઘુવંશી લોહાણા સમાજમાં સમગ્ર આચાર્ય પરિવાર-કુળ શિક્ષિત, મહેનતુ, સંસ્કારી, ધાર્મિક, લક્ષ્મી કૃપાજન્ય, સરસ્વતીકૃપાજન્ય, આનંદી, વાકચાતુર્યવાન, હાસ્યસર્જક, બુધ્ધિશાળી અને સાહિત્યરસિક ગણાય છે અને આ પરિવાર-કુળના જ પ્રહલાદભાઈ છે એટલે સ્વાભાવિક જ વિશિષ્ટ વ્યક્તિ હોય જ. મને એ વાતનો પણ આનંદ છે કે મારૂં મોસાળ પણ આચાર્ય પરિવારમાં જ છે. માત્ર કાંકરેજ તાલુકો કે રઘુવંશી લોહાણા સમાજ જ નહીં પરંતુ સમગ્ર શિક્ષક આલમ અને સમગ્ર માનવ સમાજ માટે પ્રેરણાદાયી કહી શકાય એવા પ્રહલાદભાઈ આચાર્યને આ લેખ વાંચ્યા પછી ૧૧૧૧ શ્રેષ્ઠ વ્યક્તિઓ, વાંચકો કે શિક્ષકો ફોન કરીને કે મેસેજ દ્વારા અભિનંદન આપશે તો મારૂં આ લખેલું ચોક્કસ લેખે લાગશે. માનપુરનું આ સમગ્ર લાલજીભાઈ ગંગારામભાઈ આચાર્ય પરિવાર ખુબ જ ધાર્મિક, શિક્ષિત, નીડર, નિખાલસ અને મહેનતુ છે. થરાના જલારામ મંદિરના નિર્માણમાં પણ આ પરિવારનો મોટો ફાળો છે. આજ પરિવારનાં શ્રીમતી રમીલાબેન આચાર્ય ખુબ જ સારાં ભજનીક છે. તો ડીસામાં ડૉ.ચિંતન આચાર્ય પણ સેવાભાવી ડોકટર છે. આ પરિવારના કનુભાઈ ભોગીલાલ આચાર્ય જાહેર જીવન અને સેવાક્ષેત્રે અગ્રેસર છે. પ્રહલાદભાઈ આચાર્યને ફરી ફરીથી અભિનંદન અને શુભકામનાઓ...

ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩

ભોકતા બનીને ભોગતાં, બંધન બંધાતા જાય ! દ્રષ્ટા બનીને દેખતાં, બંધન ખુલતાં જાય !!

ચિંતન યશપાલસીહ ટી.વાઘેલા

ચિંતન બેઠકોને તાલીમો પછી કંઈ સુધાર ન આવે ને ખોટા ખર્ચાને સમયની બરબાદી જ થાયછે તો આવી ચિંતન બેઠકો, તાલીમો બંધ કરવી જોઈએ .નોર્વેના પાટનગર ઓસ્લોમાં યોજાયેલ પર્યાવરણ ચિંતન સંમેલનમાં જંગલોનો ઝડપભેર નાશ બાબતે ચિંતા વ્યકત કરવામાં આવી. છેલ્લા એક વર્ષમાં એક લાખ સાઈઠ હજાર ચોરસ કી.મી.માં જંગલો નાશ પામ્યા અને પર્યાવરણ માટે લડનારા ૧૯૭ ચળવળકારોની હત્યા થઈ. બીજી તરફ શ્રદ્ધા-અંધશ્રદ્ધામાં ઓતપ્રોત દિલ્હીના બુરારી વિસ્તારના ૧૧ જણાએ સામુહિક આત્મહત્યા કરીને ત્રીજું આજકાલ ઉત્તરથી દક્ષિણ પૂર્વથી પશ્ચિમના છેડા સુધી એક જ ચર્ચા બાળક ઉઠાવનાર ગેંગ ફરી રહી છે ને જેમાં મોટા ભાગના કિસ્સામાં ભિક્ષુક નિર્દોષ લોકોની હત્યા થઈ રહી છે. આ ત્રણ સમાચારો બાબતે ખરેખર ચિંતન કરવાની જરૂર છે. શું આપણે આપણો જ સ્વાર્થ સાધવા પ્રયત્ન કરવાના ?રાષ્ટ્રહીતનું વિચારવાનું જ નહીં, જાહેર કાર્યક્રમો, રેલીઓ, કાગળ પર જાહેરહીતની વાતો કરનાર લોકોની ચહલપહલનો અભ્યાસ તો કરજો. શું રાષ્ટ્ર ભક્તિના સૂર મુઠી વાળીને જોરજોરથી ભારત માતા કી જય..વંદે માતરમ..ઉજાગર થશે ? અડકોદડુકીયા નેતાઓને રાષ્ટ્ર કે પ્રજાની કંઈ જ ચિંતા હોતી નથી.ચૂંટાયા ન હોય ત્યાં સુધી જ વફાદારી, સેવાનો ડોળ કરતો આ કહેવાતો લોકસેવક ચૂંટાયા પછી તો ગુમડું ફુટયું ને વૈદ્ય વેરીની જેમ વર્તે છે. તેને પાંચ વર્ષ જે હેતુ માટે જે તે વિસ્તારની પ્રજાએ ચૂંટીને મોકલ્યો હોય છે. એ ભુલીને 'સાહેબ' ને સમય જ કયાં હોય છે ?સમારંભ કહેવાતી ઉંચી આંગળી કરવાની મીટીંગોને સેટીંગમાં જ સમય પસાર કરી નાખે છે. આ બધું પ્રજા નથી જાણતી તેવું નથી કંટાળેલી આ પ્રજા છેવટે ઉંડો નિસાસો નાખીને એક વાકય 'કરશે તે ભરશે' બોલીને મૌન બની જાય છે. પાંચ વર્ષની આ તડાતડીમાં છ દાયકા ઉપરથી આ રસમ ચાલે છે. ભારત સરકાર ગમે તે પક્ષની રચાય રાજયોમાં પણ એ સ્થિતિ હોય દરેક સરકારનું એક જ મિશન હોય છે. પર્યાવરણ બચાવવા વૃક્ષારોપણ ઉછેર જતન જેના માટે દર વર્ષે કરોડો અબજોની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તેમાં રોપાઉછેર પછી નર્સરીઓમાંથી રોપા વિતરણ જેમાં ખેડૂતો, શૈક્ષણિક સેવાભાવી સંસ્થાઓ, ગ્રામ નગર પંચાયતોને બીજી સરકારી સંસ્થાઓમાં કડક પરીપત્રો કરીને વૃક્ષારોપણના કાર્યક્રમો, 'શાળા પ્રવેશોત્સવ' જેવા ઉજવવામાં આવે છે. પરિણામ 'શૂન્ય' આવું કેમ ? શું ખરેખર આ અભિયાન રાષ્ટ્ર-રાજયના હીતમાં થાય છે ખરૂં ? તો હૃદયથી જ જવાબ મળશે. 'ના' અબોલ જીવોને વૃક્ષો નિર્જીવ બાંધકામો કંઈ બોલી શકવાના નથી ને તેમના નામે સાચા ઉદ્દેશથી યોજનાઓ બને છે પણ ભ્રષ્ટાચારી બાવળીયા જ બધું શોષણ પોષણ કરે છે. એટલે કે એ સાચા ઉદેશના અભિયાનો સફળ થવાને બદલે નિષ્ફળ નીવડે છે. આજે ગુજરાતની અને તેમાંય કચ્છ-રાજસ્થાન પાકિસ્તાનની હદ અડીને આવેલા પાટણ-બનાસકાંઠા જિલ્લામાં કે જ્યાં વૃક્ષો અડીખમ છે તેવા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી આડેધડ બેફામ વૃક્ષછેદનની પ્રવૃત્તિ 'રેત ખનન' ની જેમ ચાલી રહી છે. નેતાઓને મોનીટરીંગ કરતા વિભાગો યેનકેન પ્રકારે ચુપ છે. જાહેર રોડ પર સવાર સાંજ અડીખમ વૃક્ષોના થડીયા, ડાલા ભરીને બિન્દાસપણે ટ્રેકટરો દોડતાં લાટી બજારમાં ઠલવાઈ રહ્યા છે. આ પ્રક્રિયા બધા જોઈ રહ્યા છે. પણ બોલે કોણ ? આપણી જવાબદારી કયાં છે ? ખોટા ઉલમાંથી ચુલમાં પડવા જેવી સ્થિતિ થાય ને વાત પણ કંઈક સાચી છે. કેન્દ્ર રાજય સરકાર દ્વારા તાલીમબદ્ધ ફોજી જેવા તૈયાર કરાયેલા વૃક્ષરક્ષકો કંઈ ના બોલે તો નિર્દોષ વૃક્ષપ્રેમી બોલીને ૧૯૭ તો સરકારે બળજબરીથી નોંધાયેલા છે. બાકી એ આંક પણ મોટો છે તેમાં વધુ એક ઉમેરો જ કરવાનો ને છેવટે લોક સમુદાય તો કહેવાનું. જો મોટા વૃક્ષપ્રેમી થઈ ગયા આ બધા વચ્ચે હજુ સાચા વ્યક્તિઓ તો ઝઝુમે જ છે તેમને લાખ લાખ વંદન પણ વૃક્ષછેદન પાછળ સરકારની ઢીલી નીતી દારૂબંધી જેવી છે તે ચોકકસ છે. વૃક્ષારોપણ ઉછેરમાં જે ગ્રાન્ટો વપરાય તેની કોઈ જ તપાસ થતી નથી. વિરાંજલી વૃક્ષ મહોત્સવમાં શું પરિણામ મળ્યું ?આવા ઘણા તાયફા બનતા રહેશે જે આપણને જોવા સાંભળવા મળશે પરંતુ એક વૃક્ષપ્રેમી તરીકે આપણા હાથે બે પાંચ વૃક્ષો ચોક્કસ વાવી તેનો સારી રીતે ઉછેર કરીએ તો સાચી રાષ્ટ્રભક્તિ પ્રગટ કરી કહેવાશે. બહુ દુઃખ થાય છે. જ્યારે 'ખાખી ને ધુમ મચાવતી જોઉં છું ત્યારે ગૃહ, ફોરેસ્ટ ખાતુ ખરેખર 'ખાખી' પહેરીને જે ઉદેશથી ઉભું છે તેના વિરૂધ્ધની જ પ્રવૃત્તિ કરે ?? ને આપણે આ બાબતે બોલી પણ ના શકો. કયાં અંદર આપણો પણ હોય ને ? 'લક્ષ્મી' ની લાલચુ બહુ ખરાબ છે. વૈરાગી બાવા સાધુઓને ય વિચલીત કરી જાય છે ને એથી જ સમાજમાં તાંત્રિકો, ભુવાજીઓ વર્ચસ્વ જમાવી બેસે છે ને દિલ્હી જે દેશનું પાટનગર કહેવાય ત્યાં અગિયાર ઈસમોએ 'મોક્ષ ખાતર સામુહિક ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી' ખરેખર દેશમાં ચાલતા શાસન અંગે મને જુની કવિતા પુરી એક અંધેરી નગરીને ગંડુ રાજા ટકે શેર ભાજી ટકે શેર ખાજા' બધી ચીજ વેચાય ત્યાં એક ભાવે..' જેમાં ચોરને નહીં પણ નિર્દોષને ફાંસીએ ચડાવવાની વાતને આજે એક બે નાના ડાળાં ઝાંખરા તેના પરિવારના પેટનો ખાડો પુરવા ઘરનો ચુલો સળગાવવા લઈ જતો એ જંગલવાસી જન ખાખી વર્દીના ડંડાથી ઘવાય ને લક્ષ્મીથી લુંટાય. આવુ તમે જોયું હશે. સારાં મજબૂત વૃક્ષો કાપનાર ને તેને લેનારાઓ નેતાઓ, અધિકારીઓ સાથે ઘરોબો ધરાવતા હોય છે ને બિચારા સાચા વૃક્ષ ઉછેર કરનાર તેના સુકાં ડાળાં ખંખેરીને ઘરનો ચુલો સળગાવનાર બધામાં આજ પ્રક્રિયા ચાલી રહી છે. ભુવાઓ બાવા, સાધુઓ પોતાની મોહજાળમાં અંધશ્રદ્ધાથી લોકોને ફસાવીને સતત બધી રીતે ખંખેરતા હોય છે પણ બોલે કોણ ?

અનુસંધાન પાના નં.૬ ઉપર

આત્માનો અનંત વૈભવ

શ્રદ્ધા અને સંસ્કાર

અનંત શુભ કાર્યોની સંભાવના હોવા છતાં પણ હું હીન દીન છું એવી અશુભ ભાવના શુભ કાર્યોની હારમાળાને વેરવિખેર કરી નાખે છે. અનંત શક્તિના ધામને હીનતા-દીનતાનો એટમ બૉંબ નષ્ટ પ્રાયઃ કરી નાખે છે.

હીનતાનો આ ઓછાયો વધુમાં વધુ નર કરતાં નારીને માટે વધુ પીડાદાયક બનતો હોય છે.શાસ્ત્રોના પાને પાને નારી તું નારાયણીના વચનોએ નારી શક્તિનો મહીમા ગાયો છે. તીર્થંકર ચક્રવર્તી જેવી વિશિષ્ટ શક્તિને જન્મ આપનાર જન્મદાત્રી માતા નારી શક્તિ જ છે. બુધ્ધિમત્તા, લાગણીશીલતા, સહન શીલતા, પરિવારની રક્ષા આદિ અનેક ગુણોમાં પ્રાયઃ સ્ત્રી ચઢીયાતી હોય છે.

પોતાનામાં રહેલી વિશિષ્ટ શક્તિઓને જો ઉજાગર કરવામાં આવે તો આ વિશિષ્ટ શક્તિઓ અશુભના અંધારા ઉલેચી શકે તેવા શુભના તેજપુંજ રચી શકવા સમર્થ બની શકે. સન્નારી લક્ષ્મીનું પ્રેરણાદાયક દ્રષ્ટાંત અબલા સ્ત્રીઓને બુધ્ધિવતી અને બલવતી બનવા માટે પ્રેરણાસ્ત્રોત સમું બની શકે તેમ છે.

ભરતક્ષેત્રમાં નગર શ્રેષ્ઠ જયપુરનું રાજય રાજા નરસુંદર ખુબ જ સુંદર રીતે સંભાળી રહ્યા હતા.

નગરના શ્રેષ્ઠી જિનદત્ત તથા સુયશા શેઠાણી સમૃધ્ધિની ટોચે બિરાજમાન હતા. તેમનું સુખમય જીવન બીજાને ઈર્ષ્યા કરાવે તેવું હતું.એક દિવસ રાત્રે જાણે શેઠની સમૃધ્ધિના દર્શન કરવા માટે લક્ષ્મીદેવી પધાર્યા. સુયશાએ હિમવંત પર્વતના પદ્મદ્રહમાં વસનારી આ લક્ષ્મીદેવીએ સ્વપ્નમાં દર્શન દેતા ખુબ જ આનંદ અનુભવ્યો. સુયશાએ પોતાના આ આનંદદાયક સ્વપ્નની વાત શેઠ જિનદત્તને કરી. શેઠ પણ આનંદના સમુદ્રમાં નિમગ્ન બન્યા.

આ સોહામણા સ્વપ્નનું સુમધુર ફળ વર્ણવવા માટે શેઠ લાલાયિત બન્યા અને બોલ્યા, 'દેવાનુપ્રિયે ! તે આવા ઉત્તમ સ્વપ્નને જોયું છે.માટે તમે ઉત્તમ પુત્રી રત્નને જન્મ આપશો.'

સુયશા ઉત્તમ પુત્રીને સુચવનાર સ્વપ્નનો અર્થ જાણી ખુબ જ આનંદીત થઈ ગઈ. સમય પસાર થતો ગયો.નવ માસ બાદ પુત્રીને જન્મ આપ્યો. લક્ષ્મીથી સુચિત સ્વપ્ન હોવાથી પુત્રીનું નામ પણ લક્ષ્મી પાડયું. પુર્વભવના કોઈક ઉત્તમ સંસ્કારો લઈને આવેલી લક્ષ્મી બાલ્યવયથી જ ધર્મમાં ખુબ જ ઉત્સાહ વાળી હતી. જિનભક્તિ, ગુરૂભક્તિ, પ્રવચન, શ્રવણ આદિમાં ખુબ જ રૂચિ હોવાથી લગભગ તેનો બધો જ સમય તેમાં જ વ્યતીત થતો. કર્મના મર્મને તે કુશલ રીતે જાણતી હતી. એટલું જ નહીં, સમજાવવામાં પણ તે કુશળ હતી. તેની બુધ્ધિમત્તાથી સહુ આફરીન પોકારી જતાં.

એક દિવસ પોતાનું મુખ વિષાદયુકત દેખતા તેને મનમાં દુઃખ થયું.

અનુસંધાન પાના નં.૬ ઉપર

વીખરતી સમેટાતી જિંદગી

ગતાંકથી ચાલુ

જીવન એક સંગીત છે,અને સંબંધીઓ એવાં ચિત્રો છે જીવનમાં સંબંધોના જુદાજુદા વાજીંત્રો ભેગા કરીને સુંદર મજાનું સુમધુર સંગીત પેદા કરવાની મથામણ કરતા રહીએ છીઓ કોઈ વાજિંત્ર ના તાર ઢીલા હોય તો તેને ખેંચીને ટાઈટ કરીએ છીએ સંબંધોની વિના સુંદર મજાનું સંગીત પેદા કરે એ આશાએ આપણે અનેક રિયાજ પણ કરતા રહીએ છીએ, જુદા-જુદા સંબંધોના વાજિંત્રોથી સુમધુર સંગીત ની મજા માણવા આતુર હોઈએ છીએ ,કોઈ સંબંધો રૂપે તબલાને થાપ મારી મારીને સુમધુર સંગીત રેલાવવાનો આપણો જૂઠો પ્રયાસ ચાલે છે, કારણકે થાપ મારવાથી તબલા શું મધુર સંગીત ના બદલે વિરોધનો સૂર રેલાવી રહયા છે. ક્યારેક વીણાના તાર ટાઈટ કરીએ છીએ તો ક્યારેક તે તાર ઢીલા પડી જાય છે. તો પણ સુમધુર સંગીત રેલાતું નથી. ઘણીવાર આપણે જ આ તારને ટાઈટ અને ઢીલા કરી એ છીએ અને દોષ બીજાને આપીએ છીએ તો વિચાર કરો સુ મધુર સંગીત ક્યાંથી રેલાય ?ઘણીવાર સંગીતના સૂરોમાં સૂર પુરાવતી નાનકડી ખંજરી આપણને મધુર સંગીત રેલાવા મદદરૂપ બની જ શકે છે. એવા ભ્રમ સાબિત થાય છે કે જે સંબંધીઓના દ્વારા આપણે સુંદર મજાનું જીવન સંગીત પેદા કરવાના ભ્રમમાં રાચીએ છીએ તે જ સંબંધીઓ ભાવના સુમધુર તાલમેલ વિના વિરોધના પોતપોતાના તાલથી સંગીત પ્રસરાવે છે. જેના કારણે સંગીત એટલું બધું કર્કશ બની જાય છે ,આખરે આ ગીત બંધ જ કરવું પડે છે.

આપણે સૌ જીવનમાં ખુશી લેવામાટે પક્ષીઓની જેમ એક એક તણખલું ભેગું કરીને સુંદર મજાનો માળો તૈયાર કરીએ છીએ. એ ખુશી સાથે કે આપણે પરિવાર સાથે આ ઘરમાં ખુશીનો

સૌરભ બી.કે.નીતાબેન

અનુસંધાન પાના નં.૬ ઉપર

છાશવારે...

પાના નં.૧ ચાલુ

અને બે કિલોમીટરનાં વિસ્તારમાં પથરાયેલાં પવિત્ર યાત્રાધામમાં ગ્રામજનોને પાણી માટે ભટકવું પડે છે.પરંતુ ગામમાં પીવાનાં પાણીનો કાયમી સ્તોત્ર નથી. માત્ર ને માત્ર નર્મદા કેનલો પર જ આધારિત છે. અને બહેન દીકરીઓને આમતેમ સમગ્ર ગામમાં પીવાનાં પાણીનાં કૂવાઓ પરથી પાણી ભરવું પડે છે.ત્યારે રાજ્ય સરકાર દ્વારા પીવાનાં પાણીનાં કાયમી ધોરણે મુશ્કેલીઓ દૂર થાય તે માટે બે નવીન બોરવેલ બનાવવાની ગ્રામજનોની માંગ ઉઠી છે.રાજ્ય સરકાર ગતિશીલ ગુજરાતની અને મેક ઇન ઇન્ડિયાની વાતો કરે છે પરંતુ અહીયા લોકોને એક બે કિલોમીટર દૂરથી પીવાનું પાણી ઉપાડીને લાવવું પડે છે.ત્યારે ઢીમા ગ્રામ પંચાયત કચેરી દ્વારા અંગત રસ દાખવી પવિત્ર યાત્રાધામ ઢીમા તલાટી હેડક્વાર્ટસમાં એક બોર બનાવવામાં આવે અને બીજો આંબેડકરનગરમાં પીવાનાં પાણીનાં બોરવેલ બનાવવામાં આવે તો ગ્રામજનોને અને યાત્રાળુઓને કાયમી પીવાનાં પાણીની સમસ્યામાંથી મુક્તિ મળી શકે તેમ છે.

થરાદ...

પાના નં.૧ ચાલુ

મુકીને ડેપોમાં આવતી જતી તમામ બસો અટકાવીને ચક્કાજામ કરતાં ભારે ટ્રાફિક જામ થઇ જવા પામ્યો હતો.આથી ડેપો દ્વારા પોલીસને બોલાવવાની ફરજ પડી હતી.

બીજી બાજુ વિધાર્થીઓએ અને તેમની બહેનો સવારના શાળાએ જવા ઘેરથી નિકળેછે પણ બસ મળતી નથી. આથી શાળાએ જવાના મોડું થયા બાદ સાંજે પરત આવવા પણ એજ સમસ્યા હોઇ તેઓને ભુખ્યા તરસ્યા બેસી રહેવુ પડેછે.શાળા દ્વારા પણ ડેપોના સત્તાવાળાઓનું ધ્યાન દોરવા છતાં પણ કોઇ પગલાં ભરવામાં આવતાં નથી.આથી ના છુટકે વિધાર્થીઓને ખાનગી વાહનોમાં ઘેટાં બકરાંની જેમ જોખમી મુસાફરી કરવી પડેછે. આથી વિધાર્થીઓએ બસોની તોડફોડ અને ઉપર સુધી આંદોલન છેડવાની પણ ચિમકી આપવામાં આવી હતી. જોકે વિધાર્થીઓના રોષને જોઇને પોલીસને બોલાવવાની ફરજ પડી હતી.અને પોલીસ તથા ડેપો દ્વારા સમજાવીને આજે મામલો થાળે પાડવામાં આવ્યો હતો.પરંતુ હવે પછી તેમનો પ્રશ્ન હલ નહી થાય તો ફરી પાછું આંદોલન છેડવાની વિધાર્થીઓ એ ચિમકી પણ ઉચ્ચારી હતી.

વડાલીમાં ...

પાના નં.૧ ચાલુ

આવશે તે નક્કી નથી. પરંતુ રાત્રી દરમિયાન જરૂર હાજર કરવામાં આવશે. તેવુ ચર્ચાઈ રહ્યું છે. હિન્દુ યુવતીને પરત સોપવામાં આવે અને વડાલી શહેરમાં ભાઈ ચારાની દાસ્તાન અવિરત રહે તેવુ વડાલીનો હિન્દુ સમાજ તેમજ લઘુમતી સમાજ ઈચ્છી રહી છે. અને આવો બનાવ ફરી કદી બને નહી તેવુ દરેક સમાજ વિચારી રહ્યો છે. ત્રણ ત્રણ દિવસથી ધંધા રોજગાર, બંધ થઈ ગયા છે. શાળા કોલેજમાં બાળકોની હાજરી નહી વત જોવા મળે છે. ત્યારે મામલો થાળે પડે તેવું જનતા ઈચ્છી રહી છે.

હિન્દવાણી રાજપૂત

અનુસંધાન ૨ નુ ચાલુ..

પણ વર્ષ ૨૦૧૫ માં એમ પી શાહ સરકારી મેડિકલ કોલેજ જામનગર ખાતે સ્મ્જી માં પ્રવેશ મેળવી હાલ માં તૃતીય વર્ષ માં અભ્યાસ કરે છે તો વર્ષ ૨૦૧૬ માં રાજપૂત સંજયસિંહ લલિતભાઈ (ચિભડા) ય્ઈઇજી મેડીકલ કોલેજ ધારપુર પાટણ ખાતે સ્મ્જી માં પ્રવેશ મેળવી હાલ દ્વિતીય વર્ષ માં અભ્યાસ કરે છે આમ ટૂંક સમય માં સમાજ ના ત્રણ વિધાર્થીઓ એ મેડિકલ કોલેજ માં પ્રવેશ મેળવી હિન્દવાણી રાજપૂત સમાજ નું ગૌરવ વધાર્યું છે

મેડિકલ ક્ષેત્રે સ્મ્જી માં પ્રવેશ મેળવી સમાજ ગામ અને પરિવાર નું નામ રોશન કરનાર વિધાર્થીઓ ને હિન્દવણી રાજપૂત સમાજ તેમજ કેળવણી મંડળ ના પ્રમુખ ડો. યુ કે રાજપૂત દ્વારા બિરદાવામાં આવ્યા હતા.

રખેવાળના જાણીતા...

અનુસંધાન ૨ નુ ચાલુ..

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા લોકસાહિત્યકાર ભરતદાન ગઢવીએ કર્યુ હતું. જ્યારે આભારવિધિ સુરેશભાઈ દેવવાળાએ કરી હતી.

આ પ્રેરણાદાયી અવસરે કેશવલાલજી ચાવડા, મનોજભાઈ રેવડીવાલા, પ્રહલાદભાઈ લીંબાચીયા, દિનેશભાઈ દેસાઈ(વકીલ), રસિકભાઈ દેવવાળા, જગદીશભાઈ ઠક્કર (ધાનેરાવાળા), ધવલભાઈ ઠક્કર, પ્રહલાદભાઈ મહારાજ, ભાઈલાલભાઈ ઠક્કર, મહેશભાઈ મનવર, આનંદભાઈ પી. ઠક્કર, ભરતભાઈ માળી, જયેશભાઈ, પારસભાઈ ત્રિવેદી, જલારામભાઈ દેવવાળા, મનોજભાઈ ચૌહાણ, દિનેશભાઈ દેસાઈ, મહેશભાઈ ઉદેચા, નાગરભાઈ પરમાર સહિત અનેક મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

હકારાત્મક, સકારાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓ કરતી વ્યક્તિઓ વિશે પ્રેરણાદાયી લખાણ લખી જીવનદર્શનના માધ્યમથી અનેક લોકોને પ્રેરણા મળે તેવું કામ કરતા ભગવાનભાઈ બંધુ ડીસાની તમામ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે અને ડીસા નગરનાં તમામ ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, રચનાત્મક કામોમાં અગ્રેસર રહીને ભાગ લે છે. ગુજરાત રાયકા ક્લબના બળદેવભાઈ રાયકાને સન્માન કરવાનો પ્રેરણાદાયી વિચાર આવતાં તેમણે સૌ મહાનુભાવોનો સંપર્ક કરી સૌને જલારામ મંદિર ખાતે એકત્રિત કરી ભગવાનભાઈ બંધુનું સન્માન કરતાં ખુશી અને આનંદનો માહોલ સર્જાયો હતો.

ooo

થરા ભારત...

અનુસંધાન ૩ નુ ચાલુ..

યશપાલસિહ ટી. વાઘેલા, પરેશભાઇ ઠકકર-પ્રમુખ - ભારતવિકાસ પરીષદ થરા, ગોપાલભાઇ ઠકકર, ઉમેશભાઇ પ્રજાપતિ-મંત્રી, ચેહરાભાઇ સુથાર, કે.આઇ. ઠકકર, શૈલેષભાઇ દેવ, અશોકભાઇ પટેલ-ઉપપ્રમુખ, પિન્ટુભાઇ ઠાકોર-સહમંત્રી, યોગેશભાઇ જોષી, અંમૃતભાઇ ઠાકોર, તુષારભાઇ સોની-ખજાનચી, ધૃવિકભાઇ અખાણી, નિરવભાઇ આચાર્ય વગેરે કાર્યકરો બહોળી સંખ્યામાં હાજર રહયા હતા.

બ.કાં. જિલ્લા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જેમાં શિક્ષક અગ્રણીઓ વતી અમરતલાલ રાજવંશી, હર્ષદભાઈ સેવક, ભાટિયા અમૃતભાઈ, મનોજભાઈ રાજગોર અને માધવીબેન મહેતા અને સંસ્કૃત વિષયના સારસ્વત મિત્રોએ બહોળી સંખ્યામાં હાજરી આપેલ હતી. સંસ્કૃત પરિરૂપ બદલવા અંગેની ચર્ચા કાર્યશાળાનો મુખ્ય વિષય રહેલ હતો.

સિંચાઇ અને...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ગામના લોકોને પીવાના પાણીની તકલીફ ન પડે તે માટે વાસ્મો દ્વારા પાણીની વ્યવસ્થા ઉભી કરવા માટે મદદ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે ગામની પાણી સમિતિ દ્વારા પાણીના સુચારૂ આયોજનની વ્યવસ્થા કરી પાણી આપવાની કામગીરી કરવામાં આવે છે ત્યારે પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરીને જળને બચાવીએ.

આ પ્રસંગે દાતા ર્ડા.શંકરભાઇ મેવાડા દ્વારા આપવામાં આવેલ પાણીના ડોયાનું મંત્રીના હસ્તે ગામલોકોને વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અખિલ આંજણા સમાજના પ્રમુખ વિરજીભાઇ જુડાલ, ર્ડા.સુરેન્દ્ર ગુપ્તા , ર્ડા.શંકરભાઇ મેવાડા, સરપંચ ચેહરબેન વળાગોટ, ટાકરવાડા કેળવણી મંડળના પ્રમુખ જયંતિભાઇ શાહ, પાણી પુરવઠા વિભાગના કાર્યપાલ ઇજનેર ગુપ્તા, વાસ્મોના યુનિટ મેનેજર જે.પી.પટેલ, બળવંતસિંહ પરમાર સહિત અધિકારીઓ, સરપંચઓ, અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

અંબાજી ભાદરવી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

કલેકટએ જણાવ્યુ કે મેળા પ્રસંગે દૂરદુરથી લાખો યાત્રીકો માતાજીના દર્શનાર્થે આવે છે ત્યારે યાત્રીકોને જરૂરી તમામ સુવિધાઓ સરળતાથી મળે અને સરસ દર્શન કરી પરત ફરે તે માટે સૌ કાળજીપૂર્વક અને સેવાભાવના સાથે કામગીરી કરીએ. બેઠકમાં પીવાના પાણી, વીજળી, આરોગ્ય, એસ.ટી.બસ સુવિધા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી, સ્વચ્છતા, રસ્તા રિપેરીંગ, વિસામા કેન્દ્રો, અંબાજી મંદિર પરિસર અને ગબ્બર મુકામે દર્શનાર્થીઓ માટે જરૂરી સુવિધા અંગે વગેરે સહિત વિવિધ વ્યવસ્થાઓ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી વ્યવસ્થા સુદ્રઢ બનાવવા કલેકટરએ ઉપયોગી માર્ગદર્શન અને સુચના આપી હતી. આ વર્ષે પ્લાસ્ટીક મુક્ત ભાદરવી મહામેળો કરવાનું આયોજન વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

આદર્શ વિદ્યાસંકુલ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને કોષાધ્યક્ષ તરીકે લક્ષ્મીનારાયણ વ્યાસની નિમણુંક કરવામાં આવી હતી. તથા માતૃમંડળમાં પ્રમુખ તરીકે જીજ્ઞાસાબેન પટેલ, ઉપપ્રમુખ તરીકે યોગીતાબેન પટેલ અને મંત્રી તરીકે હિનાબેન પ્રજાપતિ, સહમંત્રી તરીકે અમીષાબેન પુરોહિત અને કોષાધ્યક્ષ તરીકે મૂળીબેન પુરોહિતની નિમણુંક કરવામાં આવી હતી. તે ઉપરાંત વિવિધ સમિતિઓની પણ રચના કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં શાળાના સ્ટાફમિત્રો અને સંસ્થાના ટ્રસ્ટીગણે પણ ઉપસ્થિત રહી વાલીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

પાલનપુર ખાતે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લામાં ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૮૯.૨૦ સાથે છઠ્ઠા ક્રમાંકે આવી સમાજનું ગૌરવ વધારનાર જિલ્લા ભાજપ મીડિયા સેલના કન્વિનર સંજય જોશીની સુપુત્રી કુ. રિયા જોશીને પણ તાળીઓના ગડગડાટ વચ્ચે સન્માનિત કરાઈ હતી. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓએ સમાજના વિકાસ માટે શિક્ષણ પર ભાર મુક્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા યુવા ગ્રુપના સભ્યોએ અપાર જહેમત ઉઠાવી હતી.

પાલનપુર તાલુકાના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ કાર્યક્રમની તમામ માહિતી તેમજ માર્ગદર્શન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ટીમ, દિનેશ ભાઈ રાતડા, યુનિસેફ વોશ કન્સલ્ટન્ટ તેજસ દેશમુખ તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલય, ફિલ્ડ આઉટરિચ બ્યુરો, પાલનપુરના અધિકારી જે.ડી.ચૌધરીએ આપ્યું હતું. ગામના સરપંચશ્ર, ગ્રામ પંચાયતના સભ્યો, તલાટી કમ મંત્રી તેમજ ગામ લોકોએ કાર્યક્રમ સફળ બનાવવામાં ભાગીદાર બન્યા હતા.

પટોસણમાં પરણિતા...

પાના નં.૮ ચાલુ

રેવાબેન હસમુખગીરી ગૌસ્વામી, હરેશગીરી હસમુખગીરી ગૌસ્વામી અને સોનલબેન હરેશગીરી ગૌસ્વામીએ અવાર નવાર નોકરી છોડાવવા તેમજ ઘરકામ બાબતે અને તું વાંજણી છે. તેવા મ્હેણા ટોણા માર્યા હતા. તેમજ રૂપિયા ૧૫ લાખનું દહેજ માંગી ઘરમાંથી હાંકી કાઢી હતી. આ અંગે તેણીએ પાલનપુર મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તમામની સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડીસાના ધારાસભ્યની...

પાના નં.૮ ચાલુ

મળતા અત્રેથી આણંદ નડીયાદ માત્ર ૧૪ કી.મી.માં તમામ મેલ એક્સપ્રેસ ટ્રેનો બંને સ્ટેશનોએ સ્ટોપેજ આપે છે તેવી રજૂઆત કરેલ હવે ડીસાએ સ્ટેશન નાનુ છે તેવા જવાબો મળેલ છે પણ ડીસામાં રેલ્વે સ્ટેશને માત્ર ચાર છ કલાકના એડવાન્સ બુકીંગમાં રોજીંદા રૂા.૭૦,૦૦૦/- આસપાસની ટીકીટ બુકીંગ થાય છે. તે સિવાય પ્રાઈવેટ એજન્સીઓના એજન્ટો થકી અલગ બુકીંગ થાય છે. છેલ્લા એક દોઢ વરસમાં ઓખા રામેશ્વર એક્સપ્રેસ ટ્રેનમાં "ભાટીયા" અને "નંદુરબાર" અમદાવદ-ચૈન્નઈ એક્સપ્રેસ ટ્રેનમાં "ધારણ ગાંવ" પોરબ-દર-હાવડા એક્સપ્રેસ ટ્રેનમાં "ભાણવાડ" દાદર બિકાનેર એક્સપ્રેસ ટ્રેનમાં "વાપી"-સરાઈ રોહીલ્લા-અમદાવાદ સુપરફાસ્ટ ટ્રેનમાં "પાલનપુર" અમદાવાદ મુંબઈ ગુજરાત મેલમા નવસારી પોરબંદર મુજફર નગર એક્સપ્રેસ ટ્રેનમાં "સીસાવા તેમજ સુરત-જામનગર ઈન્ટર સીટી ટ્રેનમાં "મેહમદાબાદ" જેવા સ્ટોપેજ મંજુર થયેલ છે શું ઉપરોક્ત તમામ સ્ટેશનો જનસંખ્યા અને આવકની દષ્ટીએ ડીસાથી વધુ ઉપયોગ હશે ? તમામ ટ્રેનોમાં માંગણી મુજબ સ્ટોપેજ મળી શકે તો ડીસાને કેમ નહી ? તેમજ પાલનપુર ભૂજ લોકલ ટ્રેન નં.૫૯૪૨૫-૫૯૪૨૬ અને પાલનપુર ગાંધીધામ ઈન્ટરસીટી એક્સપ્રેસ ટ્રેન નં.૧૯૧૫૧-૧૯૧૫૨ હાલમાં માત્ર બે કલાકના સમયગાળામાં પાલપુરથી તેમજ રીટર્નમાં ગા-ધીધામ-ભૂજથી પ્રસ્થાન કરે છે બે પૈકી કોઈપણ એક ટ્રેન પાલનપુરથી સવારે ૫-૦૦ અથવા ૬-૦૦ આજુ બાજુના ઉપડે તેનો સમય ફેરફાર થાય તો મુંબઈ-સુરત તરફથી આવતી સુર્યનગરી એક્સપ્રેસ અને રાણકપુર એક્સપ્રેસ જેવી ગાડીઓના યાત્રીકોને રાધનપુર-કચ્છ તરફ જવા જોડાણ મળી શકે તેમ છે. ડીસાના ધારાસભ્ય શશીકા-તભાઈ પંડ્યાએ રેલ મંત્રીને લખેલ પત્રની નકલ જિલ્લા સાસંદ અને ભારત સરકારના મંત્રી હરીભાઈ ચૌધરી-વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજર મુંબઈ (હેડ ક્વાટર્સ તેમજ ડીવીઝનલ રેલ્વે મેનેજર અમદાવાદ-ડીસા સ્ટેશન અધિકારીને પણ મોકલી આપેલ છે.

શેરગઢ ફીડરના...

પાના નં.૮ ચાલુ

જ્યોતિગ્રામ યોજનામાં પ્રિમોન્સુન કાર્યવાહી અંતર્ગત ઝાડોનું પ્રિ- કટીંગના અભાવે વારંવાર શેરગઢ વીજ ફીડરમાં ફોલ્ટ સર્જાતા રહે છે. જેના લીધે શેરગઢ જ્યોતિગ્રામ યોજના સાથે સમગ્ર ગામોના ગામ લોકોને અત્યારે ચોમાસાની સીઝનમાં હાલાકી ભોગવવી પડે છે અને સહકારી ડેરીઓ તેમજ વિદ્યાર્થીઓ તેમજ ગામડામાં ચાલતા ઔદ્યોગિક એકમોને ભોગવવી પડે છે. આ બાબતે ઘટતુ કરી આ જ્યોતિગ્રામ યોજનાની લાઈનમાં જ્યાં જ્યાં વૃક્ષોના કટિંગના અભાવે ફીડરમાં અવાર નવાર સર્જાતી ખામીઓને લીધે વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ જતાં ગુજરાત સરકારની જ્યોતિગ્રામ યોજનાના ધજીયા ઉડતા નજરે પડે છે તો આ અંગે ઉત્તર ગુ-જરાત વીજ કંપનીના જવાબદાર અધિકારીઓ ઘટતુ કરી શેરગઢ જ્યોતિગ્રામ યોજના સાથે સંકળાયેલ ગામોના પ્રશ્નનું નિરાકરણ આવે તેવી જનમાંગ છે.

વડગામ તાલુકાના...

પાના નં.૮ ચાલુ

સરકારના લાખો રૂપિયા ચૂકવાય છે જ્યારે નિયમિત પણે નિતી નિયમો મુજબ કાર્યરત ઘોડીયાઘરોના કર્મચારીઓને પગારથી વંચિત રાખવામાં આવે છે વગેરે પ્રશ્નોને લઈ ગઈકાલ તારીખ ૯/૭/૧૮ સોમવારે ઘોડીયઘરના કર્મચારીઓએ વડગામ મામલતદાર આર.એસ. ઠાકોરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

થરાદમાં પાણીની...

પાના નં.૮ ચાલુ

તમામ સદસ્યો હાથમાં જે પાત્ર આવ્યું તે લઈને દોડતાં જોવા મળ્યાં હતાં. નગરમાં એકાદ બે સ્થળે મૃત્યુના પ્રસંગ બનતાં પરિવારોને ભારે હાલાકીઓનો સામનો કરવો પડ્યો હતો.નહેરમાંથી પાણી બંધ થયાને ચાર દિવસ થતાં થરાદ નગરમાં પાણી માટે ભારે અફરાતફરી જેવો માહોલ મચવા પામ્યો હતો.જોકે નર્મદા વિભાગના ઉચ્ચ વિભાગના અધિકારીએ નહેરમાં બે દિવસ પહેલાં પાંચેક ફુટ પાણી છોડવામાં આવ્યું છે અને તે સોમવારની સાંજ અથવા તો મંગળવારની સવાર સુધીમાં થરાદ પહોંચી જશે તેમ જણાવ્યું હતું.

રાધાનેસડા વી.ઈ.સી.ની..

પાના નં.૮ ચાલુ

દેવજીભાઈ કોળીની અરજી હોવા છતાં જવાબદાર તંત્રે કુંડાળિયા ગામના બે અરજદારોની એકીસાથે નિમણુંક કરી વિવાદનો મધપુડો છંછેડ્યો છે. પરંતુ ગામના સ્થાનિક ઉમેદવારની વી.ઈ.સી. તરીકે ભરતી કરવામાં આવે તેવી ગ્રામજનોની ઉગ્ર માંગ છે. જે બાબતે વાવ તાલુકા પંચાયતના મદદનીશ ટી.ડી.ઓ ભરતભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે શરત ચુકથી વાવ તાલુકા પંચાયત તરફથી વી.ઈ.સી.ના નિમણુંકના બે ઓર્ડર નીકળ્યા હતા તે બંને ઓર્ડરો રદ કરી દેવાયા છે. હવે પછી કાયદેસરની જાહેર નિવિદા પ્રસિદ્ધ કરી અરજીઓ મંગાવી મેરીટના ધોરણે પ્રથમ પસંદગી કરાશે.

જો કે રાધાનેસડા ગ્રામ પંચાયતમાં ૫૦૦ ઘરો અને ૨૨૦૦ લોકોની વસ્તી છે અંદા-જે ૨૦ થી ૩૦ યુવાનો શિક્ષિત છે જેથી વી.ઈ.સી. તરીકે સ્થાનિક ઉમેદવારોને મેરીટના ધોરણે પસંદગી અપાય તે જ ગ્રામજનોના હિતમાં છે.

ડીસા હાઇવે..

પાના નં.૮ ચાલુ

પીએસઆઇ એમ.આર. મોહનીઆ એલ.સી.બી. ટીમના નરેશભાઈ, દિગ્વિજય સિંહ, જયપાલસિંહ, મહેશ ભાઇ, કુલદીપસિંહ તથા નિકુલ સિંહ સાથે ડીસા ઉત્તર પોલિસ મથકના વિસ્તારમાં પેટ્રોલીગમાં નીકળ્યા હતા એ દરમ્યાન બાતમીના આધારે ડીસા હાઇવે પર જલારામ મંદિર પાસે નાકાબંધી કરી હાઈવે પરથી પસાર થઈ રહેલી **GJ-08-CJ-6245** નંબરની વૈભવી કોરોલા ગાડીને આંતરી તલાશી લેવાતા આ ગાડીમાંથી ૫૮,૮૦૦ રૂપિયાની કિંમતનો ૫૮૮ બોટલ વિદેશી દારૂ તથા બીયર મળી આવ્યો હતો.આ સફળ ઓપરેશન દરમ્યાન એલસીબી પોલીસે ગાડીમાં બેઠેલા હરેશભારથી વાઘભારથી ગૌસ્વામી (રહે.ગોળવાસણા, તા.સરસ્વતી), જશવંતજી નટવરજી ઠાકોર (રહે.અઘાર તા.સરસ્વતી) તથા દેવુસિંહ શાતુંસિંહ સોલંકી (રહે.બુરાલ તા.ડીસા)ને બે મોબાઈલ ફોન અને ગાડી સહિત કુલ ૨,૬૪,૮૦૦ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ડીસા ઉત્તર પોલીસના હવાલે કરતા ઉત્તર પોલીસે પ્રોહિબિશન એકટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડીસા શહેર..

પાના નં.૮ ચાલુ

સેવાદળના મંત્રી પ્રકાશભાઈ ભરતીયા ગુજરાત બક્ષીપંચના ઉપાધ્યક્ષ જગદીશભાઈ મોદી, જીલ્લા માલધારી સેલના પ્રમુખ શંભુભાઈ દેસાઈ, સિનિયર કોંગ્રેસ આગેવાન ઉમિયાશંકર દવે તાલુકા પંચાયતના પૂર્વ ડેલીગેટ મુકેશભાઈ સોલંકી તાલુકા કોંગ્રેસ મહામંત્રી રામજીભાઈ પાનકુટા શહેર મંત્રી શૈલેષભાઈ વ્યાસ, ખેંગારભાઈ પટેલ, રાજુભાઈ મહેશ્વરી, ન.પા. સદસ્ય બાબુભાઈ, પ્રભાત દેસાઈ, ડેલીગેટ જયંતીભાઈ રાજગોર, અજમલજી રાનેરા, તાલુકા ડેલીગેટ, જયંતિજી ઠાકોર, પ્રવિણજી ઠાકોર, એન.એસ.યુ.આઈ. હાર્દિક પઢિયાર, અનીશભાઈ મેમણ, હરિજી ઠાકોર, ભરતજી ઠાકોર, કાંતિલાલ ઠક્કર,જયંતિભાઈ આચાર્ય, પૂર્વ ડેલીગેટ, પહાડજી ઠાકોર, મગનભાઈ દેસાઈ, ક્રષ્નાભાઈ પટેલ, ભરતભાઈ બારોટ, પાંચાભાઈ દેસાઈ, પ્રમુખ માલધારી ડીસા તાલુકા ભરતભાઈ દેસાઈ, તથા વિજયરાજ બારોટ વિગેરે વિશાળ સંખ્યામાં કાર્યકર ભાઈઓ ઉપસ્થિત રહેલ. અને કોંગ્રેસ પક્ષનું સંગઠન મજબુત બને અને શક્તિ પ્રોજેક્ટમાં વધારેમાં વધારે રજીસ્ટ્રેશન થાય તેવું આયોજન કરવામાં આવેલું.

સમગ્ર કાર્યક્રમ સંચાલન અને આભાર વિધિ પી.વી.રાજગોર તથા દિપકભાઈ પટેલે કરેલ.

થરાદના પાવડાસણની ..

પાના નં.૮ ચાલુ

અને તેના પરિવારને ડરાવવા માટે નહી ખાવાની જીદ કરતાં ભારે ઉત્તેજનાનો માહોલ પણ ફેલાવા પામ્યો હતો. બીજી બાજુ રખેને યુવક કોઇ અઘટીત પગલું ભરે નહી તેની સતર્કતાના ભાગરૂપે યુવકનાં કપડાં પણ ઉતરાવી લઇને લોકઅપ પર જાપ્તો પણ ગોઠવી દીધો હતો.

રાધનપુર તાલુકા..

પાના નં.૮ ચાલુ

તેમ જણાઈ રહ્યું છે. સોમવારે મળેલી સાધારણ સભામાં કુલ ૧૭ સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા,જેમાં કોંગ્રેસના ૧૨ અને ભાજપના ૫ સદસ્યોનો સમાવેશ થાય છે.બેઠકની શરૂઆત થતા જ હંગામો શરુ થઇ જવા પામ્યો હતો ,છેવટે સભા રદ કરવાની ફરજ પડી હતી.ત્યારબાદ કોંગ્રેસના ૬ અને ભાજપના ૫ મળી ૧૧ સદસ્યોએ ફરીથી બેઠક બોલાવીને કમિટીઓની રચના કરી નાંખી હતી. ત્યારબાદ કોંગ્રેસના સદસ્યો સુરેશભાઈ ઠાકોરની આગેવાની હેઠળ જિલ્લા ભાજપના કાર્યાલય ઉપર જઈને ભાજપમાં જોડાઈ ગયા હતા. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી,તાલુકા ભાજપ પ્રમુખ ભોજાભાઈ આહીર, જિલ્લા પંચાયતના સદસ્ય બાબુભાઇ આહીર,તાલુકા ભાજપ મહામંત્રી લગધીરભાઈ ચૌધરી સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :..........................
માતા : ....જ.તા. ....ઉ.વ.
પરિચયઃ ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

આરાધના

અનુસંધાન ૫ નું ચાલુ

તેણે બાપુને યાદ કરાવ્યું. .બાપુ...!

ગાંધીજીએ કહ્યું, ભાઈ તમે ગીતાજીને વાંચ્યા છે ?

આગંતુકે કહ્યું, હા બાપુ ઘણીવાર મેં ગીતાજીને વાંચ્યા છે.. હું નિત્ય એક અધ્યાયનો પાઠ કરીને પછી જ સુવા જાઉં છું.. આ મારો નિત્યક્રમ છે. તેથી ગીતાજી તો મેં ઘણાં વરસોથી ઘણીવાર વાંચ્યા છે પણ હજુ વધારે જ્ઞાન મેળવવાની ઈચ્છાથી અને મારા મિત્રના કહેવાથી હું અહીં આપની પાસે આવ્યો છું... આપ મને કાંઈક બોધ આપો..

ગાંધીજી હસ્યા,ભાઈ હું તને એ ગીતા જ્ઞાન તો આપી રહ્યો છું.. ગીતાજીમાં કર્મફળની જે વાત કરી છે. તે આ છે. કોઈપણ જાતના ફળની અપેક્ષા રાખ્યા વગર બસ કર્મ કર્યે જા.. હું સવારમાં બે કલાક આ વૃક્ષોની માવજતમાં લાગ્યો રહું છું પછી પણ કામ બદલીશ, કામ છોડીશ નહીં.. કામ કરતાં કરતાં થાક લાગે તો કામનો પ્રકાર બદલવો તે આરામ છે. કામને છોડી દેવું અને લાંબા થઈને સુઈ જવું તને આરામ નથી. ચાલ મારી સાથે આ માટીનાં ખામણાં કરવામાં મદદ કર તેમાં પાવડાની પણ જરૂર નથી. કામ (કર્મ)એ જ પુજા છે. એ જ ગીતાજીનો દિવ્ય સંદેશ છે.. **નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

ચિંતન...

અનુસંધાન ૫ નું ચાલું

જીવ માત્રનો જન્મ થાય ત્યારથી મૃત્યુ નક્કી જ હોય છે. કોઈ ક્ષણિક તો કોઈ સો દોઢસો બસો વર્ષ જીવે છે પણ છેવટે મૃત્યુ તો પામે જ છે. હવે બહુ ગંભીરતાથી વિચાર કરજો.. આ ભુવા, બાવા, સાધુઓ શું 'મોક્ષ' તરફ આત્માને લઈ જઈ શકે ખરા ? મૃત્યુ એ જ મોક્ષ છે જ્યાં તમામ સંબંધ પુરા થાય છે એ નશ્વર દેહ છોડીને આત્મા તો કયાંય અવિરત ગતિએ ચાલ્યો જાય છે.પૃથ્વીલોક પર બૌધ્ધિક જીવ તરીકે જીવતો માનવી કલ્પનાની દુનિયામાં સતત 'મોક્ષ' માટે ભટકતો રહે છે. ખરેખર આવા ભુવા બાવાઓમાં 'મોક્ષ' ગતિએ આત્માને લઈ જઈ શકે અને આ રીતે મોક્ષ મળી જતો હોય તો ધનાઢય લોકો ભુવા બાવાઓને પોતાના ત્યાં રાખીને 'મોક્ષ' ગતિ પામે. પૃથ્વીલોક પર જો ભુતપ્રેત થતા હશે તો આવા આત્મા 'કદાચ' થતા હશે તેવું મારૂં માનવું છે. મિત્રો મન ચંગા તો કથરોટ મેં ગંગા, મન હંમેશા શુદ્ધ રાખો. મોક્ષ માટે કયારેય પ્રયત્ન ન કરો. કુદરતી ઘટનાચક્ર પ્રમાણે જન્મ થાય પછી પૃથ્વીલોક પર જે સ્વરૂપ ધારણ કરીને આવ્યા હોય તે દેહનો વિકાસ વૃધ્ધિ થાય ને છેવટે ધીમે ધીમે તે ક્ષીણ થતું જાય. આત્મા એ દેહને છોડીને ચાલ્યો જાય પછી ની પ્રક્રિયાની ગડમથલમાં પાછળ માનવ તરીકે જન્મેલો જીવ રહે છે. બાકીના જીવોને કોઈ જ મોક્ષગતિ જેવું આપણે કે ગડમથલ છેડતી નથી. માનવી જન્મ્યા પછી વૃધ્ધિ કરે તેની સાથોસાથ સ્વાર્થ લાલસા લોભ, મોહ, મદ જેવી વિકૃતિઓના વિષચક્રમાં ફસાતો જાય છે .એટલે તે એમ ઈચ્છે છે કે હું આ વિષચક્રમાંથી છુટવા માટે જેટલી મથામણ કરે એટલું જ તે વધારે ફસાતું જાય છે ને છેવટે મૃત્યુ પામે છે. કરોળીયાની જાળમાં ફસાયેલ એ જીવડાને બારીકાઈથી નિરીક્ષણ કરજો. જીંદગીનો કંઈક બોધપાઠ શીખવા મળશે. દિલ્હીમાં ઘટેલી ઘટના ખરેખર વિહવળ કરે છે. માનવી કયાં ? સમાજમાં કેટલાય વ્યક્તિ, પરીવાર એવા છે કે જેમને કયાંય સહારો નથી એટલે ભીખ માગીને પણ પુરૂં કરે છે. કેટલાક ટીખળખોર ખોટી હવા ફેલાવીને આનંદ માણે છે પણ હમણાંથી બાળકો ઉઠાવનાર વ્યક્તિ ટોળીના નામે આવા ભિક્ષુકોને મોતને ઘાટ ઉતારવા કે ગંભીર ઘાયલ કરવાની ઘટના બની રહી છે જે ખરેખર દુઃખદ રૂપે વખોડી કાઢવા જેવી છે. આવો કોઈ શકમંદ વ્યક્તિ કદાચ દેખાય તો તેને માર્યા કરતાં તેને પકડીને બધી હકીકતથી વાકેફ થાઓ. આ પ્રક્રિયાથી બીજી ઘટના થતી રોકાશે ને આ કોનું ષડયંત્ર છે તેના સુધી પહોંચી શકાશે. બસ આજે આટલે જ ત્રણ ચિંતન કરાવે તેવી ઘટનાની વાતો કરી અસ્તુ..

યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯

શ્રધ્ધા અને સંસ્કાર...

અનુસંધાન ૫ નું ચાલુ

'પિતાજી, આપના મુખ ઉપર શા માટે ઉદાસીનતા દેખાય છે ? આપની ઉદાસીનતાથી મારી પ્રસન્નતા ગાયબ થઈ ગઈ છે.

'બેટા ! ઉદાસીનતાનું બીજું કોઈ વિશેષ કારણ નથી. આજે રાજ સભામાં એક પુરૂષ આવ્યો. તે હાથમાં પુષ્પ તથા ફળ લઈને રાજા પાસે ગયો. રાજાને પુષ્પ ફળ અર્પી, પ્રણામ કર્યા અને તેણે રાજાને વિનંતીના સ્વરમાં કહ્યું, મહારાજા ! હું સિદ્ધાવહ નામના ગામનો છું. મારા પિતાજી ધર્મદેવ પાપકર્મથી વિમુખ છે. વિષયોની આસક્તિ તેમનાથી દુર જ રહેતી. વ્યવહાર તેમનો ખુબ જ વિશુદ્ધ હતો. જ્યારે મારૂં જીવન તેમનાથી ખુબ જ વિપરીત હતું. બધા દુર્ગુણોએ પુરો હતો પિતાજીએ ઘણી વખત પ્રેમથી સમજાવ્યો પણ મારામાં કોઈ જ પરીવર્તન ન આવ્યું સમજુ પિતાજી આખરે મારી ખોટી ચિંતા છોડીને મને સમજાવવાના કષ્ટથી દુર રહેવા લાગ્યા. પિતાજીની ટકટક બંધ થતાં હું પણ ખુબ જ રાજી થઈ ગયો.

જેને સમજાવટ ટકટક સ્વરૂપે લાગતી હોય તે સમજણના ઘરમાં જલદી ન આવી શકે.

'પિતાજી, ખરેખર ધર્મદેવ જ હતા. જીવનના અંત સુધી તેઓ મારા કારણે દુઃખી ન બન્યા. હા તેમને રંજ જરૂર હતો એક દિવસ તેઓ માંદગીના બિછાને પડયા. શરીર વ્યાધિગ્રસ્ત બન્યું હતું. જ્યારે મન તો સમાધિથી સ્વસ્થ હતું. પિતાના દુઃખે દુઃખી થયેલો આખો પરિવાર ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યો હતો. હું પણ તેમાંથી બાકાત ન હતો. અંતે તો મારૂં હૈયું પણ પુત્રનું જ હતું. મારા ચતુર પિતા આ પળને પારખી ગયા. મને ઈશારાથી નજીક બોલાવ્યો ખુબ જ પ્રેમથી હાથ ઉઠાવીને તેમણે મારા માથા પર હાથ મુકયો અને કહ્યું, બેટા મારે તને બીજુંકોઈજ નથી કહેવું બસ એક નાનકડો સુવિચાર તું તારા હૃદયમાં સ્થાપે એવી મારી ભાવના છે.

પં.રાજપદ્મ વિજયજી

સૌરભ...

અનુસંધાન ૫ નું ચાલું

અનુભવ કરી શકે અનેક પ્રકારની મથામણ બાદ જ્યારે આશિયાનું તૈયાર થઈ જાય છો ત્યારે સુખ મળવાના બદલે કાંટા જાળા ઝાંખરાથી તૈયાર કરેલો આશિયાનો આપણને જ કાંટા ચુભવવામાં નિમિત્ત બને છો અને આખરે ઘણી મહેનત પછી તૈયાર કરેલો આમાળો આપણે જ તેને વેરવિખેર કરી દઈએ છીએ. દિલ ઉપર પથ્થર રાખીને દર્દને સહેતા સહેતા હજુ આગળ ,હજુ કોઇ નવી યુક્તિથી સુખને શાંતિ મળશે, એવા ભ્રમને પાળતાં રહીએ છીએ જે સંબંધોની સુવાળી પથારી ગુલાબની પત્તીઓ ની પથારી હોવા છતાં પણ કાંટાની જેમ દર્દ આપતી બની રહે છે. અને તેથી જ આપણી પથારી છોડવા તૈયાર થઈ જઈએ છીઓ પથ્થરો પર કે જમીન ઉપર સુવા તૈયાર થઈ જઈએ છીએ જીવનભરની ઘણી મહેનત બાદ તૈયાર કરેલી પથારી છોડવા મજબૂર થઈ જઈએ છીએ

બી.કે. નીતાબેન

મહેસાણા, પાટણ, રાધનપુર, સિદ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

ઉંઝા રેલવે લાઈન ક્રોસ કરતા ૧૨ રાહદારીઓને દંડ ફટકાર્યો

ઉંઝા

ઉંઝા રેલવે પોલીસે ગત શુક્રવારે કરેલા ચેકીંગ દરમ્યાન એક ડઝન રાહદારીઓની અટકાયત કરી દરેકને દંડ ફટકર્યો હતો. ઉંઝા નગરમાં હાઈવે ઉપર જવા માટે ફલ્કુ નાળામાં લોકોની અવર જવર માટે યોગ્ય ફુટપાથ નથી, જ્યારે બીજી તરફ રાહદારીઓ માટે ઓવર ફુટપાથ પણ નહિં હોવાથી રાહદારીઓને મજબૂરીથી રેલવે લાઈન ક્રોસ કરવી પડી રહી છે. ત્યારે ગત શુક્રવારે પોલીસે કાર્યવાહી કરતાં રાહદારીઓમાં દોડધામ મચી ગઈ હતી, પકડી પાડવામાં આવેલા દરેકને રૂા.૫૦ નો દંડ ફટકાર્યો હતો. આ દંડ રેલવે પાટા ક્રોસ કરવા સંદર્ભે લીધો હતો.

ધારણોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ઓરી રૂબેલા જન જાગૃતિ રેલી યોજાઈ

પાટણ

તા. ૦૪/૦૭/૨૦૧૮ પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર ધારણોજ ના સેજાના ગામોમાં અનાવાડા, વડલી, હનુમાનપુરા, દુધારામપુરા ,ખાનપુરડા,સુજનીપુર,ધારણોજ ગામોમાં ૧૬ જુલાઇ થી શરૂ થનાર મિઝલ્સ રૂબેલા રસીકરણ અભિયાન અંતર્ગત દરેક શાળાના બાળકો મારફતે ગામોમાં જન જાગૃતિ લાવવા અને અભિયાનને સફળ બનાવવા માટે રેલીઓ યોજવામાં આવી હતી. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ધારણોજના આરોગ્યના સ્ટાફ મેહુલ કતપરા, હિતેશ પરમાર, પ્રતિક પ્રજાપતી, સરોજબેન પરમાર, ભાર્ગવીબેન જોષી અને દરેક શાળાના શિક્ષકોએ સહયોગ આપ્યો હતો. આ રસી અપાવીશું ઓરી રૂબેલાને હરાવીશું ના નારા સાથે તમામ ગામ રેલી દરમિયાન ગુંજી ઉઠયા હતા તેમ મેડીકલ ઓફીસર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની એક અખબારી યાદીમાં જણાવ્યું છે. .

વિવિધ બજાર ભાવ

	ઊંઝા	ઈસ.	૧૦૫૦-૧૫૦૦
ઘઉં	૩૪૪-૩૭૦	સુવા	૧૦૩૧-૧૦૮૦
બાજરી	૨૫૩-૨૮૦	જીરૂ	૩૩૮૯
રાજગરો	૧૦૫૧-૧૧૯૮	તલ	૧૪૫૫
મગફળી	૭૦૦-૮૭૧	રાજગરો	૧૧૨૫-૧૧૭૩
જીરૂ	૩૩૦૦-૩૩૧૧	અજમો	૯૩૦-૧૬૬૧
ઈસ.	૧૩૫૦	ચણા	૬૦૧-૬૧૮
એરંડા	૮૨૫-૮૪૪	ચીકુડી	૧૩૩૫-૧૪૬૧
રાયડો	૭૧૪-૭૩૦	ર.બાજરી	૪૩૬-૪૭૬
	કલોલ		**થરા**
ઘઉં	૩૬૫-૩૭૭	જીરૂ	૨૮૬૦-૩૬૬૦
બાજરી	૨૩૦-૨૬૦	એરંડા	૮૩૦-૮૬૭
એરંડા	૮૨૧-૮૨૬	રાયડો	૭૧૦-૭૨૨
ગવાર	૭૫૦-૭૭૪	ઘઉં	૩૪૨-૩૭૦
જુવાર	૬૦૦-૬૬૦	બાજરી	૨૩૦-૨૭૦
ડાંગર	૩૧૫-૩૪૫	ગવાર	૭૦૮-૭૪૦
	ભીલડી	જુવાર	૫૭૫-૮૧૦
એરંડા	૮૨૫-૮૩૬	રજકો	૧૮૬૦-૨૫૦૦
રાયડો	૭૦૦-૭૧૧		**સિધ્ધપુર**
બાજરી	૨૪૧-૨૫૭	રાયડો	૬૪૧-૭૧૨
ઘઉં	૩૧૮-૩૪૦	એરંડા	૮૨૨-૮૪૭
ગવાર	૭૦૦-૭૫૮	મઠ	૭૦૩
જીરૂ	૩૦૦૦-૩૩૧૧	અડદ	૫૦૦-૭૫૨
જુવાર	૬૦૮	ગવાર	૭૩૦-૭૯૦
મગફળી	૮૮૦-૮૨૫	ઘઉં	૩૨૦-૪૧૫
	નેત્રાણા	જુવાર	૪૧૦-૧૦૦૦
ઘઉં	૨૮૭	બાજરી	૨૦૦-૨૬૫
બાજરી	૨૮૩-૨૭૫		**પાટણ**
સુવા	૧૧૩૦	જીરૂ	૨૮૦૦-૩૩૮૭
અજમો	૮૦૧	વરીયાળી	૧૩૦૦-૧૪૭૧
રજકા બા.	૩૭૨-૪૫૬	સુવા	૮૨૬-૧૦૬૪
વરી.	૧૩૦૦-૧૩૫૦	મેથી	૪૪૭-૫૯૫
નારમીરા	૮૦૦	રાયડો	૬૮૦-૭૪૮
એરંડા	૮૩૫-૮૫૦	એરંડા	૮૨૦-૮૬૦
રાયડો	૭૦૦-૭૪૧	ઘઉં	૩૫૨-૩૯૩
ગવાર	૭૧૫-૭૭૦	બાજરી	૨૦૦-૨૬૧
ચીકુડી	૧૨૮૮-૧૪૩૨	રજકા બા.	૪૯૩-૫૫૧
રજકો	૧૯૫૧-૨૨૦૦	ગવાર	૭૩૧-૭૮૦
ઈસ.	૧૩૫૬-૧૫૦૦	જુવાર	૪૪૪-૮૦૦
જીરૂ	૨૫૭૦-૩૫૨૦	રજકો	૧૫૦૦-૨૫૫૨
જવ	૨૮૦	ચીકુડી	૧૪૨૦-૧૪૪૮
	પાંથાવાડા	બંટી	૭૩૧-૭૮૦
ઘઉં -	૩૧૫/- ૩૨૧/-		**થરાદ**
બાજરી -	૨૩૧/- ૨૪૦/-	રાયડો	૭૨૦-૭૫૮
ગવાર -	૭૩૦/- ૭૩૫/-	એરંડા	૮૩૦-૮૫૧
જીરૂ	- ૩૨૯૬/- ૩૨૯૬/-	બાજરી	૨૫૦-૨૮૦
રાયડો -	૭૨૦/- ૭૨૦/-	ચિકુડી	૧૩૯૦-૧૫૧૧
એરંડા-	૮૩૭/- ૮૪૫/-	ગવાર	૭૨૦-૭૩૭
મગફળી -	૭૨૦/- ૮૬૧/-	મેથી	૫૦૦-૯૫૦
	વાનેરા	જીરુ	૨૫૦૦-૩૫૬૦
ઘઉં	૩૩૬-૩૪૬	અજમો	૧૧૦૦-૨૦૫૦
બાજરી	૨૫૭-૨૭૫	ઈસબગુલ	૧૨૦૦-૧૫૩૮
જવ	૪૯૫	રજકો	૧૯૫૦-૨૫૬૦
ગવાર	૭૧૫-૭૫૭		**રાહ**
રજકો	૧૫૦૦-૨૧૦૦	રાયડો	૭૨૦-૭૩૦
વરી.	૧૧૦૧-૧૪૩૫	એરંડા	૮૪૦-૮૫૦
મગફળી	૭૬૧	બાજરી	૨૫૦-૨૭૦
રાયડો	૬૮૦-૭૪૦	ચિકુડી	૧૩૦૦-૧૩૯૦
એરંડા	૮૧૦-૮૫૧	સોવા	૧૦૦૦-૧૦૪૦

વ્યાજખોરોનું વ્યાજ ન ચૂકવાતાં યુવકનો ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત

(જી.એન.એસ) મહેસાણા

વ્યાજખોરોનું ૨૦ ટકા લેખેનું વ્યાજ ન ચૂકવી શકનાર એક યુવાને મહેસાણા નજીકના શોભાસણ ફાટક પાસે ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત કરતાં અરેરાટીની લાગણી જન્મી છે.

મહેસાણા જિલ્લામાં આવેલા રામપુરા કુકસ ગામના વિકલાંગ યુવાન નાગરજી રવાજી ઠાકોરે ચાર મહિના અગાઉ આ જ ગામના હિંમતસિંહ ચૌધરી નામના શખસ પાસેથી ૨૦ ટકાના વ્યાજ લેખે રૂ. ૫૦ હજારની રકમ લીધી હતી. વ્યાજ સમયસર ન ભરી શકતા આ રકમનો આંકડો ૧૪ લાખ પર પહોંચ્યો હતો.

વ્યાજખોરો દ્વારા આ યુવાનને વારંવાર ધમકી મળતાં તે કંટાળી ગયો હતો. છેવટે કંટાળીને તેણે શોભાસણ રેલવે ફાટક પાસે ટ્રેન નીચે પડતું મૂકીને આત્મહત્યા કરી હતી. પોલીસને મળેલી સ્યુસાઈડ નોટના આધારે પાંચ શખસ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

અરવલ્લીની હાથમતી નદીમાં પુરની સ્થિતિ, ૧૦ ગામો સંપર્ક વિહોણા

(જી.એન.એસ) અરવલ્લી

અરવલ્લીમાં વરસાદી માહોલ જામ્યો છે ત્યારે ભિલોડાની હાથમતી નદીમાં પુરને લઈને ૧૦ ગામો સંપર્ક વિહોણા બન્યા છે. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ભિલોડાની હાથમતી નદીમાં પુરની સ્થિતિ જોવા મળી રહી છે. હાથમતી નદી ફરી એકવાર બે કાંઠે વહેતી થઈ છે. જેથી ભિલોડાના બોલુન્દ્રા, કામઠાડીયા સહિતના ૧૦ ગામોમાં સંપર્ક વિહોણા થયા છે. બંને ગામ વચ્ચેના કોઝ વે પરથી પાણી વહેવા લાગ્યુ છે. ગામના પશુપાલકો કામઠાદિયાથી બોલુન્દ્ર જઈને રોટીમાં દુધ ભરવાથી વંચિત રહ્યા છે. ગ્રામજનોએ નદી પર પુલ બનાવવાની માંગ શરૂ કરી છે. તો બીજી તરફ મોડાસામાં ધોધમાર વરસાદ વરસતા ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા. શામળાજી પંથકમાં પણ વરસાદ વરસ્યો હતો. શામળાજીમાં વરસાદને લઈને ખેતરો ભેટમાં ફેરવાયા હતા. જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી દેખાતુ હતુ. ખેતરોમાં ઠીંચણસમા પાણી ભરાઈ જતા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

હિંમતનગર-શામળાજી હાઈવે- પર અકસ્માત

ડ્રાઈવરને ઝોકું આવતા લકઝરી બસ પલટી, ૨૫ ઈજાગ્રસ્ત

(જી.એન.એસ) હિંમતનગર

સાબરકાંઠામાં રેલવે ઓવર બ્રિજ પરથી બસ નીચે ખાબકી છે. હિંમતનગર-શામળાજી હાઈ-વે પર બસ બાજુના રોડ પર પલટીને ખાબકતાં ૨૫થી વધુ લોકોને ઈજા પહોંચી છે.

આ બસ રાજસ્થાનથી અમદાવાદ આવી રહી હતી. તે સમયે આ અકસ્માત સર્જાયો છે. આ બસ અકસ્માતમાં ઘાયલ લોકોને સારવાર અર્થે હિંમતનગર ખસેડવામાં આવ્યા છે. રાજસ્થાનથી અમદાવાદ આવી રહેલી RJ 35 PA 0999 નેશનલ હાઈવે ૮ ઉપર ગાંભોઈ નજીક આવેલા સરવણા રેલવે ઓવર બ્રિઝ ઉપરથી લકઝરી બસ સવારે સાડાચાર વાગે ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતા નીચે ખાબકી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ લકઝરી બસમાં ૫૦ મુસાફરો સવારી કરી રહ્યાં હતાં.

જેમાથી ૪૦થી વધુ લોકોને નાની-મોટી ઈજા પહોંચી હતી. જેમાં ૭ મુસાફરોને ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત મુસાફરોને હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે. લકઝરી બસ પલટી મારી જતાં મુસાફરો અંદર ફસાય ગયા હતા જેને સ્થાનિક લોકોની મદદથી બહાર કાઢવામાં આવ્યાં હતા.

મુસાફરોને બહાર કાઢી સારવાર અર્થે ૧૦૮ દ્વારા સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. આ ઘટનાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે ટ્રાફિકને ખુલ્લો કરવા ક્રેન દ્વારા બસને ઉભી કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. પોલીસની પ્રાથમિક તપાસમાં ડ્રાઈવરને ઝોકુ આવી જતા અકસ્માત સર્જાયો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

ઊંઝા તાલુકા પંચાયતમાં બીજી ટર્મ માટે હોદેદારોની નિયુક્તિ

ઉંઝા

કોંગ્રેસ હસ્તકની ઉંઝા તાલુકા પંચાયતમાં બીજી ટર્મ માટે હોદેદારોની નિયુક્તિ થવા બાદ મહત્વની સમિતિઓને લઈને કોંગ્રેસના જ કેટલાક સભ્યોએ અપક્ષ અને ભાજપ સાથે મળીને સ્થાન જમાવતાં કોંગીનો આંતરિક જૂથવાદ બહાર આવ્યો છે.

ગત ચૂંટણીમાં ઉંઝા તાલુકા પંચાયતમાં કોંગ્રેસને બહુમતિ મળતાં સત્તા હાંસલ કરી હતી. તા.પં.માં પ્રથમવાર મહિલા પ્રમુખ સત્તાસ્થાને રહ્યા બાદ બીજી ટર્મ માટે ગત જૂનમાં પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણીમાં અંદર ખાનગી નારાનગી છતાં સમુ સુતરૂ પાર પડ્યું હતું પરંતુ તાલુકા પંચાયતની કારોબારી સમિતિઓ અને ન્યાય સમિતિની રચનામાં જૂથવાદે દેખા દેતાં તાલુકા પંચાયતના પૂર્વ મહિલા સંહિત કોંગ્રેસના પાંચ તાલુકા સદસ્યોએ અપક્ષ અને ભાજપ સાથે સહમતિથી સમિતિઓ આંચકી લેતાં કોંગીનો આંતરિક કલહ અને જૂથવાદ સપાટી પર આવ્યો છે. દરમિયાન બળવાખોરો સામે કોંગી મોવડી મંડળે કોઈ પગલાં ભર્યાનું જાણમાં આવ્યું નથી.

લોકજીભે ચર્ચાતી વાતો મુજબ કોંગ્રેસના બળવાખોરોએ સત્તા મેળવવાની લ્હાયમાં તેમજ પોતાના જૂથના સદસ્યોને સમિતિઓમાં સ્થાન મળે તે માટે આ ખેલ કર્યો છે. કહે છે કે, કેટલાક ચૂંટાયેલ પ્રજાના પ્રતિનિધિઓએ નૈતિક મૂલ્યો નેવે મૂક્યા છે. અને આવા પ્રતિનિધિઓને પક્ષીય વફાદારીની પણ કંઈ પડી નથી. તેઓએ કેવળ સત્તા, હોદા મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હોવાનું ચર્ચાય છે. હવે કોંગ્રેસનો આ અસંતોષ આગળ ક્યાં જઈ ને અટકશે ? તે જોવાનું રહ્યું.

પાટણમાં રોહિનગર વિસ્તારમાં પાણીની પાઈપમાં ભંગાણઃ પાણીનો વેડફાટ

પાટણ

પાટણના હિંમતનગર વિસ્તારમાં પીવાના પાણીની પાઈપ લાઈન લીકેજ થતાં હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. બીજી તરફ પાણી વહી જવાના કારણે સ્થાનિક રહીશોને પુરતા પ્રમાણમાં પાણી મળતું નથી.

શહેરના કોલેજ રોડથી પિતામ્બર તળાવ માર્ગ પર આવેલા જન્મભૂમિ સોસાયટીના નાકે છેલ્લા ઘણા સમયથી પાણીની મુખ્ય પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર પાણી વહીને રોહિત નગરમાં ભરાયું છે અને પાણીનો રેલો છેક રેલવે નાળા સુધી પહોંચ્યો છે. બીજી તરફ આ વિસ્તારમાં રહેતા ૫૦ જેટલા પરિવારોને પીવાનું પાણી ન મળતાં રહીશો હાલાકી ભોગવી રહ્યા છે. તેમજ જે પાણી આવે તે પણ ડહોળું આવી રહ્યું છે. જેથી પાણીજન્ય રોગોની સંભાવના જણાય છે. તેમજ રોહિતનગર વિસ્તારમાં ગંદુ પાણી ભરાઈ રહેતાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. આ વિસ્તારના રહીશ અને કોર્પોરેટર હંસાબેન ભોગીલાલ પરિવાર દ્વારા ચીફ ઓફિસરને આ બાબતની જાણ કરતાં વોટર વર્કસ શાખાના કર્મચારીઓ દ્વારા તપાસ ચલાવાઈ હતી પરંતુ કઈ જગ્યાએ લીકેજ થાય છે તે જાણવા મળ્યું ન હતું.

જેલમાંથી રજા ઉપર આવેલો યુવક સગીરાને ફરી ભગાડી ગયો

મહેસાણા

કડીના વેકરા ગામનો યુવક જેલમાંથી રજા ઉપર આવતા એક સગીરાને ફરી વાર લગ્ન કરવાના ઈરાદે ભગાડી જતા ચકચાર મચી છે.

આ બાબતે સગીરાના વાલીએ બાવલુ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

કડી તાલુકાના વેકરા ગમનો ઠાકોર શૈલેષજી ગાભાજી કેટલાક સમય અગાઉ તાલુકાના એક ગામના ખેડૂત પરિવારની ૧૬ વર્ષિય સગીર યુવતીને ભગાડી ગયો હતો આ કેસમાં શૈલેષજીની ધરપકડ કરવામાં આવી હતી અને તેને જેલ હવાલે કરવામાં આવ્યો હતો

દરમિયાન તાજેતરમાં ઠાકોર શૈલેષજી રજા ઉપર આવ્યો હતો અને ફરિયાદમા જ સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. જેથી સગીરાના વાલીએ નંદાસણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

મહેસાણામાં ગેસનો બાટલો ધડાકાભેર ફાટતાં મકાનની છતને નુકશાન

મહેસાણા

મહેસાણા શહેરની એક સોસાયટીના મકાનમાં સવારના સુમારે એકાએક રાંધણગેસનો બાટલો મોટા ધડાકા સાથે ફાટ્યો હતો જેના લીધે મકાનની છત અને દિવાલોમાં તિરાડો પડી ગઈ હતી જ્યારે રસોડાનો સરસામાન વેર વિખેર થઈ ગયેલ. આ ઘટનામાં ચા બનાવી રહેલ વૃધ્ધાને ઈજાઓ થઈ હતી, સદ્દન સીબે મોટી જાનહાનિ ન થતાં પરિવારે હાશકારો અનુભવ્યો હતો.

જાણવા મુજબ મહેસાણાના વિસનગર રોડ પર આવેલ જીઈબી પાસેની રામકૃષ્ણ સોસાયટીમાં ઈશ્વરભાઈ મોદીનું પરિવાર રહે છે, ત્યારે ગત શનિવારે સવારે પોતાના નિત્યક્રમ મુજબ શકીરીબેન ઉર્ફે સુશીલાબેન ઈશ્વરભાઈ મોદી રસોડામાં ચા બનાવવા માટે ગયા હતા જો કે રાંધણ ગેસનો બાટલો પુરો થઈ જતાં તેમણે ગેસનો બાટલો બદલ્યો હતો ત્યારબાદ ચા બનાવવાનું શરૂ કરતાં એકાએક બેટલો સળગી ઉઠયો હતો અને અચાનક બાટલો ફાટતાં મકાનની છત અને દિવાલોને તિરાડ પડી ગઈ હતી અને રસોડાનો તમામ સામાન વેર વિખેર થઈ જતાં પરિવારના સભ્યોમાં ભય પ્રસરી ગયો હતો.

આ બનાવમાં સુશીલા બેનને ઈજાઓ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ વાનમાં મહેસાણાની સિવીલમાં ખસેડયા આ ઘટનાની જાણ થતાં પાલિકા પ્રમુખ ઘનશ્યામભાઈ સોલંકી અને ફાયર ફાયટર સ્ટાફ ઘટના સ્થળના મકાને દોડી આવેલ.

રાધણ ગેસના બાટલાનો ધડાકો એવો જબરજસ્ત હતો કે આસપાસના રહીશો પણ ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા. કોઈ જાનહાની થઈ ન હતી.

સાબરડેરી સામે ભાવ વધારાના મુદ્દે પશુપાલકોએ ચીમકી આપી : ચેરમેનના પુતળાનું દહન

(જી.એન.એસ) હિંમતનગર

સાબરકાંઠા જીલ્લા અને અરવલ્લી જિલ્લાની ૨૦૦૦થી વધારે દૂધ મંડળીમાં ૧૪ લાખથી વધારે પશુપાલકો જોડાયેલા છે. ત્યારે દૂધના ભાવ વધારવા મુદ્દે પશુપાલકો ઉગ્ર આંદોલનના મુડમાં છે. જેમાં ગાંધીચિંધ્યા માર્ગે ગામે ગામે વિરોધ પ્રદશન શરૂ થયુ છે. જેમાં ખેડબ્રહ્માના ૩૦૦૦ હજારથી વધારે પશુપાલકો દ્વારા દૂધના ભાવ વાધારના વિરોધમાં વિશાળ સભાયોજવામાં આવી હતી. જેમાં સાબરડેરી ચેરમેનના પુતળાનું દહન કરાયું હતુ. આ બાબતે સાબરડેરી કસ્ટડીયન કમિટીના પ્રમુખે ૨૦ જેટલા અગ્રણીઓને સાથે રાખી દ.૫ઃના ભાવ વધારાની જાહેરાત કરી હતી. આ વધારો પશુપાલક સમિતી અને ખેડૂતોએ ફગાવ્યો છે.

છેલ્લા ૫ વર્ષથી વાર્ષિક ૧૦થી ૧૨ઃના ધોરણે વધારો આપવામાં આવતો હતો. જોકે આ વખતે સાબરડેરીએ માત્ર દ.૫ઃ ભાવ વધારો જાહેર કરતા પશુપાલકોમા રોષ વ્યાપો છે. સૌથી મહત્વની બાબત એ છે કે દિનપ્રતિદિન પશુપાલકો એક થઈ તાલુકા તેમજ જિલ્લામાં સંલગ્ન અધિકારીઓને આવેદન પત્ર આપી રહ્યાં છે.

જો આગામી દિવસોમાં દૂધનો ભાવ વધારો નહિ આપવામાં આવે તો હજુ આનાથી પણ ઉગ્ર આંદોલનો કરવામાં આવશે તેમ પશુપાલકો દ્વારા ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. સાબરડેરીના સત્તાધીશો સાથે કિસાન સંઘની પણ મિલીભગતના આક્ષેપ પશુપાલકો કરી રહ્યાં છે. તેમજ ૨૦% વધારો ન આપે તો હિંમતનગરમાં સાબરડેરી ખાતે ઉપવાસની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

લોર્ડ કિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ ખાતે 'વોઈસ ઓફ કિષ્ના' કોમ્પીટીશનનો પ્રારંભ

પાટણ

દિનાંક ૭ જુલાઈ રોજ લોર્ડ કિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ ખાતે 'વોઈસ ઓફ કિષ્ના' સ્પર્ધાના પ્રારંભ થયો. આ સ્પર્ધાં યોજવા પાછળનો હેતુ શાળામાંથી સંગીત ક્ષેત્રે પ્રતિભા સંપન્ન બાળકોને બહાર લાવવાનો છે. તેમાં ધોરણ ૧ થી ૧૨નાં કુલ ૨૪૮ વિદ્યાર્થીઓએ ઓડીશન આપ્યાં. તેમાં સિલેકટ થયેલા વિદ્યાર્થીઓ હવે બીજા રાઉન્ડમાં જશે. આ સ્પર્ધાં કુલ ચાર રાઉન્ડ સુધી ચાલશે. ચોથા રાઉન્ડના અંતે ફાઈનલ વિજેતા નક્કી થશે. આજ રોજ શાળામાં નવાં મ્યુઝીકલ હોલનું પણ ઉદઘાટન કરવામાં આવ્યું. આપણાં વિસ્તારમાં સંગીતક્ષેત્રે ખૂબ નામનાં પરાવતાં અવનીબેન, રાજભાઈ મહારાજા તથા સ્રુતિબેન ત્રિવેદીનાં શુભ હસ્તે કરાયું. આ પ્રસંગે શાળાનાં મેનેજીંગ ડીરેક્ટર અમિતભાઈ પટેલ, પ્રમુખ દિનાબેન, ડીરેક્ટર કે.પી.પટેલ, એલ.કે. પટેલ તથા ડી.એન.પટેલ ઉપસ્થિત રહ્યાં શાળાના બન્ને વિભાગનાં પ્રિન્સીપાલ કિશોરભાઈ રામી અને જગદીશભાઈ પંચાલ આ પ્રસંગે ઉપસ્થિત રહી બાળકનો ઉત્સાહ વધાર્યો.

આ સમગ્ર સ્પર્ધાને શાળાનાં બંને સંગીત શિક્ષક નિરવભાઈ ગાંધી, નીલભાઈ રાવલ તથા ડાન્સ ટીચર્સ નીરાબેન પરીખ, ચિરાગભાઈ પાલકર અને કુલદિપ સોમપુરાએ સુઆયોજિત કરી હતી.

પાટણ તાલુકાના માધ્યમિક શાળાના પ્રિન્સીપાલ અને નોડલ ટીચર્સનો એમ.આર. કેમ્પેઇન અંતર્ગત વર્કશોપ યોજાયો

પાટણ

તા-૦૪-૦૭-૨૦૧૮ ના રોજ તાલુકા હેલ્થ કચેરી,પાટણ ખાતે પાટણ તાલુકાના માધ્યમિક શાળાના પ્રિન્સીપાલશ્રી અને નોડલ ટીચર્સનો એમ.આર. કેમ્પેઇન અંતર્ગત વર્કશોપ રાખવામાં આવેલ હતો. જેમા ડો. અક્ષય કે. પ્રજાપતિ, તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા મીઝલ્સ અને રૂબેલા રોગ વિશે સમજણ આપવામાં આવી હતી અને મીઝલ્સઅને રૂબેલાની રસી લેવાના ફાયદા જણાવ્યા હતા. વધુમાં મીઝલ્સ અને રૂબેલા કેમ્પેઇન અંતર્ગત શાળાના પ્રિન્સીપાલશ્રીઓને અપીલ કરવામાં આવી કે તમે તમારી શાળામાં વાલી મિટીંગ કરી દરેક વાલીઓને સમજાવવા કે ૯ મહીનાથી ૧૫ વર્ષ સુધીનું એક પણ બાળક મીઝલ્સઅને રૂબેલાની રસી લીધા સીવાય રહી ન જાય. વધુમાં એમ.આર. કેમ્પેઇન અંતર્ગત પ્રિન્સીપાલશ્રી અને નોડલ ટીચર્સનો શું રોલ હોય છે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડો. હાર્દીક પટેલ અને ડો. મીનેષ જોષી દ્વારા પ્રેઝન્ટેશન કરી મીઝલ્સ અને રૂબેલા કેમ્પેઇન અંતર્ગત જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં દિનેશ પટેલ તા.હે.સુ., ખેવન પરમાર તાલુકા પ્રોગ્રામ આસીસ્ટન્ટ અને ભુમીબેન દવે ફાઇનાન્સ આસીસ્ટન્ટ હાજર રહયા હતા.

ડીસાના ધારાસભ્ય દ્વારા દાદર-બીકાનેર ટ્રેનને ડીસામાં સ્ટોપેજ આપવા રજૂઆત

ડીસા

ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ રેલ મંત્રીને રજૂઆતમાં જણાવેલ છે કે, સમગ્ર ઉત્તર ગુજરાતમાં ઉંઝા પછી બીજા નંબરનું મોટું માર્કેટયાર્ડ ધરાવતું ડીસા શહેર માર્કેટીંગ યાર્ડ અને શાકભાજી માર્કેટ દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવે છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં અંગ્રેજ સરકારના સમયે "એરપોર્ટ" માત્ર ડીસા શહેરમાં છે. (હાલ બંધ છે.) ડીસા સાથે રાજસ્થાન નજીકના બાડમેર જાલોર સિરોહી જિલ્લાના વહેપારી સતત આવા ગમન વહેપારી કામ માટે ચાલુ છે તો શહેરમાં ૧૦૦ થી અધિક ખાનગી હોસ્પિટલો સરકારી હોસ્પિટલ અને ટ્રસ્ટ સંચાલતી હોસ્પિટલના લીધે ડીસા આરોગ્ય ક્ષેત્રે પણ અગ્રણી શહેર છે તાજેતરમાં ભારત સરકારે ડીસા નજીક વાયુસેના માટે મોટુ એરપોર્ટ મંજુર કરેલ છે. ડીસા નજીક દાંતીવાડા મધ્યે બોર્ડર

સિકયુરીટી ફોર્સ બી.એસ.એફ.નું મથક આવેલ છે. તો પાકીસ્તાનની આંતર રાષ્ટ્રીય સરહદનું સૌથી મોટુ શહેર ડીસા છે તેમ છતાં રેલ સેવા માટે ડીસા વાસીઓએ પાલનપુર અમદાવદ સુધી જવુ પડે છે. ડીસાથી પસાર થતી દાદર બિકાનેર, બિકાનેર દાદર ટ્રેન નં.૧૨૪૮૯-૧૨૪૦૦ ડીસા સ્ટોપેજ માટે ડીસા-ભીલડી ૨૩ કી.મી. અને ડીસા પાલનપુર ૨૮ કી.મી. છે. નજીક હોવાથી સ્ટોપેજ ન મળે તેવા જવાબો અનુસંધાન પાના નં.૬

પટોસણમાં પરણિતા પાસે રૂપિયા ૧૫ લાખના દહેજની માંગનો આક્ષેપ

ઘરમાંથી હાંકી કાઢનારા સાસરી પક્ષના પાંચ સભ્યો સામે ફરિયાદ

પાલનપુર

પાલનપુર તાલુકાના પટોસણ ગામ ની એક પરિણિતા પાસે રૂપિયા ૧૫ લાખના દહેજની માંગ કરી તેણીને ઘરમાંથી હાંકી કાઢવામાં આવી હતી. આ અંગે તેણીએ પાલનપુર મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તેના સાસરીપક્ષના પાંચ સભ્યો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર તાલુકાના પીપળી ગામના કિર્તીભારથી રામભારથી બાવાની પુત્રી દેવીકાબેનના લગ્ન પટોસણ ગામે કરાયા હતા. જોકે, તેની સાસરી પક્ષના કનૈયાગીરી હસમુખગીરી ગોસ્વામી, હસ મુખગીરી શંકરગીરી ગોસ્વામી, અનુસંધાન પાના નં.૬

પાલનપુરમાં ખાનગી કંપનીએ કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવ્યું હોવાની રાવ

પાલનપુર

પાલનપુરમાં કલ્પતરૂ નામની કંપનીએ કરોડોનું ફુલેકુ ફેરવી કંપની ના સંચાલકો ફરાર થઈ જતા રોકાણકારોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. અને હવે મામલો એસ.પી. કચેરીએ પહોંચ્યો હોવાના વાવડ મળ્યા છે.

છેલ્લા કેટલાય વર્ષોથી પાલનપુર શહેરમાં ગોબરી રોડ પર આવેલ કલ્પતરૂ નામની મથુરાની કંપનીએ જુદી જુદી સ્કીમની લાલચ આપી ગ્રાહકોને જમીનના પ્લોટ આપવાના બદલે રોકાણકારો પાસેથી કરોડો રૂપિયા લીધા હોવાના આરોપ સંચાલકો સામે થઈ રહ્યા છે.

આ કંપનીએ ૪૦૦ થી વધુ એજન્ટ બનાવી ૧૦૦૦ થી વધુ ગ્રાહકો પાસેથી ૨૫ કરોડથી વધુ રકમ લઈને છુમંતર થઈ ગયા હોવાની બૂમરાણ વચ્ચે હવે ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળા મારવા નીકળેલા રોકણકારો અને એજન્ટોએ કલ્પતરૂ કંપની સામે ફોજદારી ગુનો દાખલ કરવા માટે જિલ્લા પોલીસવડા ને લેખિતમાં રજુઆત કરી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પાલનપુરમાં ઉછીના લીધેલા સાડા ચાર લાખ રૂપિયા પરત ન આપતાં ફરિયાદ

પાલનપુર

પાલનપુરના એક વકીલે બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની ચૂંટણી વખતે બે સાથી મિત્રોના કહેવાથી ઉમેદવારને ઉછીના રૂપિયા ૪.૫૦ લાખ આપ્યા હતા. આ અંગે સ્ટેમ્પ પેપર ઉપર લખાણ પણ કરવામાં આવ્યુ હતુ. જોકે, વાયદા પ્રમાણે નાણાં પરત ન આપતાં વકીલે ત્રણેયની સામે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પાલનપુરમાં શહેરમાં વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા ઈદીશખાન અસરફખાન પઠાણે પોતાના મિત્રો પાસેથી ઉછીના લઈ બાર કાઉન્સિલર ઓફ ગુજરાતની ચૂંટણી વખતે પાલનપુરના સંગ્રામસિંહ ભાથીજી ઘુંખને વિનોદસિંહ ભાથીજી ઘુંખ અને પ્રવિણચંદ્ર જેઠાલાલ પરમારના કહેવાથી રૂપિયા ૪.૫૦ લાખ ઉછીના આપ્યા હતા. આ અંગે સ્ટેમ્પ પેપર ઉપર લખાણ પણ કરવામાં આવ્યુ હતુ. જોકે, વાયદા પ્રમાણે નાણાં પરત આપ્યા ન હતા. આ અંગે ઈદ્રીશખાને પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે ગુનો નોંધી પીએસઆઈ પી. જી. રાજપૂત વધુ તપાસ ચલાવી રહ્યા છે.

વાવ શહેરમાં પાણી પુરવઠો સતત બે દિવસથી બંધ

વિષ્ણુ પરમાર

ભીષણ ગરમીમાં જન - જીવન આકુળ - વ્યાકુળ

તાલુકા પ્રતિનિધિ વાવ

પંદર હજારની જનસંખ્યા ધરાવતા વાવ શહેરને તા.૮ અને ૯ જુલાઈ એમ બે દિવસ પાણીનો જથ્થો ન મળતા શહેરીજનોને ભારે હાલાકી વેઠવી પડી છે. સતત બે દિવસ સુધી પાણીનો જથ્થો ન મળતાં લોકોમાં ભારે દોડધામ મચી જવા પામી છે. જો કે એક તરફ કેનાલોમાં પાણી નથી બીજી તરફ વરસાદ વિલંબે પડતા સરહદી વાવ પંથકમાં પાણીની ભારે અછત વર્તાઈ રહી છે. સતત બે દિવસથી વાવ શહેરની જનતાને પાણી ન મળતા જનતા અને પશુધન ગરમીમાં આકુળ-વ્યાકુળ થઈ ઉઠ્યું છે. હજુ લોકોને લાંબા સમય સુધી પાણી નહી મળે તેવી અફવા ફેલાતા ગ્રામજનો ચિંતીત થઈ ગયા છે. સત્વરે યુદ્ધના ધોરણે વાવ શહેર અને તાલુકાની જનતાને પાણી પુરૂ પાડવા ઉચ્ચ સ્તરે રજુઆત કરી છે.

વડગામ તાલુકાના ઘોડીયાઘરના કર્મચારીઓ દ્વારા મામલતદારને આવેદનપત્ર

પુષ્કર ગોસ્વામી

કર્મચારીઓ પોણા બે વર્ષથી પગારથી વંચિત

તા.પ્રતિ. વડગામ

આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કુંઢુંબ બાળ કલ્યાણ યોજનાના ભાગ રૂપે છેલ્લા ૨૬ વર્ષથી કાર્યરત વડગામ તાલુકાના વડગામ મગરવાડા મહેંદીપુરા અને સિસરાણાના ચાર ઘોડીયાઘર (બાલમંદિર)ને તા.૧/૧/૧૭ થી તા. ૩૦/૬/૨૦૧૮ સુધી પગાર તથા ગ્રાન્ટ નહીં ફાળવતાં ઉપરોક્ત સ્થળોએ ફરજ બજાવતા આઠ મહીલા કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાયા છે પોણા બે વર્ષથી સરકારની એકપણ પાઈ લીધા વગર તેઓ નિષ્ઠાથી ફરજ બજાવે છે છતાં પગાર કેમ નથી ચૂકવાતો ? વગેરે બાબતો તાલુકામાં ચર્ચાનો વિષય બની છે તેને સામે આઈસીડીએસ વિભાગ દ્વારા વડગામના તાલુકામાં કેટલાક સ્થળોએ આંગણવાડી કેન્દ્રો કાગળ ઉપર ચાલે છે છતાં અનુસંધાન પાના નં.૬

ડીસા હાઇવે પરથી દારૂ ભરેલી યૈભવી ગાડી સાથે ત્રણ શખ્સો ઝડપાયા

ડીસા

બનાસકાંઠાની એલસીબી પોલીસે ડીસા હાઈવે પરથી વિદેશી દારૂ ભરેલ ટોયોટા કોરોલા ગાડી સાથે બે શખ્સોને ઝડપી લેતા ડીસા ઉત્તર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાતના ડી.જી.પી. ના આદેશાનુસાર બનાસકાંઠા ના પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજરે જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિને નેસ્ત નાબૂદ કરવા કડક અમલવારીની સૂચના આપતા એલસીબી પોલીસના ઈન્ચાર્જ પી.આઈ. જે.એચ.સિંધવના માર્ગદર્શન મુજબ એલસીબીના પ્રોબેશન અનુસંધાન પાના નં.૬

ભાડલી (જાત) ગામે સાપે દંશ દેતાં યુવકનું મોત

પ્રતિનિધિ દાંતીવાડા

દાંતીવાડા તાલુકાના ભાડલી(જાત) ગામની સીમની ખેતરમાં પ્રવિણભાઈ કાળાજી રાઠોડને રાત્રિના સમયે ઝેરી જીવજંતુ કે સાપે દંશ દેતાં તેઓ એકદમ બુમાબુમ કરતાં તેમને પ્રાઈવેટ સાધન દ્વારા પાંથાવાડા સરકારી દવાખાને લાવતા સારવાર દરમ્યાન તબીયત વધુ લથડતા ૧૦૮ મારફત પાલનપુર ખાતે ખસેડવામાં આવેલ પરંતુ વધુ સારવાર મળે તે પહેલા જ રસ્તામાં મૃત્યુ થતા ગામમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

શેરગઢ ફીડરના ગામોમાં પ્રિ-મોન્સુન પ્લાનનો ફિયાસ્કો

ગાડી - ગાંખરાના કારણે અંધારપટ સર્જાતા ગ્રામજનોને હાલાકી

પ્રતિનિધિ ભીલડી

ઉત્તર ગુજરાત વીજ કંપનીના ભીલડી કાર્યક્ષેત્રના શેરગઢ જ્યોતિ ગ્રામ યોજનામાં શેરગઢ, પેપણુ, નવા નેસડા, જુના નેસડા, વડવાડા, સોયલા તેમજ નાની ઘરનાળ મોટી ઘરનાળ ગામોને જ્યોતિગ્રામ યોજનાના શેરગઢ ફીડર સાથે જોડાયેલ છે.

સરકારની આ યોજના મુજબ ગામડાના લોકોને ધંધો તેમજ રોજગારીની ઉત્તમ તકો મળે તેમજ ગામડાને પુરતી તકો મળતી રહે તે હેતુથી સરકાર દ્વારા ૨૪ કલાક વીજ પુરવઠો મળી રહે તે માટે જ્યોતિગ્રામ યોજના અંતર્ગત ફીડરોમાં પુરતી સગવડો આપવામાં આવતી હોવા છતાં શેરગઢ અનુસંધાન પાના નં.૬

થરાદમાં પાણીની ભારે બુમરાણ : ટેન્કરો આવતાં જ પાણી ભરવા પડાપડી

(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

નર્મદાની ચાલી રહેલી બાંધકામની કામગીરી વચ્ચે પણ લીકેજ થતાં મુખ્ય નહેરમાં ત્રણ અઠવાડિયાથી પાણી આપવાનું બંધ કરવામાં આવ્યું હતું.આથી કેનાલમાં સંગ્રહી રાખેલો પાણી પુરવઠો પણ ખલાસ થઈ જતાં થરાદ નગરમાં બુમરાણ ઉઠવા પામી હતી.આથી પાલિકા દ્વારા ટેન્કરો ભાડે લઈને તેની મદદથી નગરના વિવિધ વોર્ડમાં પાણી આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.તેમાં પણ પાલિકાના પાણીપુરવઠા સમિતીના ચેરમેને પોતાના ઘેર ટેન્કર ખાલી કરાવતાં રદીશોમાં ગણગણાટ ઉઠવા પામ્યો હતો.જોકે ચેરમેને પૈસા આપીને પાણી લાવ્યાનું જણાવ્યું હતું.નગરના અનેક લોકોએ પણ પોતાના વાહનોમાં ટાંકીઓ ગોઠવીને પાણી ભરી લાવવું પડ્યું હતું. બીજી બાજુ મોડીરાત્રી સુધી ટેન્કર થકી પાણી આપવામાં આવતાં પાણી માટે ભારે દોડધામ મચતી જોવા મળતી હતી.ટેન્કરમાંથી પાણી ભરવા માટે મહિલાઓ વચ્ચે ઝઘડાઓ દેગડાં વચ્ચેના ટકરાવથી થતો થતો જોવા મળ્યો હતો.શેરીમાં ટેન્કર આવ્યાની જાણ થતાં પરિવારનાં અનુસંધાન પાના નં.૬

રાધાનેસડા વી.ઈ.સી.ની નિમણુંકના મુદ્દે ગ્રામજનો દ્વારા ટી.ડી.ઓને રજુઆત

આખરે બંને ઉમેદવારોના નિમણુંક ઓર્ડર રદ

તાલુકા પ્રતિનિધિ વાવ

વિષ્ણુ પરમાર

વાવ તાલુકાની રાધાનેસડા ગ્રામ પંચાયત માં વી.ઈ.સી. કોમ્પ્યુટર સહાયકની નિમ ણુંક બાબતે બે અરજ દારોને એકી સાથે નિમણુંક ઓર્ડર અપાયા હતા અને સ્થાનિક રાધાનેસડા ગામના અરજદારની બાદબાકી કરાતા ગત તા. ૯/૭/૨૦૧૮ ના રોજ રાધાનેસડા ગામના પૂર્વ સરપંચ કોળી દેવજીભાઈ વજાભાઈએ રાધાનેસડા ગામના ૫૦ લોકોની સહીઓ વાળી લેખિત અરજી ટી.ડી.ઓને આપી સાચા અને સ્થાનિક વી.ઈ.સી.ની નિમણુંક બાબતે રજુઆત કરી હતી. જે બાબતે દેવજીભાઈ (પૂર્વ સરપંચ) એ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે રાધાનેસડા પંચાયતમાં વી.ઈ.સી.ની નિમણુંક મુદ્દે રાધાનેસડા ગામના સ્થાનિક ઉમેદવાર ધેંગાભાઈ અનુસંધાન પાના નં.૬

બનાસકાંઠામાં ચોમાસુ સિઝન ફરી નિષ્ફળ જવાનો ખતરો

જગતનો તાત ચિંતામાં ગરકાવ

ડીસા

બનાસકાંઠા જિલ્લો વિષમ હવામાનની પરિસ્થિતિ ધરાવે છે જેથી વરસાદ અનિયમિત પડે છે તેથી પાણીની મુખ્ય સમસ્યા છે જેના કારણે અંતરિયાળ ગામોના ખેડૂતો મોટા ભાગે આકાશી ખેતી ઉપર નિર્ભર રહે છે જેથી ચોમાસુ સિઝન ખેડૂતો માટે મહત્વપૂર્ણ ગણાય છે તેને લઈ ચોમાસામાં મગફળી, ડ્યાસ, મકાઈ, શાકભાજી અને કઠોળ પાકોનું ૫ થી ૫.૫૦ લાખ હેક્ટર જમીનમાં વાવેતર થાય છે. પરંતુ ગત વર્ષે અતિ ભારે વરસાદ થતા ચોમાસુ સિઝન ધોવાઈ ગઈ હતી. જ્યારે આ વર્ષે હજુ સુધી વાવણી લાયક વરસાદ થયો નથી. તેથી માત્રે ૧,૦૭,૦૦૦ હેક્ટર જમીનમાં વાવેતર થઈ શક્યું છે. હાલમાં વાવેતરનો મહત્વપૂર્ણ સમય વિતિ રહ્યો છે. તેમ છતાં વરસાદના ક્યાંય અણસાર વર્તાતા નથી. જો હવે દશ દિવસ સુધી વરસાદના થાય તો થયેલ વાવેતર બળી જવા સાથે આખી સિઝન ફરી નિષ્ફળ જાય તેવી શક્યતા છે. જેના કારણે જગતના તાત ગણાતા ખેડૂતો ચિંતામાં ગરકાવ બની ગયા છે.

થરાદના પાવડાસણની પરિણીતા પર દુષ્કર્મ

વિષ્ણુ પરમાર

(પ્રતિ.) થરાદ

દિયોદરના રાંટીલા ગામમાં પરણાવેલી થરાદ તાલુકાના પાવડાસણ ગામની યુવતીનો ફોન નંબર મેળવીને તેની સાથે સંબંધ કેળવી તેણીને સીમ કાર્ડ પણ આપ્યું હતું. જોકે ફોનમાં તે ખરાબ વાતો કરતો હોઈ તેણીએ ના પાડતાં યુવકે તેને કાર્ડ પાછું, આપી દેવા ધાનેરા બોલાવી હતી.આથી તેણી ધાનેરા જતાં ત્યાંથી ડીસા બોલાવી તેણીના માતાપિતાને મારવાની ધમકી આપી તેની સાથે ભગાડી લઈ જઈ અમદાવાદ, વિરપુર, સોમનાથ, માતાના મઢ અને નારાયણસરોવર લઈ ગયો હતો અને તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યું હતું.તેમજ તેણીનો મોબાઈલ ફોન અને કડલાં પણ વેચી દીધાં હતાં. જોકે રાત્રે અન્નશૌચમાં રોકાતાં ત્યાંની પોલીસે પુછપરછ કરી રાજીખુશીથી આવ્યાનું જણાવ્યું હતું.

પરંતુ પોલીસને શંકા જતાં પોલીસ સ્ટેશનમાં લઈ જઈ તેણીના માતાપિતાને વાત કરતાં પર્દાફાશ થવા પામ્યો હતો.આથી તેમના પરિવાર સાથે બંનેને થરાદ પોલીસને સોંપાતાં પરિણીતાની ફરીયાદના આધારે પોલીસે યુવક સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. બીજી બાજુ યુવકે પોલીસ અનુસંધાન પાના નં.૬

ડીસા શહેર તાલુકા કોંગ્રેસની બેઠક મળી

શક્તિ પ્રોજેક્ટનું વધુમાં વધુ રજીસ્ટ્રેશન કરવા આહ્વાન

ડીસા

ડીસા જી.પં. રેસ્ટ હાઉસ ખાતે ડીસા શહેર / તાલુકા કોંગ્રેસ સમિતિની બેઠક ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને મળેલ તેમાં અખિલ ભા.રા.કો. ના અધ્યક્ષ રાહુલ ગાંધીજીએ શક્તિ પ્રોજેક્ટના રજીસ્ટ્રેશન માટે આહ્વાન કર્યુ છે. તેનો આજની સભાએ સ્વીકાર કરી બહોળી સંખ્યામાં શક્તિ પ્રોજેક્ટનું રજીસ્ટ્રેશન થાય તે માટે સઘન વ્યવસ્થા તંત્રની ગોઠવણ કરી બીજુ આગામી ૨૦૧૯ માં લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો ઝળહળતો વિજય થાય તે માટે

સંગઠન મજબુત બનાવવું અને દરેક કોંગ્રેસ કાર્યકર ભાઈ - બહેન આજથીજ કામે લાગી જવા આહ્વાન કરવામાં આવ્યું. ડીસા શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખે દર સોમવારે જી.પં.રેસ્ટ હાઉસ ખાતે સંગઠનની બેઠક સવારે ૧૧-૦૦ કલાકે મળશે તેવી જાહેરાત કરેલ જેથી ડીસા તાલુકાના તમામ કાર્યકર ભાઈ બહેનોને ઉપસ્થિત રહેવા આહ્વાન કરેલ આજની આ મીટીંગમા ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, ડીસા તાલુકા કોંગ્રેસના પ્રમુખ પી.વી.રાજગોર, ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ અનુસંધાન પાના નં.૬

રાધનપુર તાલુકા પંચાયતની સાધારણ સભામાં હંગામો : બેઠક મુલતવી રહ્યા બાદ ફરીથી મળી

કોંગ્રેસના સદસ્યો ભાજપમાં ભળી ગયા

રાધનપુર

રાધનપુર તાલુકા પંચાયતની કારોબારી અને સામાજિક ન્યાય સમિતિઓની રચના માટે સાધારણ સભા સોમવારે બપોરે બાર વાગે મળી હતી,તાલુકા પંચાયતના પ્રમુખ લવજીભાઈ ઠાકોરના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં હંગામો થતા અધ્યક્ષે બેઠક મુલતવી રાખી હતી. કમિટીઓની રચનામાં ૧૧ વિરુદ્ધ ૬ સદસ્યો થતા હંગામો થવા પામ્યો હતો,અને બેઠક મુલતવી રાખવામાં આવી હતી. ત્યારબાદ ૧૧ સદસ્યોએ ફરીથી બપોરે બે વાગે તાલુકા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં અને તુલસીભાઈ ઠાકોરની અધ્યક્ષતામાં બેઠક બોલાવીને સભાના એજન્ડા

કમલ ચકવર્તી

મુજબની કામગીરી કરી હતી. મળતી માહિતી મૂજબ કોંગ્રેસના ૬ સદસ્યો ભાજપમાં જોડાઈ ગયા હોવાથી તાલુકા પંચાયતમાં ભાજપના ૧૨ સદસ્યો થઈ જતા બહુમતી થવા પામી છે.

તાલુકા પંચાયતમાં ૧૮ માંથી કોંગ્રેસના ૧૨ અને ભાજપના ૬ સદસ્યો ચૂંટાયા હતા. પરંતુ કોંગ્રેસ પાસે સ્પષ્ટ બહુમતી હોવા છતાંય શરૂઆતથી જ વિવાદ રહેવા પામ્યો હતો અને કોંગ્રેસના જ સદસ્યો આમને-સામને આવી જતા સમગ્ર મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો.અઢી વર્ષ પુરા થતા ધારાસભ્ય અલ્પેશ ઠાકોરના માર્ગદર્શન હેઠળ કોંગ્રેસના પ્રમુખ-ઉપપ્રમુખ ચૂંટાઈ આવ્યા હતા,પરંતુ હજુ એક મહિનો પણ પૂરો થયો નથી ત્યાં ફરીથી કોંગ્રેસના આંતરીક વિખવાદને કારણે સત્તા ગુમાવવાનો વારો આવે અનુસંધાન પાના નં.૬